

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૪, મે - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-





વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વિવિધ ગામોમાં નૂતન હરિમંદિરોની

# મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો









જૂનાગઢ પ્રદેશના ભાડુઈ (જી. રાજકોટ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૩૦ થી ૨-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના રાજસમઢીયાળા (જી. રાજકોટ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨ થી ૬-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના ચોરાળી-મોલી (તા. ઉના) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૫ થી ૧૧-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના જીવાપર (તા. ખાંભા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૭ થી ૧૧-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના શાણા વાંકીયા (તા. ઉના) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ
પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી સત્યપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો
'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૬ થી ૧૨-૫-૧૪)






જૂનાગઢ પ્રદેશના જાળિયા (તા.બગસરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ બગસરાનિવાસી
પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો
'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૩૦ થી ૬-૫-૧૪)






ગઢડા પ્રદેશના ઘોબા (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (૧૧-૫-૨૦૧૪)



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨ | અંક :- ૫ | તા. ૨૦-૦૫-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::
સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :**- sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષઃ રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

## અનુક્રમણિકા

૧ અમૃતનું આચમન — પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી ... ૦૬
સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ સત્સંગ સમાચાર પત્રિકા ... ૨૮
સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૩ સુમધુર સંગીત સુરાવલી સાથે કીર્તન-ભક્તિની ઓડિયો સી.ડી. લીસ્ટ ... ૩૩
- સંકલિત

૪ હરિદ્વાર મહોત્સવ ... ૩૪
- સંકલિત

૫ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા ... ૩૫
- સંકલિત

૬ પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે સત્સંગ વિચરણ યુ.એસ.એ.૨૦૧૪ ... ૩૬
- સંકલિત

હમારા લક્ષ્ય ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

દિવ્ય અમૃતવાણી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦




# અમૃતનું આચમન

## પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી

જેની વાણીમાં સત્ય, પ્રેમ, સરળતા અને નિ:સ્વાર્થભાવે જીવાત્માના કલ્યાણની ભાવના રહેલી છે, સાદી અને સરળ ભાષામાં રજૂ થતાં જેમના ઉપદેશ વચનોથી ભકતજન-માનસ પર સુંદર અને ગહન અસર થાય છે, અંગ્રેજી તેમજ સંસ્કૃત ભાષાનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ કર્યો હોવા છતાં પણ પોતાની ભાષામાં જરાય પણ શબ્દોનું આડંબર નહિ. વિદેશમાં બોલતા હોય કે ભારતના કોઈ ગામડામાં સભાને સંબોધતા હોય તોપણ જેમના પ્રેરણાદાયી વચનોથી અનેકના જીવન પરિવર્તન થયા છે અને બોલાયેલા પ્રત્યેક શબ્દ સભામાં બેઠેલી દરેક વ્યક્તિના આંતરમનને સ્પર્શે છે એવા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ હેરો-લંડન ખાતે ઓગષ્ટ-૨૦૧૨માં ઉજવાયેલ 'શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જન્મ દ્વિશતાબ્દી કૃતાંજલી મહોત્સવ'માં દિવ્ય અમૃતસરિતા વહાવી હતી તેના કેટલાક અંશો આ ચિંતનના અંકના માધ્યમથી અત્રે પ્રસ્તુત છે.

**સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

## દિવસ - ૧, સત્ર - ૧

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી, સર્વકારણના કારણ આપણા સૌના મોક્ષદાતા, ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દક્ષિણ વિભાગ અધિષ્ઠાતા દેવ વડતાલવાસી **શ્રી લક્ષ્મીનારાયણ દેવ - શ્રીહરિકૃષ્ણ મહારાજ**ની છત્રછાયામાં અમદાવાદ પ્રતિ શ્રીનરનારાયણ દેવના દિવ્ય સાનિધ્યમાં તથા અહીં લંડનના તમામ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રીહરિના **દિવ્ય સાનિધ્ય**માં **'શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ જન્મ દ્વિશતાબ્દી કૃતાંજલી મહોત્સવ'**ના ઉપક્રમે આયોજીત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** શુભ પ્રસંગે સભામાં ઉપસ્થિત ધર્મકુળ આશ્રિત સર્વે વ્હાલા અમારા સંતો, શ્રીજીમહારાજના લાડીલા ધર્મકુળ આશ્રિત સર્વે વ્હાલા સત્સંગી હરિભક્તો અને સર્વ ધર્મપ્રેમી સજ્જનો, સર્વ મોક્ષભાગી જીવાત્માઓ. સર્વને અમારા હૃદયપૂર્વક **જય શ્રી સ્વામિનારાયણ.**

આજે ભગવાન શ્રીહરિની અસીમ કૃપાથી આપણા અનંત જન્મના પુણ્યકર્મના ફળસ્વરૂપે જીવનના ઉત્થાનના ભાગરૂપે આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથને **રસપાન** કરવાનો **અવસર** પ્રાપ્ત થયો છે. અમને જે સંતોની સાથે દર વર્ષે અહીંયા આવવાનું મન થાય છે એનું કારણ એક છે. કોઈ એમ પૂછે કે, ભમરા કે મધમાખી એ પુષ્પોમાં શા માટે ખેંચાય છે ? તો એ પુષ્પમાં રહેલી સુવાસ, તેમાં રહેલો જે અર્ક છે - તે ગુણ ભમરા ને મધમાધીને પોતાની તરફ આકર્ષે છે. જગતમાં પરાપૂર્વથી ચાલી આવતી પરંપરા પ્રમાણે એટલે કે જ્યારે ધરતીનો સર્ગ મુકાણો ત્યારથી એક સૃષ્ટિના ભાગરૂપે પરમાત્માએ સૃષ્ટિની રચના કરી એમાં જીવાત્માને ઉદ્ગમસ્થાને મૂક્યા. પ્રકૃતિની રચના કરી જીવાત્માના કર્મના બંધનને જે હેતુ બંધાણા, જન્મમરણના ચક્રમાં જીવાત્મા પોતાના કર્મને ભોગવવા; આ મૃત્યુલોકમાં પંચભૌતિક શરીરને ધારણ કરીને ચોરાશી લાખ યોનિની યાત્રા કરી છે. આ તમામ યાત્રા કરી એના સારરૂપે જીવાત્માને આ યાત્રાની પૂર્ણાહુતિ ક્યાં ? કારણ કે, કોઈપણ કાર્યનો **શુભારંભ** કરીએ એટલે આપણે વિચારીએ છીએ કે તેનો **અંત** શું છે ? માત્ર શરૂ કરી અને જો કોઈ દિશા વિના, લક્ષ્ય વિના માત્ર કાર્ય રૂપી યાત્રા કરીએ તો લોકોની ભાષામાં કહીએ કે, 'આ રખડે છે' અથવા 'આ નાહકનો ભટકે છે.' કારણ કે, એના જીવનનું કોઈ **લક્ષ્ય** એમણે નક્કી નથી કર્યું.

પરિશ્રમ કરવા છતાં પણ જેને યશ નથી મળતો એ જીવાત્માને ચોરાશીલાખ યોનિની ભટકણ થઈ શા માટે ? કારણ કે, જીવાત્મા પાસે કોઈ લક્ષ્ય નહોતું. મનુષ્યદેહ પામીને આ **સત્સંગ**ની પ્રાપ્તિ થઈ, આ સંપ્રદાયની **ઓળખાણ** થઈ, આ સર્વાવતારી પુરુષોત્તમનારાયણની ઓળખાણ થઈ એ આપણા જીવનનું લક્ષ્ય આપણને પ્રાપ્ત થયું છે. અને આજનો જે આ સત્સંગ, સમય અને મહોત્સવ... આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તેઓને પોતાના પુત્ર તરીકે લઈને ભગવાન શ્રીહરિએ પોતાનું જેવું ઐશ્વર્ય મૂક્યું. એવા આપણા સૌના પ્રથમ ગુરુ વડતાલ પીઠાધિપતિ **શ્રી રઘુવીરજી મહારાજ** એમના પ્રત્યે એક વ્યક્તિ વિશેષને લીધે આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હોય એવો ભાવ નથી. આ મહોત્સવનો હેતુ બહુ સ્પષ્ટ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્વધામગમન પછી અનંત જીવાત્માનું કલ્યાણ અવિરતપણે ચાલું રહે. એની જે શરૂઆત કરી એ ભગવાન શ્રીહરિ પછી સર્વથી પ્રથમ આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ એમને જે જવાબદારી સુપ્રત કરી અને આ મોક્ષની પરંપરા વહેતી મૂકી. એ **પરંપરા** ઉદ્ગમને વંદન કરવા માટે, એને આપણે શ્રદ્ધા, ભાવ અને ભક્તિ અર્પણ કરવા માટે, એમને પ્રસન્ન કરવા માટે શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ આયોજન કરી **કૃતાંજલી મહોત્સવ** ભાગરૂપે ભારતમાં ઉજવીને અહીં લંડનમાં પણ આપણે ઉજવી રહ્યા છીએ.

આ મહોત્સવ આપણું ઋણ અદા કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણા પર કૃપા કરી સમર્થ આદિઆચાર્યો શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજ જેમની આપણને પ્રાપ્તિ કરાવી. તેઓના પ્રત્યે આપણો **ભાવ,** આપણી **શ્રદ્ધા** અર્પણ કરવાનો આ મહોત્સવ છે. કોઈપણ વ્યક્તિને રાજી કરવા હોય તો એની ઈચ્છા પ્રમાણે, એમના ગમતા પ્રમાણે કાર્ય કરો તો એ વ્યક્તિ રાજી થાય. સૌ કોઈ પોતાના ઘરમાં અનુભવ કરતા હશે કે, મા-બાપના ગમતામાં જો છોકરા વર્તે તો



"...હંમેશા કંઈક ગ્રહણ કરતા પહેલા આપણે શું આપી શકીએ...?? પછી તેમાં જો આપણે **અપેક્ષા** રાખીએ ત્યારે આપણે તેમાં **સફળતા** મળે છે. આપણું **પ્રથમ કર્તવ્ય** આપવાનું છે, શું આપી શકીએ ? ભગવાન શ્રીહરિએ આ સત્સંગની સ્થાપના કરી, ઉપાસના-ભક્તિનો માર્ગ આપણને આપ્યો. પરંતુ શ્રીજીમહારાજ કહે છે કે, અમારા ગમતામાં જે રહે છે, અમારી આજ્ઞામાં જે રહે છે, એ અમને બહુ વ્હાલો છે. એટલે ભગવાન શ્રીહરિએ આપણને માર્ગદર્શન આપી અને દિશાસૂચન આપ્યું. ભગવાનને રાજી કરવા હોય તો આપણું **કર્તવ્ય** છે કે આપણે તેઓના ગમતામાં વર્તીએ. તેઓના ગમતામાં કેમ વર્તાય ? તો એનું **માર્ગદર્શન** આ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાંથી મળે છે..."

મા-બાપ રાજી થાય. છોકરાઓના ગમતામાં પણ જો મા-બાપ વર્તે તો છોકરાઓ રાજી થાય. ગુરુની અનુવૃત્તિમાં શિષ્ય રહે તો ગુરુ પણ રાજી થાય.

હંમેશા કંઈક ગ્રહણ કરતા પહેલા આપણે શું આપી શકીએ...?? પછી તેમાં જો આપણે **અપેક્ષા** રાખીએ ત્યારે આપણે તેમાં **સફળતા** મળે છે. આપણું **પ્રથમ કર્તવ્ય** આપવાનું છે, શું આપી શકીએ ? ભગવાન શ્રીહરિએ આ સત્સંગની સ્થાપના કરી, ઉપાસના-ભક્તિનો માર્ગ આપણને આપ્યો. પરંતુ શ્રીજીમહારાજ કહે છે કે, અમારા ગમતામાં જે રહે છે, અમારી આજ્ઞામાં જે રહે છે, એ અમને બહુ વ્હાલો છે. એટલે ભગવાન શ્રીહરિએ આપણને માર્ગદર્શન આપી અને દિશાસૂચન આપ્યું. ભગવાનને રાજી કરવા હોય તો આપણું **કર્તવ્ય** છે કે આપણે તેઓના ગમતામાં વર્તીએ. તેઓના ગમતામાં કેમ વર્તાય ? તો એનું **માર્ગદર્શન** આ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાંથી મળે છે. માટે આપણે એ આચરણમાં એ **ગુણ** અને **યોગ્યતા** મેળવીએ, અને આપણો ભાવ ભગવાન શ્રીહરિને અર્પણ કરીએ. તે દ્વારા જ આપણે શ્રીજીમહારાજ પાસે આપણા આત્યંતિક કલ્યાણનો કોલ પ્રાપ્ત કરવો છે. અને ભગવાન શ્રીહરિએ કોલ આપણને આપ્યો પણ છે. **'મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારું એ ન બદલે એમ સર્વે જનને જણાવવું...'** આ શ્રીજીમહારાજનો કોલ એમાં આપણે **સહભાગી** બની પોતાનું કલ્યાણ સાધ્ય કરી લઈએ.

કથાશ્રવણ કરીએ ત્યારે મનની વૃત્તિઓને એક ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં રાખીને **વ્યવહારકાર્ય**ને ભૂલી જઈએ. કારણ કે વ્યવહારમાર્ગમાં હંમેશા રચ્ચાપચ્ચા રહ્યા હોઈએ છીએ, પરંતુ આવો લાભ તો જીવનમાં ક્યારેક જ પ્રાપ્ત થતો હોય છે. કોઈ તત્ત્વચિંતકે કહ્યું છે : 'વ્યવહાર કેવો છે ? તો કે જેમ પાણી અને માટીનું મિશ્રણ હોય, દલદલ (કાદવ-કીચડ)માં જમીન એવી પોચી હોય જ્યાં વ્યક્તિ ખૂંતે અને બહાર આવવા જેટલો પ્રયત્ન કરે એટલો તે અંદર વધારે ખેંચાતો હોય છે. કારણ કે, નીચે ટોર્ચ જમીન નથી.' તેમ માયાનો માર્ગ એવો છે. વ્યક્તિ તેમાં અંદર ઉતરતો જાય, ભલે તે બહાર નીકળવા પ્રયત્ન કરે પણ એ અંદર ઉતરતો જાય છે. પરંતુ તેમાંથી નીકળવાનો એક માર્ગ છે..!! કોઈપણ મજબુત ડાળખી, લાકડી કે ટેકો કે દોરડું કે એવું કંઈક હાથમાં આવી જાય તો તેના બળે વ્યક્તિ બહાર નીકળવાનો પ્રયત્ન કરે તો તે નીકળી શકે. એમ આ સંસારમાંથી ભવસાગર તરવો છે એના માટે **કથાવાર્તા-સત્સંગ** જ એક આશરો છે.

આ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મજબુત એવું **થડ** છે કે, તેને તમે પકડશો તો ભવસાગર તરી જશો. માટે આ ગ્રંથનું શ્રવણ કરીને તેમાંથી ખૂબ **સદ્ગુણ**ની **પ્રાપ્તિ** કરીને ભગવાન શ્રીહરિને પોતાના ભક્તિભાવ અર્પણ કરીશું ત્યારે આપણો આ મહોત્સવ **સાર્થક** થયો ગણાશે.

અંતમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી નરનારાયણ દેવ, શ્રી ગોપીનાથજી મહારાજ, શ્રી મદનમોહનજી મહારાજ તથા શ્રી રાધારમણ દેવ સૌને બળ-બુદ્ધિ અને સત્સંગમાં **અભિવૃદ્ધિ** થવાની પ્રેરણા આપે એવી તેઓના શ્રીચરણોમાં **પ્રાર્થના સહ** પુનઃ જેમની સ્મૃતિમાં આ કૃતાંજલી મહોત્સવ ઉજવીએ છીએ એવા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, અ.સૌ. પ.પૂ. ગાદિવાળા માતુશ્રી અને અમારા સારાયે ધર્મકુળ પરિવાર વતી તમોને હૃદયથી **ખૂબખૂબ આશીર્વાદ** આપીએ છીએ. અને ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરીએ કે, સુખ-શાંતિ અને ભક્તિની તમારા જીવનમાં અભિવૃદ્ધિ થાય, ધર્મ-જ્ઞાન-વૈરાગ્યની અભિવૃદ્ધિ થાય. શ્રીજીમહારાજનો અખંડ આપણા સૌના ઉપર રાજીપો વરસતો રહે તેવી પ્રાર્થના સહ...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૨, સત્ર - ૧

આજે ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રોથી સભર એવા શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના **પ્રાગટ્ય**નો **પૂર્વાર્ધ ભાગ**ને આપણે સાંભળ્યો. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે, ''અનંત સૂર્યોથી, અનંત ચંદ્રોથી પણ તેજાયમાન એવું જે અક્ષરધામ ત્યાં ભગવાનની સદાસાકાર જે દિવ્યમૂર્તિ બિરાજમાન છે. એ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિ અનંત જીવાત્માના કલ્યાણને અર્થે આ ભૂમિ ઉપર રામ-કૃષ્ણાદિક અવતાર ધારણ કરીને વિચરણ કરતા હોય છે.'' પરમાત્મા આ સંસારમાં અવતાર સ્વરૂપે અનેક વખત પધાર્યા. પોતાના **પ્રાગટ્ય**ના ઉદ્દેશનો **મૂળ હેતુ** ભગવદ્ ગીતાના શ્લોકથી સમજી શકીએ : 'ધર્મસંસ્થાપનાર્થાય' - આ જગતમાં ધર્મ, નીતિ અને મર્યાદાનું સંસ્થાપન કરવાને અર્થે ભગવાન શ્રીહરિનું આ સંસારમાં પ્રાગટ્ય થતું હોય છે.

વચનામૃતમાં **શ્રીજીમહારાજનો ઉદ્દેશ** આપણને બહુ સ્પષ્ટપણે સમજાવે છે. મહારાજ કહે છે કે, ધર્મનું સંસ્થાપન જો અમારે કરાવવું હોય તો અમારા અવતારો, આચાર્યો, ઋષિમુનિઓના માધ્યમથી કરાવી શકીએ, પણ જે અમારા ભક્તોને અમને પ્રત્યક્ષ ભજી અમારા સુખને અનુભવવાની જે અભિલાષા છે, અમને પામવાના જે સંકલ્પ એ પ્રતિનિધિ દ્વારા ન થાય. વ્યવહારમાં જોઈએ તો ઘણા કામ એવા હોય કે વ્યક્તિને પ્રત્યક્ષ કરવું પડે. વ્યક્તિને પોતાની ભૂખ ભાંગવી હોય તો ભોજન પોતે જ કરવું પડે. યુદ્ધ કરવું હોય તો પ્રતિનિધિ દ્વારા થઈ શકે. પૂર્વે ક્ષત્રિયોમાં એવો રિવાજ હતો કે, લગ્નમાં પ્રતિનિધિ તરીકે તલવાર કે કટાર મોકલતા. અને તેની સાથે લગ્ન કરતા. પરંતુ સ્વર્ગ જવું હોય તો મૃત્યુ કોઈ બીજાનું થાય અને સ્વર્ગે કોઈ બીજું જાય એવું બનતું નથી. જેમ શરીરને ઉદર પોષણ છે, આત્મા માટે ભક્તિ પોષણ છે. અને આ પોષણ માટે વ્યક્તિએ પોતે જ કરવું પડે. અને બીજી ભોગવવાની વાત છે. તે વ્યક્તિએ પોતે ભોગવવું પડે એટલે 'ભુક્તિ' અને 'મુક્તિ' આ બંને જે વસ્તુ છે એ બંને પોતા સાથે સંકળાયેલી છે. એટલા માટે આ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથાના માધ્યમથી દુર્વાસામુનિના શ્રાપને નિમિત્ત બનાવીને ભગવાન શ્રીહરિ અનંત જીવાત્માને પોતાના સ્વરૂપનું સુખ આપવા માટે અને પોતાના સ્વરૂપની પ્રતીતિ કરાવી પોતાના ધામમાં સ્થાન આપવા માટે જીવાત્મા કટિબધ્ધ થાય એ સંકલ્પ શ્રીજીમહારાજે આજે પ્રગટ કરેલો છે.

આજે કળિયુગમાં આવી **સરળ પ્રાપ્તિ** જીવાત્માને થઈ છે ત્યારે જીવાત્માને એનો **મહિમા** નથી સમજાતો. ઘણીવખત આપણે એવું માનતા હોઈએ છીએ કે, તીવ્ર વ્રત, તપ અને કઠિન પરિશ્રમથી વ્યક્તિને જે પ્રાપ્તિ થાય એ જ સાચી ઉપલબ્ધિ હોય. જેના બહુ ગુણ ગવાતા હોય, જેનો અતિ મહિમા બહાર દેખાતો હોય એ વસ્તુની પ્રાપ્તિ થાય તો જ આપણી સિદ્ધિ છે એવું માનતા હોઈએ છીએ. પરંતુ સહજમાં મળતું હોય, સરળતાથી મળતું હોય તો આપણે એને તુચ્છ જાણી નકારી દઈએ છીએ, આપણે એમની કીંમત નથી ગણી શકતા. શાસ્ત્રનો મત છે કે, સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગમાં અવતાર ધારણ કરીને **ધર્મ સંસ્થાપનાને માટે** ભગવાને **અનેક ચરિત્રો** કર્યા. અને એ ચરિત્રોનો હેતુ એ જીવાત્માને માર્ગ અને દિશા બતાવવાનો હતો. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર પ્રાગટ્યને પામ્યા ત્યારે માર્ગ અને દિશા મહત્ત્વના છે. પરંતુ એ માર્ગે ચાલીને જીવાત્મા પોતાના લક્ષ્ય સુધી એટલે કે ભગવાનના ધામને પામે એ વાતને સિદ્ધ કરવા માટે પ્રાગટ્ય થયું છે. આપણે એકબીજાને સરખામણીની તોલે જોતા હોઈએ એટલા માટે આપણને ભગવાનના ચરિત્રો તુચ્છ અને ન્યૂન લાગતા હોય. પરંતુ એ ચરિત્રોમાં રહેલા જે **હેતુ** છે એ અધિક **કલ્યાણકારી** છે.

વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે કે, ભગવાનના યોગમાં જે જીવાત્મા આવ્યા, ભગવાનનો મહિમા સમજ્યા, કથા-વાર્તા સત્સંગનો જેને યોગ થયો અને ભગવાન શ્રીહરિએ ચીંધેલા માર્ગને જ્યારે અનુસર્યા ત્યારે જીવાત્માને ભગવાનના ધામની પ્રાપ્તિ થઈ ગઈ. પરંતુ ભગવાન શ્રીહરિ કહે છે કે, જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈને જીવાત્માને ભગવાનના ધામની પ્રાપ્તિ કરવી હોય તો ભગવાનનો યથાર્થ મહિમા સમજી જેવા સ્વરૂપમાં ભગવાન આ પૃથ્વી પર પધાર્યા છે એ સ્વરૂપને પ્રત્યક્ષપણાની ભાવના શ્રીજી સમકાલીન ભક્તોએ જે અનુભૂતિ કરી એ જ અનુભૂતિ, એ જ પ્રત્યક્ષપણાની ભાવના આજે શાસ્ત્રના માધ્યમથી, કથાપારાયણના દ્વારા આપણે પણ એ જ **અનુભૂતિ** કરીએ, એ જ સાનિધ્યપણાની **ભાવના** દૃઢ કરીએ તો આપણને પણ એ જ સ્થિતિની પ્રાપ્તિ થાય. જે **સ્થિતિ** ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ  સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિક નંદસંતોને આપી; દાદાખાચર, પર્વતભાઈ, જીણાભાઈ જેવા અનેક મુક્તોને આપી. આજે સંપ્રદાયમાં એવી સ્થિતિવાળા મુક્તોનો **પ્રારંભ** આપણે આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી કરી રહ્યા છીએ.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ **પરિપૂર્ણ ગ્રંથ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહે છે : "સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જન્મથી દેહ મુક્યા પર્યંત ચરિત્રનું જે શાસ્ત્ર તેણે કરીને **સંપ્રદાયની પુષ્ટિ** થાય છે તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે... માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે."

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના આ વચનો જોતાં તેમની જ આજ્ઞાથી સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ સંપ્રદાયના પોષણ, પ્રચાર અને પ્રસાર માટે **સર્વોપરી ગ્રંથ** છે. અને તમામ મુમુક્ષુ જીવાત્માઓ તથા સંપ્રદાયના આશ્રિત સર્વે સંતો-હરિભક્તો માટે અમૂલ્ય અને અનન્ય **દિવ્ય ખજાનો** છે. માટે દરેક મોક્ષભાગી જીવાત્માઓએ આ ગ્રંથનું **વાંચન-શ્રવણ-મનન** દરરોજ કરવું જોઈએ. ભગવાન શ્રીહરિના જીવન-કવનનું વર્ણન કરતો આ ગ્રંથ એ શ્રીજીમહારાજના હૃદયગત જે અભિપ્રાયો, પોતાના જે કરેલા ચરિત્રોને પ્રત્યક્ષપ્રમાણરૂપ આપણે અનુભવ કરી શકીએ છીએ.

શ્રીમદ્ ભાગવતનો એક **સુંદર પ્રસંગ** છે. અંબરીષ રાજા ભગવાનના એકાંતિક ભક્ત હતા. તેમણે કઠીન તપ કરીને ભગવાનને રાજી કર્યા. તેથી ભગવાને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે અંબરીષ રાજાએ વરદાન માંગતા કહ્યું : "આ જગતના કામ, ક્રોધ, લોભ, મોહ જેવા અંતઃશત્રુઓ અને બાહ્ય શત્રુઓ અમને નડે નહીં." પછી ભગવાને તેમની રક્ષાને અર્થે **સુદર્શનચક્ર** મુક્યું છે. કોઈપણ અંતઃશત્રુઓ-બાહ્યશત્રુઓ આવે તો અંબરીષ રાજાનું રક્ષણ કર્યું છે.

એક **બીજો પ્રસંગ** જોઈએ.

એકાદશી વ્રતની પરિસમાપ્તિ થયે કારતક મહિનામાં રાજા અંબરીષે ત્રણ રાતના ઉપવાસ કર્યા અને એક દિવસ યમુનામાં સ્નાન કરીને મધુવનમાં ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી. પછી બ્રાહ્મણોની પૂજા કરીને એમનો દાનાદિથી સમુચિત સત્કાર કર્યો. દાનાદિ સેવાકર્મોમાંથી નિવૃત્ત થઈને અંબરીષ રાજાએ એકાદશી વ્રતનું પારણું કરવાની તૈયારી કરી. પરંતુ એ પારણું કરે તે પહેલા જ શાપ અને વરદાન દેવામાં સમર્થ દુર્વાસા મુનિ એની આગળ અતિથિના રૂપમાં આવી પહોંચ્યા.

રાજા અંબરીષે એમનો સત્કાર કરીને એમને ભોજન માટે પ્રાર્થના કરી. દુર્વાસા મુનિએ એની પ્રાર્થનાનો સત્વર સ્વીકાર કરીને જરૂરી નિત્યકર્મોથી નિવૃત્ત થવા માટે સરિતાતટ તરફ પ્રયાણ કર્યું.

દુર્વાસાને સરિતા તટ પર બ્રહ્મધ્યાનાદિ કરતા ધાર્યા કરતા ઘણો વખત વીતી ગયો. તે દરમ્યાન અંબરીષને થયું કે દ્વાદશી એક ઘડી જેટલી જ બાકી રહી હોવાથી પારણું નહિ કરવામાં આવે તો દોષ ગણાશે. બીજી બાજુએ દુર્વાસા મુનિને જમાડ્યા વિના જમી લેવું પણ દોષરૂપ હતું. એટલે પંડિતો સાથે પરામર્શ કરીને એણે નક્કી કર્યું કે તુલસીપત્ર સાથે જલપાન કરવાનું કાર્ય ભોજન કરવામાં ને ન કરવામા બંનેમાં ગણાતું હોવાથી જલપાન કરીને પારણું કરવાનું જ યોગ્ય છે. એ નિર્ણયને અનુસરીને રાજાએ પાણી પીને પારણું કરી લીધું.

દુર્વાસા મુનિ નિત્ય કર્મમાંથી નિવૃત્ત થઈને અંબરીષ પાસે પાછા આવ્યા ત્યારે રાજાએ પારણું કરી લીધું એવું જાણીને ખૂબ જ ક્રોધે ભરાયા ને જેમ ફાવે તેમ બોલીને રાજાને ઠપકો દેવા માંડ્યા. રાજાને પોતાની પ્રખર શક્તિનો પરચો બતાવવા માટે જટાના વાળને ઉખાડીને

એમણે એનો અંત આણવાના આશયથી એક ભયંકર કૃત્યાને ઉત્પન્ન કરી. એ પ્રલયાગ્નિ જેવી પ્રજ્વલિત કૃત્યા હાથમાં તલવાર લઈને રાજા અંબરીષ પર તૂટી પડી. પરંતુ એવી અકલ્પ્ય પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અંબરીષે સહેજ પણ ગભરાયા કે ડર્યા વિના સંપૂર્ણ શાંતિ રાખી. એ જ્યાં ઊભા હતા ત્યાં જ ઊભા રહ્યા. તે કૃત્યા રાજાનું તો અનિષ્ટ ન કરી શકી. કારણ કે, સુદર્શન ચક્રનું વચ્ચે આવરણ હતું.

ભગવાને અંબરીષની રક્ષા માટે પહેલેથી જ સુદર્શન ચક્રને તૈયાર રાખ્યું હતું. વિદ્યાશક્તિનો એક નિયમ છે કે સામે ન લાગે તો પાછી પડે. એ ચક્રે દુર્વાસા મુનિએ પેદા કરેલી કૃત્યાને બાળીને તરત જ ભસ્મીભૂત કરી દીધી.

કૃત્યાને ભસ્મીભૂત કરીને સુદર્શન ચક્ર દુર્વાસા તરફ ચાલ્યું એટલે દુર્વાસા એથી ભયભીત બનીને પોતાના પ્રાણની રક્ષા માટે દોડવા લાગ્યા. ચક્ર પણ એમની પાછળ પડ્યું ત્યારે એ સુમેરુ પર્વતની ગુફામાં પ્રવેશવા માટે એ પર્વતની દિશામાં ચાલી નીકળ્યા.

એ રીતે ભિન્ન-ભિન્ન દિશામાં જવાની સાથે સાથે એ સ્વર્ગલોકમાં જઈ પહોંચ્યા. બ્રહ્મા પાસે તથા શંકર પાસે પણ પહોંચી ગયા. પરંતુ બ્રહ્મા તથા શંકર પણ એમની સુદર્શન ચક્રથી રક્ષા ન કરી શક્યા. છેવટે એ ભગવાનના પરમધામ વૈકુંઠમાં ગયા ને ભગવાનના પગમાં પડ્યા. દુર્વાસાએ ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરતા કહ્યું કે, હે અવિનાશી ! સમસ્ત સૃષ્ટિના જીવનદાતા ! હું અપરાધી છું. આપનો પ્રભાવ ન જાણવાને લીધે જ મેં તમારા ભક્તનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. આપ, મને એ ઘોર અપરાધમાંથી ઉગારો. આપ તો પરમકૃપાળુ છો. આપની કૃપાની ભિક્ષા માગું છું.

ભગવાને **પોતાના ભક્તોનો મહિમા** બતાવતાં જણાવ્યું કે :- 'अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज । साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ।।'

''દુર્વાસા ! હું તો ભક્તોને આધીન છું. મારી સ્વતંત્રતા ભક્તની દૃષ્ટિએ જરા પણ નથી. મારા સીધા સાદા એકનિષ્ઠ ભાવપ્રધાન ભક્તોએ મારા હૃદયને જીતી લીધું છે. એ મને ભજે છે અને હું એમને ભજું છું.'' (શ્રીમદ્ ભાગવત :૯/૪/૬૩)

એટલું કહીને ભગવાને દુર્વાસાને અખંડ એકનિષ્ઠ ભક્તિવાળા અંબરીષના શરણમાં જવાનો આદેશ આપ્યો ને જણાવ્યું કે, જેનું અનિષ્ટ કરવાથી તમારે આવા ઘોર કષ્ટમાં પડવાનું થયું છે તેની પાસે પહોંચીને **ક્ષમાયાચના** કરવાથી જ તમને કષ્ટમાંથી મુક્તિ મળશે. તમારે માટે શાંતિની અનુભૂતિનો હવે બીજો કોઈ જ માર્ગ નથી રહ્યો.

આમ તો શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં પણ આ પ્રસંગ, માનદોષના અનુસંધાનમાં વર્ણન કરેલો છે. કહેવાનું **તાત્પર્ય** એ છે કે, ભગવાનના ભક્ત ભગવાનની શરણાગતિમાં, સાનિધ્યમાં, સંરક્ષણમાં હોય તો રાજા અંબરીષને દુર્વાસામુનિનો શ્રાપ ન અડતો હોય તો બદરિકાશ્રમમાં ઋષિઓને અડે; અને શ્રી નરનારાયણ દેવને અડે એવું સંભવિત હતું નહીં. પરંતુ ભગવાન શ્રીહરિએ સ્વયં **ભક્તોના કલ્યાણને અર્થે,** પોતે સ્વેચ્છાથી દુર્વાસાનો શ્રાપ સ્વીકાર્યો છે. માટે આ **સંપ્રદાયનો પાયો** એ ભગવાન શ્રીહરિના સંકલ્પથી **પ્રારંભ** થયો છે.

આ સંપ્રદાયનું લક્ષ્ય ભગવાન શ્રીહરિના ધામ સુધી પહોંચાડવાનું છે. આ સંપ્રદાયનો **મહિમા** અને સર્વોપરિતાના **ગુણગાન** આપણે ગાઈએ છીએ, સંપ્રદાયની મર્યાદા અને સિદ્ધાંતોની જે વાતો ગ્રંથોમાં પ્રતિપાદન કરેલી છે તે તો સૌ કોઈને સ્વીકાર્ય છે. આજે એ ન્યાયે એમ કહીએ છીએ કે, ભગવાન શ્રી સ્વામિનારાયણની **પ્રાગટ્યભૂમિ** ગણો કે ભગવાન શ્રીરામ કે શ્રીકૃષ્ણચંદ્રજીની પ્રાગટ્ય ભૂમિ ગણો તો એ **ભારતવર્ષ**ને જ ભગવાનના **હૃદયસમાન** ગણવામાં આવ્યો છે. એ ભૂમિનું તપ છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે, મુગલ આદિ દેશમાં, યવન આદિ દેશમાં ક્યાંય જન્મ મળ્યો હોત તો ત્યાં કોઈ ધર્મ, ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્યની શીખામણ આપવાવાળું કોઈ મળત નહીં. અને એ જો જીવને કોઈ ઉપદેશ કરનારા ન હોત તો જીવાત્માનો મોક્ષ ક્યારેય સંભિવત ન થાત. સદાચારની વાત કદાચ કોઈ ફકીર કે ઓલીયા પાસે મળી શકે. પરંતુ મોક્ષની વાત તો આપણા સત્શાસ્ત્રો વિના કોઈ શીખવતું નથી. અને શાસ્ત્રોને અનુસરીએ તો આપણું કલ્યાણ નિશ્ચિત થશે.

આપણે ભગવાન શ્રીહરિના પ્રાગટ્યની પૂર્વાર્ધ કથાપ્રસંગને શ્રવણ કર્યો. કથાનું શ્રવણ કરતા હોઈએ ત્યારે ખાસ **અનુસંધાન** રાખવું કે, મન અને ઈન્દ્રિયોને જ્યાં ત્યાં ભટકવા દેવું નહીં. વિષય-વાસનાઓ અને સંસારના વ્યવહારમાંથી આપણી વૃત્તિઓને બહાર ખેંચી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં સ્થિર કરીએ. અને તેવી રીતે આપણે કથાનું શ્રવણ કરીએ તો આપણને પણ તે જ સમકાલીનનો **અહેસાસ** અને એ જ **અનુભૂતિ** અહીંયા પણ થશે. માટે અમો કહીએ છીએ કે, પાશ્ચાત્ય સંસ્કૃતિમાં રહીને કલ્યાણનો જે ખપ છે એ જ ભારતીય સંસ્કૃતિનું મોટું **જમાપાસું** છે. અને આપણા જીવનમાં એ જ જમાપાસું છે કે આપણને કલ્યાણની **ઝંખના** છે. કઈ રીતે મોક્ષ મેળવવો તે આ શાસ્ત્રો બતાવે છે. માટે ભગવાન શ્રીહરિની ખુમારી અને બળ રાખજો કે હજુ આપણે કંઈક **વિશેષ ઉપલબ્ધિ** મેળવી શકીએ...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૨, સત્ર - ૨

આજે **શ્રીમદ્ સત્સંગિજીવન કથા**નો લાભ આપણા આ હેરો-લંડન અને આજુબાજુના વિસ્તારના હરિભક્તો લઈ રહ્યા છે. એ ભક્તોને આજથી બસ્સો વર્ષ પૂર્વે જે ભગવાન શ્રીહરિએ **છપૈયા**માં પોતાના દિવ્યસ્વરૂપે, **અનંત જીવાત્માના કલ્યાણને અર્થે** આ મૃત્યુલોકમાં પિતા ધર્મદેવ અને ભક્તિમાતા સહિત અનંત ઋષિમુનિઓની પ્રાર્થનાને ફળીભૂત કરવા માટે જે મનુષ્યતનું ધારણ કરી બાળપ્રભુ ઘનશ્યામરૂપે પ્રગટ થયા હતા, આજે શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી આજે ઈંગ્લેન્ડમાં એ જ ભગવાન શ્રીહરિનું પ્રાગટ્ય થયું છે. આપણને બધાને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ **'બાળપ્રભુ ઘનશ્યામ'**ના રૂપે મળ્યા છે. આ પ્રાગટ્યનો પ્રસંગ સંપ્રદાયનો સૌથી **મહત્ત્વનો પ્રસંગ** છે. જો કે ભગવાન શ્રીહરિના સંકલ્પથી લઈને આજ સુધીના ઈતિહાસમાં ભગવાને એવા અનેક ચરિત્રો, પ્રસંગો અને ઉપદેશો આપણને ભેટ આપ્યા છે. શ્રીજીમહારાજ સમકાલીન સમયમાં હોય તોય

ભલે અને ભગવાન શ્રીહરિના સ્વધામગમન બાદ આચાર્ય પરંપરામાં ઘણા એવા પ્રસંગો આપણે સાંભળ્યા કે અનુભવ્યા હશે. જે પ્રસંગો આપણા જીવનમાં કંઈક ઉમેરો કરે છે. પરંતુ સમગ્ર સંપ્રદાયના ઈતિહાસને જોઈએ તો આજનો બાળપ્રભુ ઘનશ્યામના પ્રાગટ્યનો પ્રસંગ એ સમગ્ર સંપ્રદાયની ઉત્પત્તિથી લઈ સ્થિતિ સુધી સંપ્રદાયના **'પ્રાણસ્વરૂપે'** રહેલો છે. આ વાત બહુ સમજવા જેવી છે.

સત્સંગમાં જીવાત્માને જોડાવાનું જો કોઈ કારણ હોય તો આ સત્સંગમાં આવતા પૂર્વે વ્યક્તિએ પોતાનું **આત્મચિંતન** કરવાની જરૂર છે. જ્યાં સુધી આ વાતને સિદ્ધ નહિ કરીએ ત્યાં સુધી આપણે કરેલો પરિશ્રમ કે પુરુષાર્થ એ **સાર્થક** થવાનો નથી. આપણે શું કરીએ છીએ એનો આપણે **અનુભવ** કરવો પડશે. આ સત્સંગ આપણને શું આપે છે ? આ તમામ બાબતોનો અનુભવ વ્યક્તિ પોતે નથી કરતો, એને આત્મસાત્ નથી કરતો ત્યાં સુધી એનો આનંદ નથી આવતો. વ્યવહારિક દૃષ્ટિએ જોઈએ તો વ્યવહારમાં પણ એક રીત છે કે, વ્યક્તિ હંમેશા પોતાના સ્વાર્થ અને સુખ માટે જુએ છે. ભગવાનના પ્રાગટ્યમાં સુખ શા માટે છે ? એ વાત તમોને સમજાવવા **પ્રયત્ન** કરીએ છીએ.

વ્હાલા ભક્તજનો ! જીવાત્મા જે પોતાના મોક્ષ માટે, જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવાને માટે સત્સંગનો આશરો કરે છે. એ સત્સંગ શા માટે કહેવાય છે ? એનો **મર્મ** જાણવાની જરૂર છે. આ જગતમાં સારું કે નરસું એ બે પ્રકારના વિભાજનો રહેલા છે. પણ વ્યવહારિક દૃષ્ટિએ જે સત્કાર્ય કરીએ છીએ તેને ભગવાનને અનુલક્ષીને જો કરવામાં આવે છે. એમાં આસમાન-પાતાળનો **તફાવત** રહેલો છે. શરીરના સુખને અને ઈન્દ્રિયોને ઉદ્દેશીને જે કાર્ય કરવામાં આવે છે એને 'માયા' નામ આપેલું છે. શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૧મા **વચનામૃત**માં કહે છે : ''પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ.''

ઘણા વ્યક્તિઓ સાંસારિક સુખને એટલું પ્રાધાન્ય, મહત્ત્વ આપી દેતા હોય છે. ઘણીવખત અજ્ઞાનતાવશ હોય, સંગદોષે કરીને હોય કે જેવા યોગે કરીને જીવાત્માને જેવી સમજણ વિકાસ અને પોષણ મળ્યું એ સમજણને બળ મળે અને એ વ્યક્તિનો સ્વભાવ બને, કાર્યનું કારણ બને. આ જગતમાં જીવાત્માને જન્મ તો મળે છે, પરંતુ જન્મ લીધા પછી પોતાના મોક્ષને સાધ્ય કરવાનો જે હેતુ એ ક્યારે જીવાત્માને સમજાય ? તો સત્યને જાણે ત્યારે સમજાય છે. સત્ શબ્દનું ઉદ્બોધન કોને કરી શકાય ? ભગવાન શ્રીહરિએ આપણને વચનામૃતમાં સમજાવ્યું છે. **સત્ શબ્દની વ્યાખ્યા**નું નિરૂપણ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં **શ્રીજીમહારાજ** સમજાવતા કહે છે : ''સત્ એવા ભગવાન, તેમના દ્વારા પ્રસ્થાપિત થયેલ ભાગવતધર્મ, તેઓશ્રીએ પ્રવર્તાવેલ શાસ્ત્રો અને તે શાસ્ત્રોનું ઉદ્બોધન કરતા એવા સાધુપુરુષોનો સંગ'' એ **સત્ય સ્વરૂપ** છે.

આ જગતના સુખ-સંપત્તિ, માલ-મિલકત, કુટુંબ-પરિવાર એ આદિક સત્ય નથી. પરંતુ એક **પુરુષોત્તમનારાયણ**ને સત્ શબ્દથી એને સંબોધી શકાય. એ પુરુષોત્તમનારાયણે સંસ્થાપિત કરેલા ભાગવતઆદિ ધર્મ, **કલ્યાણના ધર્મો** છે તેને પણ સત્ શબ્દોથી સંબોધી શકાય. આ સર્વમાં સત્ એવા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની આજે આપણને પ્રાપ્તિ થઈ છે.

આ સંપ્રદાય સદ્ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ **સૌપ્રથમ** પ્રસ્થાપિત કર્યો. પરંતુ વાસ્તવિક રીતે આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ બાળપ્રભુ શ્રી ઘનશ્યામના પ્રાગટ્યથી સંપ્રદાય **સનાથ** બન્યો. સાથે સાથે આનું મહત્ત્વ બીજું એટલા માટે પણ છે કે, જે કાર્ય માટે, જે લક્ષ્યને પામવા માટે આપણે **આજીવન પુરુષાર્થ** કરીએ છીએ, એ **લક્ષ્ય**ની **પ્રાપ્તિ** કેવી રીતે થાય એ આજના એક પ્રસંગના શ્રવણથી સમજી શકીએ. સદ્ગુરુ શ્રી શતાનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં **પાંચ પ્રકરણો** લખ્યા છે. પાંચેય પ્રકરણનો **સાર** એક પ્રસંગથી સમજી શકાશે.

ભગવાનના પ્રાગટ્યનું કોઈ **માધ્યમ** હોય તો એ **પિતા ધર્મદેવ** અને **ભક્તિમાતા** છે. આજે આપણે આ પ્રસંગથી એ સમજવાનું છે કે, જેને ભગવાનની પ્રાપ્તિ કરવી હોય તો પોતાના જીવનમાં બે બાબતોનું અનુસંધાન અવશ્ય રાખવું પડશે. ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના **અંતિમ શ્લોક**માં કહે છે કે, ધર્મ-ભક્તિનું જેના જીવનમાં પ્રાધાન્યપણું રહેલું છે એના જીવનમાં બાળપ્રભુ ઘનશ્યામનું પ્રાગટ્ય થશે થશે ને થશે જ. આ પ્રસંગ આપણને સમજાવે છે કે, જપ-તપ-વ્રત આદિ તો એના અંગરૂપે છે. શાસ્ત્રોના મતે ભગવાનને રાજી કરવાના **અનેકવિધ માર્ગો** બતાવ્યા છે, પણ ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્ય એ એના **મુખ્ય અંગ** બતાવ્યા છે.

ભગવાન શ્રીહરિના પ્રાગટ્ય પૂર્વાર્ધની કથાને સમજવાનો પ્રયત્ન કરશો તો જણાશે કે, ભગવાનને પ્રાપ્ત કરવાના માર્ગમાં ઘણા **અવરોધો** આવ્યા, દુઃખો આવ્યા, આકરી પરીક્ષાઓ પણ થઈ છે. આવી પરીક્ષાઓમાં વ્યક્તિ વ્યાકુળ જ્યારે થઈ જાય ત્યારે સૌપ્રથમ વ્યાકુળતા શેની થાય ? તો માણસ પ્રથમ ધર્મનો **ત્યાગ** કરે, એટલે ધીરે ધીરે ભક્તિ **શિથિલ** થાય.

ધર્મદેવ અને ભક્તિમાતા અશ્વત્થામાના શાપને કારણે વ્યાકુળ થઈ જાય તેનો શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં પ્રસંગ આવે છે. હનુમાનજી મહારાજ ભક્તિમાતાને **આશ્વાસન** આપતા કહે છે : 'प्रत्यक्षीभूय तौ प्राह भक्ते ! धर्म ! व्यथां त्यज । कुलदेवोऽस्मि हनुमान् युष्माकं रक्षिताऽस्मि वः ॥' - ''હે પિતા ! હે માતા ! તમે ચિંતાનો ત્યાગ કરો. હું તમારું રક્ષણ કરીશ.'' તમે નાહકના મૂંઝાઓ છો. ભગવાન પુરુષોત્તમનારાયણ તમારે ત્યાં પ્રગટ થવાના છે. તેઓ હાથમાં શસ્ત્ર ધારણ કરે ન કરે તોપણ તેઓના ઐશ્વર્યથી જ કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, તૃષ્ણા ઈત્યાદિ શત્રુઓ એક ક્ષણ પણ નહિ ટકી શકે.

ભગવાન શ્રીહરિનો **પ્રતાપ** એવો છે કે, પોતાનો સંકલ્પ સિદ્ધ કરશે. માટે ભક્તિને જ્યારે બળ ત્યારે ધર્મને પણ **પોષણ** મળે છે. વડતાલ પ્રકરણના ૩જા વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે,

"આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યા તે તે એકના પેટામાં આવી જાય એવું એક ક્યું એ ચારેમાં શ્રેષ્ઠ છે ?" ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે, "હે મહારાજ ! એવો તે એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે."

ત્યારે તેનો ઉત્તર કરતા મહારાજ જ કહે છે કે, "ધર્મ તો કેટલાક વિમુખ માણસ હોય તેમાં પણ હોય, માટે તેને શું સત્સંગમાં મોટો કરશું ?" પછી એ વાત સાંભળીને કોઈથી ઉત્તર દેવાયો નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જો માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ સામાન્યપણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહિ. કેમ જે, જે ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે, ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે તે ભગવાનની આજ્ઞા મારાથી કેમ લોપાય ? એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે."

ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, "જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચાર વાનાં શા સારું કહ્યાં ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અતિશય માહાત્મ્ય સહિત ભક્તિ ભગવાનને વિષે હોય તો એક ભક્તિને વિષે ત્રણે આવી જાય અને સામાન્ય ભક્તિ હોય તો એકમાં ત્રણ ન આવે, માટે 'ચાર વાનાંએ સહિત જે ભક્તિ તે જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય' એમ કહ્યું છે. અને એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી, તે ભગવાને વર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળ્યા સારું દશ હજાર કાન માગ્યા પણ બીજું કાંઈ ન માંગ્યું. અને જે ગોપીઓને રાસક્રીડામાં ન જવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણ પાસે ગઈ. એવી **અસાધારણ ભક્તિ** હોય તો જ્ઞાનાદિક ત્રણે એક ભક્તિમાં આવી જાય."

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો માહાત્મ્યે સહિત **સર્વોપરિ મહિમા** સમજાયો હોય, અને એ મહિમાએ સહિત ભક્તિને જો પોષણ મળે તો ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય એ ચારેયનો એમાં સમાવેશ થઈ જાય છે. ભક્તિનું અંગ મહત્ત્વનું છે, પણ એકલી ભક્તિ નહિ. માહાત્મ્યે સહિત જેમાં આત્મીયતા જોડાણી હોય, ભગવાન શ્રીહરિનો સર્વોપરિપણાનો ભાવ સમાયેલો હોય, હું સેવક છું ને એ મારા સ્વામી છે, હું દાસ છું ને એ મારા ધણી છે - આવો જેમાં સમર્પણનો ભાવ રહેલો હોય એવી માહાત્મ્યે સહિત ભક્તિમાં જીવાત્મા પ્રેરાય છે ત્યારે ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય એ ચારેયને પોષણ મળે છે. અને એટલા માટે જ ધર્મ-ભક્તિના માધ્યમથી એમના ગૃહે પુરુષોત્તમનારાયણનું બાળપ્રભુ ઘનશ્યામ સ્વરૂપે પ્રાગટ્ય થયું છે. અને એ પ્રાગટ્ય ન કેવળ પિતા ધર્મદેવ કે માતા ભક્તિદેવીનું દુઃખ કાપવા માટે છે, પરંતુ સમગ્ર વિશ્વમાં જે જે જીવાત્માઓ, જે જે મુમુક્ષુજનો છે તેના કષ્ટ હરીને પોતાના સાનિધ્યના બળે અક્ષરધામની પ્રાપ્તિ અપાવનાર છે.

બાળપ્રભુ ઘનશ્યામનું પ્રાગટ્ય આપણા જીવનમાં, આપણા હૃદયમાં આનંદ-ઉલ્લાસનો વધારો કરે છે. બસ્સો વર્ષ પૂર્વે આજે ભગવાનનું પ્રાગટ્ય થયું છે. ત્યારે એમ થાય કે એ તો **ઈતિહાસ** થઈ ગયો. પરંતુ ઈતિહાસ નથી. શાસ્ત્રો એમ કહે છે કે, જ્યારે જ્યારે **ભગવાનની કથા ગાન** થતું હોય ત્યારે પરમાત્મા એ પ્રમાણે **પુનઃ ચરિત્રલીલા** કરે છે. અને આજે એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી કે આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી આ સભામાં દિવ્યસ્વરૂપે ધર્મદેવ અને ભક્તિદેવી થકી બાળપ્રભુ ઘનશ્યામનું **પ્રાગટ્ય** થયું છે. આ **ઈતિહાસ** આપણી સમક્ષ **પ્રત્યક્ષ** જીવંત થઈ રહ્યો છે. દિવ્ય દૃષ્ટિથી જ્યારે આ પ્રસંગને આપણે માણીશું ત્યારે આપણને પણ છપૈયાની **અનુભૂતિ** થશે. માટે આજે લંડનના ભક્તો પણ ભાગ્યશાળી થયા છે. વક્તા નિત્યસ્વરૂપ સ્વામીએ કહ્યું કે, આજથી સવા બસ્સો વર્ષ પૂર્વે છપૈયાના લોકોએ જે લાભ લીધો હતો ત્યારે હિમાલયમાંથી, પર્વતોમાંથી, ત્રિલોકમાંથી બધા જે ઋષિમુનિઓ તપ-જપ-વ્રત કરતા હતા તેનો ત્યાગ કરીને **બાળપ્રભુના દર્શન**ને માટે છપૈયા દોડ્યા હતા. પરંતુ આપણે છપૈયા દોડીને ન જઈ શક્યા પણ બાળપ્રભુએ આપણી સામે આવી આજે આપણને દર્શનનો **અલૌકિક લાભ** આપ્યો. માટે એક વાત **નિશ્ચિત** છે કે, જેટલા આપણે ભગવાનને મળવા આતુર છીએ એટલા જ ભગવાન આપણને મળવા આતુર થાય છે...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૩, સત્ર - ૧

આજે હેરો-લંડનને આંગણે જાણે **છપૈયા** ખડું થયું હોય એવો દિવ્ય ભાવ બે દિવસથી આપણે સૌ કોઈ માણી રહ્યા છીએ. ગઈકાલે આપણે **બાળપ્રભુ ઘનશ્યામ** એમના પ્રાગટ્યના **દિવ્ય ઉત્સવ**ની ઝાંખી કરી. અને આજે દેવતાઓને પણ દુર્લભ, જેના દર્શનની ઝંખના ભવ-બ્રહ્માદિ દેવતાઓ અખંડ કરે છે. એવા બાળપ્રભુ ઘનશ્યામના **બાળચરિત્રો**ના દર્શન આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી આપણે સૌ કરીને હૃદયમાં **આનંદ** અનુભવી રહ્યા છીએ.

પૈસાથી સાધન ખરીદી શકાય પણ સુખ ખરીદી શકાતું નથી. પૈસાથી અનાજ ખરીદીને સારામાં સારા પકવાન બનાવી શકો પણ ભૂખ ખરીદી શકાતી નથી. પૈસાથી સારામાં સારા મકાન બનાવી શકો, તેમાં છપ્પર-પલંગ બનાવી શકો, મખમલના ગાદલા મૂકાવી શકો, પરંતુ તેના ઉપર સૂવાથી જે ઊંઘ આવે તે ખરીદી શકાતી નથી. નિદ્રાથી શાંતિની અનુભૂતિ થાય છે એ ખરીદાતી નથી. આ **હૃદયગત અનુભૂતિની વાત** છે. વ્યક્તિ પોતાની અજ્ઞાનતા અને પોતાની અણસમજને કારણે ઘણીવખત એમ માને છે કે, આ બધું મારું જ કરેલું છે. 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે...' જેમ ગાડાંમાં સામાન ભર્યો હોય, અને એ ગાડાંની નીચે એક કૂતરું ચાલ્યું જાય તે એમ માને કે આખા ગાડાંનો ભાર હું તાણું છું. એ જેમ અજ્ઞાની હોય એમ આપણે જગતમાં આવ્યા પછી આપણે પોતાની શક્તિ, સામર્થી અને પોતાની સિદ્ધિને આપણે ઘણીવખત એટલું બધું પ્રાધાન્યપણું આપી દેતા હોઈએ છીએ કે, અંતરના અનુભવો

છે એ કેવા હોય? એનો આનંદ શું હોય? એ આપણે ભૂલી ગયા છીએ.

ભૌતિકવાદમાં જેના જીવનમાં **અહમ્** હોય એ વ્યક્તિ પોતાના અહમ્‌ને લીધી બીજાને ગૌણ ગણવા માંડે છે. એ વ્યક્તિ ભૂલી જાય છે કે, રાત્રે સૂતા હોઈએ અને સવારે ઊઠવું કે કેમ એ આપણા હાથની વાત નથી. આપણે એમ માનીએ છીએ કે, આ કર્મ હું કરું છું, આ મારા કરવાથી જ થાય છે. પરંતુ માત્ર બાહ્ય દૃષ્ટિએથી આપણે જોઈએ છીએ કે, હું કરું છું. આ ઈન્દ્રિયો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય જે કર્મ કરે છે એ મન-બુદ્ધિ પ્રેરણા કરે છે. વિજ્ઞાન પણ એવું કહે છે કે, બુદ્ધિમાંથી તરંગો નીકળે એ તરંગો ઈન્દ્રિયો સુધી પહોંચે ને ઈન્દ્રિયોને કાર્ય કરવા માટે એ પ્રેરિત કરે છે. પણ એ વાતનો વિચાર આપણે કરતા નથી. આ શરીરમાં હૃદય છે. એ હૃદય કોના દ્વારા ચાલે છે ? આપણે પંખાની સ્વીચ ઓન કરીએ ત્યારે પંખો ચાલું થાય ત્યારે આપણે એમ માનીએ કે આ પંખો મેં ચાલું કર્યો. મારા કરવાથી પંખો ચાલું થયો. આપણે સ્વીચ પાડી અને પંખો ફરતો જોયો એટલે આપણે એમ માની લીધું કે, પંખો મેં કર્યો. પરંતુ એ પંખામાં વિજળી ન આવે તો પંખો ફરી શકે નહિ. તેમ આ શરીરમાં અનેક અવયવો છે. શાસ્ત્રોએ પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયનું **જ્ઞાન** આપ્યું છે. તેથી આપણે એને જાણીએ છીએ.

એક સુંદર **કહેવત** છે કે, દુનિયામાં વ્યક્તિને ત્રણ વસ્તુ અળખામણી લાગે છે. ૧. જરા ૨. મરણ અને ૩. વિયોગ - આ ત્રણ અવસ્થા અળખામણી લાગે છે. એ વિના તો બધું સ્વર્ગથીય સુંદર લાગે છે. કારણ કે, એનો અર્થ એ છે કે, આજે જગતને આપણે એટલું પ્રાધાન્ય આપી દીધું છે કે, સ્વર્ગથી સોહામણું વ્યક્તિને આ મૃત્યુલોક લાગે છે. પરંતુ હકીકતમાં મૃત્યુલોક કરતા સ્વર્ગનું સુખ અધિક છે અને સ્વર્ગના સુખ કરતા અક્ષરધામનું સુખ અનંત છે. આવો શાસ્ત્રોનો મત રહ્યો છે. પણ એ અવિનાશી સુખનો અનુભવ આપણે કરી શકતા નથી. એનું કારણ આપણે પોતાને આ લઘુતાગ્રંથીમાં બાંધી દીધા છે. તેથી અક્ષરધામના સુખની અનુભૂતિ આપણે કરી જ નથી. એટલે આપણે પંચવિષયોને ભોગવતા હોઈએ છીએ. રાજા ભરથરીએ બહુ સુંદર **સ્તોત્ર** લખ્યું છે : 'भोगा न भुक्ता वयमेव भुक्ता।' - ભોગો ભોગવતા નથી પણ ભોગ વ્યક્તિને ભોગવી નાખે છે. વ્યક્તિનું જીવન જીર્ણ થઈ જાય પણ એની તૃષ્ણાઓ જીર્ણ થતી નથી. 'तपो न तप्ता वयमेव।' - આપણે એમ માનીએ છીએ કે, હું તપ કરું છું. પણ તપ કરતા કરતા વ્યક્તિ તવાઈ જાય છે. જેમ સોનાને તપાવવામાં આવે ત્યારે અગ્નિ એમ માને કે સોનું તપે છે. પણ સોનું તપીને તવાઈ જાય છે એટલે એની કીંમત, નિખાર વધતો હોય છે. આ જગતમાં વ્યક્તિએ જ્યાં સુધી દિશા પકડી નથી. શાસ્ત્રો એમ કહે છે કે, જગતના નાશવંત સુખની પાછળ આંધળી દોટ મુકતો સમાજ એની પાછળ ભટકી ભટકી અને મૃતઃપ્રાય થાય છે. એ તૃષ્ણા એની જીર્ણ નથી થતી પણ પોતાનો નાશ થઈ જાય છે.

વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે કે, એકવખત ભગવાનનો **દૃઢ નિશ્ચય** થઈ જાય પછી જગત મિથ્યા લાગવા માંડે છે. એમાં ક્યારેય જીવાત્માની આસક્તિ થાય નહીં એવો **મહિમા** એવો **આત્મસંબંધ** આપણે આ કથાના માધ્યમથી માણ્યો છે. માટે આ માણેલું જીવંત કેમ રહે ? તો એને વાગોળતું રહેવું પડે. એનો નિદિધ્યાસ કરતો રહેવો પડે. શાસ્ત્ર એમ કહે છે કે, જેને શાસ્ત્રો ખોટા લાગે એને મોક્ષમાર્ગમાં આંખો જતી રહે, આંધળા થઈ જઈએ. શા માટે ? આ શાસ્ત્ર આપણને **વિવેક** શીખવે છે. **જીવતા શીખવે છે અને મરતા પણ શીખવે છે.** વ્યક્તિનું જીવન કેવું હોવું જોઈએ અને મૃત્યુ પછી કેવી ગતિને પામવી જોઈએ એ પણ આ **શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્ર** શીખવે છે.

વ્યક્તિ જ્યારે સમજ્યા વિના, વિવેક વિના જીવે ત્યારે **અનેક કષ્ટ** મળતા હોય છે. આ કળિયુગમાં અનેક એવા હથેળીમાં ચંદ્રમા બતાવનારા ફરતા હોય. તામસી, આસુરી, મલિન, સાત્ત્વિક આદિક ઘણા પ્રકારની **વિદ્યાઓ** પ્રવર્તે છે. સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા બાદ એવી વિદ્યાવાળા ચૌદ પ્રકારના ભગવાન ફરતા થયા હતા. વ્યક્તિ જ્યારે વિવેક ચૂકે અથવા **સત્યની ઓળખાણ** ન જ કરવી હોય ત્યારે તેમાં મોહ પામે છે. ભગવાને આપણને વિવેક અને બુદ્ધિ આપી છે. એનો સદુપયોગ કરી જો પોતાના કલ્યાણને ઈચ્છતા હોય તો **કલ્યાણકારી અવસરો**ને પકડી લેવા જોઈએ. પોતાના અજ્ઞાનતાવશ એવા અવસરો ચૂકી જઈએ તો **પરિસ્થિતિ** એવી પણ આવે કે, આ લખચોરાશીના આ ફેરામાં **મનુષ્યજન્મ સાર્થક** ન કરી શકીએ. આપણે બાળચરિત્રમાં જોયું કે, કાલિદત્ત અને કૃત્યા જેવી આસુરી શક્તિઓ ભગવાનને પણ હણવા તત્પર થઈ હતી. પરંતુ ભગવાનના ભક્ત જે છે, ભગવાનને પામવા માટે જે તલસે છે તેઓ કદી વિવેક ચૂકતા નથી. ધર્મદેવ અને ભક્તિમાતાને જ્યારે **અતિ કષ્ટ** પડ્યું ત્યારે ભગવાને દર્શન દઈને કહ્યુ હતું કે, આ અસુરો તમને કષ્ટ આપે છે એ તમારા કર્મ નથી આપતા, પરંતુ તમે મારા છો અને તમને મારા જાણીને અસુરો **ઉપદ્રવ** કરે છે.

ભગવાનને પામવા માટે કોઈ શાસ્ત્રોએ **સરળ માર્ગ** બતાવ્યો નથી. આ જગતના પંચવિષય ભોગવતા થકા, મોજશોખ કરતા થકા ભગવાનની પ્રાપ્તિ થાય તે શક્ય નથી.

આપણી રૂચિથી વિપરીત કાર્ય જ્યારે કરવું હોય ત્યારે વિપરીત લાગે. પણ જો એને રૂચિ બનાવી લઈએ એને આપણો **જીવનપ્રાણ** બનાવી લઈએ તો આપણને કઠીન નહિ લાગે. અને એવી રૂચિ અને એમાં **આત્મીયતા** થઈ જાય તો આપણને એનો ભાર પણ નહિ લાગે. ભગવાને એમના ચરિત્રો દ્વારા આપણને સમજાવવા પ્રયત્ન કર્યો છે. જ્યારે બાળપ્રભુ છપૈયાથી અયોધ્યા પધાર્યા ત્યારે છપૈયાવાસીઓ કહે છે કે, અમે તમારો વિયોગ સહન નહીં કરી શકીએ. અને ભગવાન શ્રીહરિ સ્વધામગમન સિધાવ્યા ત્યારે પણ **પ્રતિજ્ઞા** લેવડાવવી પડી હતી. શ્રીજીમહારાજ જાણતા હતા કે, આ સંતો-ભક્તો અમારો વિયોગ સહન નહીં કરી શકે. શ્રીમદ્ ભાગવતમાં પણ **એક પ્રસંગ** આવે છે. અક્રૂરજી શ્રીકૃષ્ણ પરમાત્માને જ્યારે મથુરા લઈ જવા આવ્યા છે ત્યારે શ્રીકૃષ્ણચંદ્રજીએ અક્રૂરજીને કહ્યું કે, ગોપિકાઓની દૃષ્ટિ આપણા ઉપર ન પડે તેમ આપણે ગોકુળ ચાલ્યા જઈએ. નહીતર મને જવા દેશે નહિ. અને થયું પણ તેમજ. આ પ્રસંગની નોંધ શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ લીધી છે. ગોપિકાઓ ભગવાન શ્રીકૃષ્ણને રોકવા ગઈ ત્યારે મનમાં સંકલ્પ કરીને ગઈ હતી કે, આજે તો ગમે તેવી લોકલાજ આડી આવે તો

મૂકી દેવી છે. પણ શ્રીકૃષ્ણને જવા દેવા નથી. આવો જ્યારે **સમર્પણભાવ** થાય ત્યારે ભગવાન દ્વારકાના મહેલમાં રહેતા હોય ને કોઈ એમ પૂછે કે, પ્રભુ ! આપ કેમ રડો છો ? ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, ગોકુળના ભક્તો મને યાદ આવે છે.

આવા ચરિત્રોના માધ્યમથી ભગવાન આપણને શીખવે છે કે, ભગવાનના, સત્સંગના માર્ગ પર ચાલવાથી અવરોધો આવે અને એ અવરોધોને દૂર કરી ભગવાનની સાથે આપણું જીવન તન્મયતાથી જોડી દઈએ તો કોઈ અવરોધો નડશે નહીં. પરમાત્માને સમર્પિત થઈને કાર્ય કરીએ આપણા **યોગ** અને **ક્ષેમ**નું વહન ભગવાન પોતે કરે છે. અને એવા ભગવાન શ્રીહરિના **સાનિધ્ય**ને આપણે પામ્યા છીએ. એ જ આપણા જીવનની **બહુ મોટી ઉપલબ્ધિ** છે.

આજે લંડનના ભક્તો ખૂબ ભાગ્યશાળી છે કે, આવો રૂડો **સત્સંગનો અવસર** મળ્યો છે. અમો ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરીએ કે, આવાને આવા અવસરો હરહંમેશ પ્રાપ્ત થતા રહે, સત્સંગમાં દિન-પ્રતિદિન દૃઢતા થાય, ભગવાન શ્રીહરિની **સ્વરૂપનિષ્ઠા**ની વધુને વધુ **દૃઢતા** થાય..! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૩, સત્ર - ૨

આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાના શ્રવણ દ્વારા જીવાત્માને **મોક્ષમાર્ગ**માં **બળ** મળે છે અને મોક્ષમાર્ગમાં રહેલ અંધકાર દૂર થાય છે. ભગવાન શ્રીહરિના શ્રીમુખે નીકળેલી વાણી જેને આપણે **'હરિગીતા'** તરીકે ઓળખીએ છીએ. ભગવાન શ્રીહરિએ ભક્તિમાતાને **ઉપદેશ** આપી આ સમગ્ર સત્સંગસમાજને **ઉજાગર** કર્યો છે. આપણે ઘણીવખત આ વાત દોહરાવતાં હોઈએ છીએ કે, પામર જીવાત્મા આ લોકમાં જ્યારે જન્મ પામે છે ત્યારે પોતાના કર્મને ભોગવવા માટે જન્મ મળે છે. પણ જ્યારે મુક્તો આ લોકમાં પધારતા હોય, સ્વયં ભગવાન આ લોકમાં પ્રાગટ્યને પામતા હોય ત્યારે એમનો ઉદ્દેશ માત્ર કર્મ ભોગવવાનો નથી હોતો. પરંતુ અનંત જીવાત્મા તેના આત્યંતિક કલ્યાણના માર્ગે ધર્મના માર્ગે વળે એવો પણ એક **આશય** રહ્યો છે.

આપણને એમ લાગે છે કે, દુર્વાસામુનિએ જે **શાપ** આપ્યો એ શાપને વશ થઈ ધર્મદેવ, ભક્તિમાતા, રામાનંદ સ્વામી, નંદસંતો, મુક્તોએ આ લોકમાં આવ્યા હતા.પરંતુ જ્યારે ભગવાન શ્રીહરિએ કરેલા **દિવ્યચરિત્રો** અને **કાર્યો,** નંદસંતો દ્વારા કરાવેલા કાર્યો તેના તરફ આપણી દૃષ્ટિ નાખીએ ત્યારે આપણને એ વાત સ્પષ્ટપણે સમજાશે કે, ભગવાન અને અક્ષરધામના મુક્તો, ધર્મદેવ-ભક્તિમાતા ઈત્યાદિ દુર્વાસામુનિના શાપથી આ લોકમાં પધાર્યા નહોતા. પણ તમારા અને મારા જેવા જીવાત્માને માટે આ ભવસાગર પાર ઉતારવાને માટે, જન્મમરણના ચક્રમાંથી મુક્ત કરાવવાને માટે અને પામર જીવનું જે કલંકિત લેબલ આપણા ઉપર લાગ્યું છે એ કલંકિત લેબલમાંથી મુક્ત કરી બ્રહ્મસ્થિતિ પમાડી અક્ષરધામના મુક્ત બનાવવાને માટે ભગવાન શ્રીહરિ અને મુક્તોનું આ લોકમાં **પ્રાગટ્ય** થયું હતું.

વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે કે, ભગવાન આ લોકમાં રામ-કૃષ્ણાદિ રૂપે **અવતાર** ધારણ કરે છે એ અનંત જીવાત્માના કલ્યાણને અર્થે કરે છે. ભગવાન શ્રીરામનું પ્રાગટ્ય પણ મર્યાદા પુરુષોત્તમ તરીકે થયું હતું. જીવાત્માએ કેમ જીવન જીવવું જોઈએ ? ધર્મને પોતાના જીવનમાં કેમ સ્થાન આપવું જોઈએ ? ધર્મપરાયણ જીવન જીવતી વખતે કેવા કષ્ટ સહન કરવા પડે છતાંય ધર્મનો ત્યાગ ન થાય એવા **સિદ્ધાંતો**ને સ્થાપિત કરવા માટે એવું **જીવન** પોતે જીવીને બતાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાના ઉપદેશથી અનંત જીવાત્માઓ **બ્રહ્માંડના રહસ્ય** સમજી શક્યા નહોતા એવા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના રહસ્યો સમજાવ્યા. આમ તો ઉદ્‌બોધન અર્જુનજીને કર્યું હતું, પરંતુ એના **માધ્યમ**થી સમગ્ર સંસારને એક **નવો માર્ગ** ચીંધ્યો. અને એ જ **દિવ્ય વાત** એ જ કલ્યાણની વાત ભગવાન શ્રીહરિએ ભક્તિમાતાને નિમિત્ત બનાવી અને **'હરિગીતા'**ના માધ્યમથી આજે સત્સંગને સુપ્રત કરી છે. પામર બુદ્ધિથી જો સમજીએ તો આ વાત આપણને બહુ દૃઢપણે ન સમજાય.

વચનામૃતમાં શ્રીજીમહારાજે જીવાત્માને **ભગવાનના સ્વરૂપની દૃઢતા** કેમ થાય તે વાત સમજાવી છે. ચારપ્રકારની શક્તિઓ એમાં કામ કરતી હોય છે. જગતમાં એક વર્ગ એવો છે કે, જે મૂઢપણાથી ભગવાનને માને છે વિશેષ કોઈ જ્ઞાન અને સમજણ નથી. પણ એકવખત દૃઢતા થઈ ગઈ કે આ વાત સાચી છે. જેને **મૂઢપણાનું જ્ઞાન** કહ્યું છે. એવી વૃત્તિથી જીવાત્મા જો ભગવાન સાથે જોડાઈ જાય પછી બ્રહ્માદિ એનું મન ડોલાવવા પ્રયત્ન કરે તો પણ એને મન ડોલે નહીં. એવી સ્થિતિથી જીવાત્મા ભગવાનની સાથે જોડાય તો એનું કલ્યાણ થાય છે. મૂઢપણાથી સાચું પકડાય તેમ રખેને ખોટું પકડાય જાય તો એ જીવાત્માને આજીવન સમજાવો તો જેમ સત્ય છૂટતું નથી તેમ ખોટું પણ છૂટી શકતું નથી. જેમ સત્યમાર્ગથી મોક્ષ મળી શકે એમ ખોટા માર્ગથી દુર્ગતિ પણ થઈ શકે એવી સંભાવનાઓ રહેલી છે. આપણે **આત્મ-પરીક્ષણ** કરવું કે, આપણે કેવા માર્ગમાં છીએ.

મૂઢપણામાં **કેવટ**ને ગણી શકાય. કેવટને બાળપ્રભુ ઘનશ્યામ મહારાજને રમાડવાનો મોકો મળ્યો. કેવટે નથી શાસ્ત્રનો કે વેદપુરાણોનો અભ્યાસ કર્યો કે નથી કોઈ એવા સત્સંગનો સમાગમ કર્યો. પણ એક ભગવાનની સમક્ષ દૃષ્ટિ ગઈ ને કેવટને આત્મીયતા - એકાત્મપણું થઈ ગયું તે મૂઢપણાથી પકડી રાખ્યું. એ મૂઢપણાને છોડ્યું નથી. કેવટે પોતાનું કલ્યાણ કર્યું છે. અજ્ઞાનતાથી પણ સત્ય પકડાય તો કલ્યાણ કરે છે.

વચનામૃતમાં બીજી વાત સમજાવતાં **શ્રીજીમહારાજ** કહે છે કે, ભગવાન સાથે અતિ પ્રીતિ થઈ ગઈ હોય. પ્રીતિનું નામ જ ભક્તિ છે. જીવાત્માને ભગવાનના સ્વરૂપમાં અતિ અનુરાગ થાય ત્યારે બીજા બધા પદાર્થો નાશવંત લાગે છે. જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોય પણ થતી નથી. આવી પ્રીતિ-ભક્તિ ગોપીઓની હતી. શ્રીજીમહારાજ પણ તે ભક્તિને વચનામૃતમાં વખાણે છે. કદાચ વેદ-ઉપનિષદ કે પુરાણનો અભ્યાસ કર્યો

નહોતો. અક્રુરજી અને ઉદ્ધવજી જેવી એ ગોપીઓ જ્ઞાની નહોતી. ઉદ્ધવજીને વૃંદાવનમાં ઉપદેશ કરવા મોકલ્યા ત્યારે જ્ઞાન ન હોવા છતાં પણ ભગવાન સાથે ગોપીઓનો પ્રેમ ગાઢ હતો તો એમને ઉદ્ધવજી એ પ્રીતિમાંથી ચલિત કરી શક્યા નહિ. છેવટે ઉદ્ધવજીને પણ સ્વીકારવું પડ્યું કે, **'મોટાં ભાગ્ય માતાજી મારાં, જે કૃષ્ણે મુજને મોકલ્યો; સુણી સુધાસમ વાણી તમારી, પ્રેમેશું પીતાં હું છળ્યો.'** ભગવાન શ્રીકૃષ્ણજી ગોપીઓના વખાણ કરે તે મિથ્યા નથી.

ગોપીઓના જેવી **પ્રેમલક્ષણા ભક્તિ** જીવાત્માને થઈ જાય તો કંઈ કરવાનું રહેતું નથી. જેને ભગવાનનો આવો મહિમા નથી, ગોપીઓના જેવી પ્રીતિ નથી, ભગવાનનું **યથાર્થ સર્વોપરિપણું** નથી સમજાયું તો એની બુદ્ધિ કેવી કામ કરે ? તો જેવું હેત ભગવાનના સ્વરૂપમાં થાય એવું ને એવું હેત જગતના પદાર્થોમાં જીવાત્મા કરી બેસે છે. પરંતુ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ **પરાકાષ્ઠા**એ પહોંચી જાય તો એ જીવાત્માને કોઈ પદાર્થ નડતું નથી. પણ એવી સ્થિર મતિ રહેવી ઘણી કઠીન બાબત છે. ઘણીવખત એવું થાય કે, ભગવાન આપણા સંકલ્પ પરિપૂર્ણ કરે, જ્યાં સુધી આપણને સુખીયા કરે, યશ-કીર્તિ આપે ત્યાં સુધી ભગવાન...!! અને કાંઈક પરીક્ષામાં મૂકે એટલે આપણે ભગવાનના મટી જઈએ છીએ. એ સમજણમાં કચાશ રહી એનું કારણ **પૂર્ણ મહિમા** સમજાયો નથી.

ત્રીજી વાત સમજાવતાં **શ્રીજીમહારાજ** કહે છે કે, ભયથી પણ ભગવાનની **સ્વરૂપનિષ્ઠા** દઢ થાય છે. જ્યારે જાણે કે આ જગત મિથ્યા છે, એ જગત મિથ્યાને કારણે કરેલું પાપકર્મ એના ફળસ્વરૂપે યમના દૂતો લેવા આવશે અને નરકચોરાશીમાં જ્યારે નાખશે ત્યારે એ કષ્ટ સહન નહીં થાય.

માંગરોળમાં શ્રીજીમહારાજે **સમાધિ-પ્રકરણ**માં અનંત જીવોને સમાધિમાં પોતપોતાના **ઈષ્ટદેવના દર્શન** કરાવ્યા. ત્યારે આ વાત ત્યાંનાં નવાબ વજરુદ્દીન પાસે પહોંચી. વજરુદ્દીને પોતાના કાજીને કહ્યું કે, તમે જઈને તપાસ કરો કે સ્વામિનારાયણ **સમાધિ** કરાવે એ સાચી કે ખોટી છે. અને પરીક્ષા કરવા માટે કાજી ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને કહ્યું કે, તમે મને મારા પયંગબરના દર્શન કરાવો. ત્યારે શ્રીજીમહારાજ તેને કહે, તમે તો રાજાના દિવાન કહેવાવ, કાંઈક આડા-અવળું થાય તો અમને ઠપકો મળે એટલે અમે સમાધિ નહિ કરાવીએ. પછી કાજીએ કહ્યું કે, મને નવાબે એ જ જાણવા માટે મોકલ્યો છે માટે મને સમાધિ કરાવો. ત્યારે મહારાજે તેને કહ્યું : તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એ નામનું સ્મરણ કરો. પછી જ્યારે કાજીએ સ્વામિનારાયણ નામનું સ્મરણ કર્યું છે ત્યારે પ્રથમ મહારાજે તેને જમપુરી દેખાડી છે. જમપુરીમાં જીવાત્માને ભોગવવો પડતો ત્રાસ જોઈને કાજી **ત્રાહિમામ્ ત્રાહિમામ્** પોકારી ઊઠ્યો. અને તેમાંથી મુક્ત થવા માટે મહારાજને **પ્રાર્થના** કરવા લાગ્યો. ત્યારે મહારાજે તેને પુનઃ સ્વામિનારાયણ નામ લેવા કહ્યું. એટલે કાજીએ પુનઃ સ્વામિનારાયણ નામ લીધું ત્યારે મહારાજે તેને અક્ષરધામના સુખનો **અનુભવ** કરાવ્યો.

અને એ પ્રતીતિ કરાવી મહારાજે પાછા સભાન અવસ્થામાં કાજીને લાવ્યા. અક્ષરધામમાં સદાસાકાર દ્વિભુજ મૂર્તિની અનુભૂતિ પોતાના સ્વરૂપમાં કરાવી કાજીએ પોતે તો ભગવાન શ્રીહરિની શરણાગતિ સ્વીકારી પણ નવાબને વાત કરીને તેને **શરણાગત** કર્યા છે.

આ પંચભૌતિક દેહના ત્યાગ પછી અહીંયા મેળવેલી વસ્તુઓ અહીંયા જ પડી રહે છે. અને જીવાત્માના કર્મો જ સાથે જાય છે. અને એવા જે જીવાત્માએ કરેલા કર્મ એ અધોગતિના માર્ગ ઉપર લઈ જાય ત્યારે જીવાત્માને કેવું કષ્ટ સહન કરવું પડતું હોય છે. એવો ભય રાખે ને તોપણ જીવાત્મા પાપકર્મમાંથી પાછો વળે. જગતના મોહમાયામાંથી પાછો વળે અને એમાંથી પાછો વળે ત્યારે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થાય. જગતના પદાર્થથી વિશેષ સમજે તો ભગવાનના સ્વરૂપમાં પ્રેમ થાય.

ગઢડા **મધ્ય પ્રકરણ**ના ૨૯મા **વચનામૃત**માં શ્રીજીમહારાજ કહે છે : "...ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય તેના આવા લક્ષણ હોય જે, 'પોતે માર્ગે ચાલીને અતિશય થાકી રહ્યો હોય ને બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય અને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી, એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા-સાંભળવામાં અતિશય તત્પર થઈ જાય. અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય ને તેવામાં જો ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી ગમે તેવી રાજ્યસમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય.' એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય તેને એ ભગવાનને વિષે દઢ આસક્તિ થઈ જાણવી."

**'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને...'** હરિનો માર્ગ તો શૂરવીરનો છે. જેને એમ હોય કે, જગતને, પંચવિષયને મિથ્યા કરીને, માયાને હરાવીને મારે ભગવાનને પામવા જ છે. આવી જેના હૃદયમાં ખુમારી હોય એવા ભક્તોને માટે સત્સંગનો માર્ગ બન્યો છે, આ માર્ગ કાયરનો છે જ નહીં. અને એ કદાચ પ્રયત્ન કરે તો તેને કર્મ કર્યું છે એટલે શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યા પ્રમાણે ભક્તિ ભલે ખુમારી કે શૂરવીરતાથી નથી કરી અને તેમ છતાંય ભક્તિ કરી છે તો એનું ફળ કોઈ કાળે રઝળતા રઝળતા મળશે. અને ફરીને આ સત્સંગનો યોગ કરાવીશું. પણ આ રીતે ભક્તિ જ્યાં સુધી નહીં કરવામાં આવે ત્યાં સુધી અમે અમારા ધામમાં તેડી જવાના નથી. આવો **સિદ્ધાંત** શ્રીજીમહારાજે સમજાવ્યો છે. આપણી કરેલી ભક્તિ મિથ્યા થતી નથી, પણ આ જન્મને જો છેલ્લો જન્મ કરવો હોય, આ જન્મમાં જ ભગવાન શ્રીહરિના ધામમાં જવું હોય, બીજું ભટકવું ન હોય તે માટે ભગવાન શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો લઈને ચાલીએ તો આપણને એમાં સફળતા મળે છે. શ્રીજીમહારાજ કહે છે કે, એક જન્મે, અનેક જન્મે કર્મો કરો તોય ભલે, પણ અમે જેમ કહ્યું છે તેમ નહીં કરો તો તમારે ને અમારે ઘણું છેટું પડી જશે.

કહેવાનું **તાત્પર્ય** એ છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે **ત્રણ બાબત**ની **શુદ્ધતા** બતાવી છે. આ સંપ્રદાય માત્ર ઉપદેશ નથી, પણ **આચરણનો સંપ્રદાય** છે. શ્રીજીમહારાજે **આચરણ, ઉપાસના** અને **ભક્તિ**ની શુદ્ધતા બતાવી. આ ત્રણ શુદ્ધતાનું જ્યારે **એકાત્મપણું** થાય ત્યારે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** બને છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ઘણીવખત **દૃષ્ટાંત** આપે છે કે, રેશમની દોર હોય, ગાંઠ મારી હોય અને તેના પર તેલનું ટીપું મૂકો પછી એ દોરી તૂટે તો ભલે પણ એ ગાંઠ તૂટે નહીં. આવી ભગવાનના સ્વરૂપનિષ્ઠાની દઢતા થશે, ભગવાન શ્રીહરિની આજ્ઞા-મર્યાદા અને વચનમાં આવો વિશ્વાસ થશે ત્યારે આપણે તે માર્ગ ચાલી શકીશું. જેમ ગંગામાં સ્નાન કરીને અનંત જન્મના પાપ બળી જાય એવું **બિરુદ** છે. એકવાર ડૂબકી મારો, બે વાર મારો કે ક્યારેક કોઈને અંતસમો હોયને એના મુખમાં ગંગાજળ મૂકો તો એના પાપકર્મો બળીને ભસ્મ થાય. પરંતુ તેની અવગતિ ન થાય પણ જો મોક્ષ કરવો હોય તો ધર્મ-ભક્તિ, ઉપાસનાની દઢતા કરવી પડશે તો જ અક્ષરધામ સુધી પહોંચી શકાશે.

આજે એવી દઢતા આપણે આ **કથા મહોત્સવ**ના **માધ્યમ**થી કરી રહ્યા છીએ. આ કથા માત્ર સાંભળવાની નથી, પણ એ કથાને જીવનમાં ઉતારવાની છે. ભગવાન શ્રીહરિના સિદ્ધાંતો આપણા શ્વાસે-શ્વાસમાં વણાઈ જશે અને ભગવાન શ્રીહરિનો **સર્વોપરિ મહિમા** આપણા હૃદયમાં સમજાય જશે ત્યારે આપણને કંઈ કરવાનું બાકી નહિ હોય તેવી અનુભૂતિ થશે.

**જીવાત્માની સ્થિતિ** શાસ્ત્રમાં અનેક બતાવી છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ **સનાતન તત્ત્વો** બતાવ્યા છે. એમા જીવની અવસ્થા ત્રણ પ્રકારે વિભાજીત કરી છે. જીવ જ્યારે સામર્થીયુક્ત થાય છે ત્યારે ઈશ્વરકોટિને પામે છે. એને એથી જ્યારે સામર્થીયુક્ત થાય ત્યારે **બ્રહ્મ અવસ્થા**ને પામે છે. પણ એ જીવાત્માને બ્રહ્મ અવસ્થા સુધી પહોંચવા માટે આ સત્સંગના માર્ગે ચાલવું અત્યંત જરૂરી છે. અને એવી જ્યારે બ્રહ્મસ્થિતિ અવસ્થાને પામીએ ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણનો શિક્ષાપત્રીમાં **સ્પષ્ટ આદેશ** છે કે, બ્રહ્મસ્થિતિને પામ્યા પછી પણ આપણી યાત્રા વિરામ થતી નથી. એ તો નિરંતર ભગવાનની સેવાપરાયણ જ રહેવાનું છે. બ્રહ્મસ્થિતિને ભલે પામી ગયા, પણ ત્યાં પહોંચીને પણ ભગવાન શ્રીહરિની સેવા કરવી એનું નામ **મુક્તિ** છે. અને એ ભક્તિનો, સેવાનો અને ભગવતપરાયણતાનો માર્ગ શરૂ રહે એ સમજવાની ખૂબ **આવશ્યકતા** છે. આમ તો આ શ્રીમદ્ સત્સંગિજીવન આખો ગ્રંથ જીવનમાં ગહનતાથી ઉતારવાની જરૂર છે. પરંતુ આમાંથી દસ ટકા પણ જો જીવનમાં ઉતારીશું તો એનાથી વધારે ને વધારે પાવન થતા જઈશું.

અમો ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં **પ્રાર્થના** કરીએ કે, તમારા જીવનમાં વિશેષને વિશેષ ભક્તિનો ઉમેરો થાય અને જેવો ભગવાનનો રાજીપો અત્યારે વર્તે છે એનાથી અધિકગણો વર્તે. અને ખાસ કરીને અહીંના યુવાનોમાં આ **સત્સંગનો વારસો** જળવાય. એમના જીવનમાં ભગવાન શ્રીહરિનો **મહિમા** વધુને વધુ સુદૃઢ થાય, સત્સંગનું **અધિક બળ** મળે તેવી પ્રાર્થના સહ...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૪, સત્ર - ૧

શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી ભગવાન શ્રીહરિના **વનવિચરણ**ના પુલહાશ્રમમાં કરેલા તપ આદિક **પ્રસંગો**નું આપણે શ્રવણ-મનન કર્યું. જગતમાં જીવાત્મા વ્રત-તપ આદિ કરે છે એ પોતે પોતાના કર્મબંધનમાંથી મુક્ત થવા કરતો હોય અથવા કોઈ ફળની પ્રાપ્તિ માટે કરે છે. પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે અનુષ્ઠાન વ્રત-તપ વગેરે કરતા હોય છે. સારંગપુર પ્રકરણના ૧૯મા **વચનામૃત**માં શ્રીજીમહારાજને આ બાબતે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે, ભગવાન નરનારાયણ બદરીકાશ્રમમા રહીને **અખંડ તપ** કરે છે એ તપ **કોના માટે** કરે છે ? એકબાજુ શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે વાત કરીએ તો ભગવાન કર્તા-અકર્તા એટલે કર્મ કર્યા પછી પણ જો નિર્લેપ રહી શકે એવું જો કોઈ તત્ત્વ આ સૃષ્ટિમાં, બ્રહ્માંડમાં કોઈ હોય તો એ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે. જીવપ્રાણીમાત્ર એ કર્મથી લેપાય છે એવો **શાસ્ત્રનો મત** છે. જ્યારે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ એ કર્મ કર્યા છતાં પણ કર્મથી લેપાતા નથી. નિર્લેપ રહે છે. તો ભગવાનને આવા વ્રત-તપ કરવાનું શું **પ્રયોજન** હોઈ શકે ? આપણે આ કથાના માધ્યમથી સાંભળ્યું કે, મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ પુલહાશ્રમમાં ઘોર તપ આદર્યું. એ તપ કરવાની ભગવાનને શી જરૂર પડી ? એ પ્રશ્ન આપણને પણ મનમાં થાય. જગતના જીવને અપેક્ષા સાંસારિક-પારીવારીક સુખની હોય, ધન-સંપત્તિ-પુત્ર-પરિવાર આદિની અપેક્ષા હોય અને અન્યથા નિષ્કામભાવે ભક્તિ કરતો હોય તો ભગવાનની પ્રસન્નતાની પણ અપેક્ષા હોય કારણ કે, એકવાત બહુ નિર્વિવાદ છે કે કોઈપણ કાર્યની સિદ્ધિ કરવી હોય તો સંકલ્પ વિના કાર્યની શરૂઆત નથી થતી. અને સર્વ સામાન્ય નિયમ છે કે સિદ્ધિ ક્યારે પ્રાપ્ત થાય ? તો જ્યારે સાધક, સાધન અને સાધ્ય - આ ત્રણેયની **એકરૂપતા** જ્યારે કેળવાય, સાધક-સાધનના માધ્યમથી સાધ્યમાં જ્યારે ઓતપ્રોત થઈ જાય ત્યારે એને સિદ્ધિની પ્રાપ્તિ થતી હોય છે. અને એનું નામ જ **તપ** કહ્યું છે.

શાસ્ત્રોમાં ભગવાનને તપ કરવા પાછળનું **પ્રયોજન** બહુ સુંદર રીતે સમજાવ્યું : "જગતના જે જીવ **વ્રત-તપ** કરે છે એ પોતાના કલ્યાણને અર્થે કરે છે. પરંતુ જ્યારે ભગવાન **કઠીન તપ** આદરતા હોય, કોઈ યજ્ઞાદિ કરાવતા હોય, કોઈ વ્રત-તપના નિયમો પોતે કરતા હોય કે કોઈની પાસે કરાવતા હોય એની પાછળનું પ્રયોજન શું હશે ?" ત્યારે ભગવાન શ્રીહરિના શબ્દો કહીએ તો, 'ભરતખંડમાં વસતા જે ભગવાનના એકાંતિક ભક્તો છે તેના કલ્યાણને અર્થે કરે છે.' આમ જોતા એમ લાગે કે ભરતખંડમાં વસતા ભક્તોને જ એનો **લાભ** મળે છે. ભરતખંડ એ પરમાત્માના **પ્રાગટ્યની ભૂમિ** છે. અને ભારતવર્ષમાં જન્મેલા એના મૂળ સાથે જોડાયેલા જ જીવાત્મા જેનો યોગ ભગવાન સાથે થયો છે. એ પરમાત્માની કૃપાનો પ્રસાદ જીવાત્મા સુધી પહોંચી શકે એટલા માટે નરનારાયણ દેવ બદરીકાશ્રમમાં અખંડ તપ કરે છે.

અને આ જ રીતે શ્રીમદ્ સત્સંગિજીવન કથામાં મહાપ્રભુ **શ્રી નીલકંઠ વર્ણી** પોતાના શરીરની અવસ્થાનું પણ ભાન રાખ્યા વિના શરીરને સુકવી નાખ્યું હતું. વર્ણીપ્રભુ ચાલતા હોય ત્યારે

પગમાં કાંટો વાગે તો લોહી ન નીકળે પણ પાણી નીકળે. એવું ઘોર તપ આદરી અને આ જગતમાં ભગવાનને શરણે આવેલા મુમુક્ષુજનો એને કેમ ભગવાનની પ્રાપ્તિ થાય, એને કેમ બળ મળે, એને કેમ ભગવાનના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા થાય એના માટે ભગવાન શ્રીહરિએ આ **તપ** આપણા માટે કર્યું છે. માટે આપણે ભગવાન શ્રીહરિના હંમેશા **ઋણી** રહેશું.

શ્રીજીમહારાજ વનવિચરણ કરતી વખતે **બદરીકાશ્રમ** બાજુ આવ્યા છે ત્યારે **ચાર યુગો** મનુષ્યતનનું ધારણ કરીને ભગવાનની સામે આવ્યા છે. સૌપ્રથમ બ્રાહ્મણનો વેશ લઈ સત્યુગ ભગવાનની પાસે આવીને નતમસ્તક થઈ પ્રણામ કર્યા. બ્રાહ્મણ વેશ છે. અતિ દુર્બળ દેહ છે અને દુર્બળતા આંટો લઈ ગઈ હોય એવા દેહે સત્યુગ ભગવાનની સામે ઊભો છે. ભગવાને તેને પૂછ્યું : 'તમે કોણ છો અને શું **પ્રયોજન**થી આવ્યા છો ?' ત્યારે સત્યુગે પોતાની ઓળખાણ આપી કે, હું સત્યુગ છું. ત્યારે ભગવાને તેને કહ્યું : 'તમારી અવસ્થાનું કારણ શું ?' ત્યારે સત્યુગે ઉત્તર કર્યો કે, હે પ્રભુ ! મારા યુગમાં ભગવાનનું ખૂબ ભજન થતું હતું. સત્ત્વગુણપ્રધાન એ યુગ હતો અને એને કારણે ધર્મ-કર્મ ખૂબ થતા હતા. તેનાથી મને ખૂબ પોષણ મળતું. જેથી કરીને હૃષ્ટપુષ્ટ એ સમયમાં હતો. આ કળિયુગમાં મને પોષણ મળતું નથી. ધર્મ, સદાચાર આદિ ગૌણ થઈ ગયા છે. તમોગુણ પ્રધાન થઈ ગયો છે. એટલા માટે મારી આ દુર્બળતા છે. ત્યારે ભગવાન શ્રીહરિએ **વરદાન** આપ્યું કે, અમે જે ધર્મનું સ્થાપન કરીશું અને એમાં અમે ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યને પોષણ આપી અને તમને સત્યુગના ગુણને પોષણ મળે એવું કરીશું. પછી નીલકંઠ વર્ણીએ સત્યુગને વિદાય કર્યો.

પછી બીજું સ્વરૂપ લઈ ત્રેતાયુગ અને દ્વાપરયુગ એ પણ ક્ષત્રિય અને વૈશ્યનું રૂપ ધારણ કરીને ભગવાન પાસે આવ્યા અને પોતાનું દુઃખ રજૂ કર્યું કે, અમારા યુગમાં પણ મોટા મોટા યજ્ઞાદિ થતા, અનુષ્ઠાનો થતા એના દ્વારા અમને પણ પોષણ મળતું. અને હવે એ બધું લુપ્ત થઈ ગયું છે. અને યજ્ઞાદિ આદિમાં હિંસાનું પ્રાધાન્ય થયું છે. તેથી એ યજ્ઞ અમારા સુધી પહોંચતા નથી તેથી અમારા યુગમાં અમને પોષણ મળવું જોઈએ એ મળતું નથી. ભગવાને એને પણ વરદાન આપ્યું છે કે, અમે પણ અહિંસક યજ્ઞોને પ્રાધાન્યતા આપીશું. મંદિરો આદિ નિર્માણ કરાવી ઉપાસના-ભક્તિનો માર્ગ પ્રશસ્ત કરીશું. ભગવાન શ્રીહરિએ બંને યુગને વરદાન આપી ત્યાંથી વિદાય કર્યા.

પછી શૂદ્રના વેશમાં કળિયુગ આવીને ઊભો છે પણ ભગવાનની સામે ગુસ્સો, ક્રોધ વ્યક્ત કરે છે. મહારાજને કહે છે કે, જ્યારે સત્યુગ, દ્વાપર અને ત્રેતાયુગ હતા ત્યારે તો હું ભાગ પડાવવા આવ્યો નહોતો. તો અમારા યુગમાં સત્યુગ, દ્વાપર અને ત્રેતાયુગને વરદાન આપીને તમે ન્યાલ કર્યા. મારા હિસ્સાનું સામ્રાજ્ય હતું એ છીનવીને આ ત્રણે યુગોને આપી દીધું. મારા યુગનો અર્થ શું રહેશે ? મારું રાજ્ય ક્યાં રહેશે ? હું મારો પ્રભાવ ક્યાં નાખીશ ? ત્યારે મહારાજે એના પર **કરુણાદૃષ્ટિ** કરી. કારણ કે, યુગ કળિયુગ છે. અને વાત સાચી હતી. ન્યાય કરવા બેઠા હોઈએ અને કોઈનો હક્ક છીનવીને ન્યાય કરીએ તો તેને સાચો ન્યાય ન કહેવાય. અને સત્યુગ, ત્રેતા અને દ્વાપરયુગ એ એના પ્રધાનપણામાં હતા ત્યારે શાસ્ત્રનો મત છે કે સત્યુગમાં સત્ત્વગુણ પ્રાધાન્ય હોય, ત્રેતામાં સત્ત્વ અને રજોગુણી પ્રાધાન્યતા હોય અને દ્વાપરમાં રજો અને તમોગુણનું પ્રાધાન્ય હોય અને કળિયુગમાં કેવળ તમોગુણનું પ્રાધાન્ય હોય. તો ત્યારે તમે સત્ત્વગુણને પ્રાધાન્યતા આપી. તમે ધર્મમાર્ગ સ્થાપન કરશો, ભક્તિમાર્ગ સ્થાપન કરશો, અહિંસાદિ યજ્ઞ કરાવશો, મંદિરોનું નિર્માણ કરાવશો, ભજન-ભક્તિના માર્ગ ઉપર જીવાત્મા ચાલતા થશે તો હું મારો પ્રભાવ ક્યાં નાખીશ ? ત્યારે ભગવાન શ્રીહરિએ કળિયુગને આશ્વાસન ગણો કે વરદાન સમજો. ભગવાન શ્રીહરિ **કળિયુગને ક્યાં પ્રભાવ નાખવો** તે બાબતે કહે છે કે, અમારો આશ્રિત થાય, અમારી શિક્ષાપત્રીની બાંધેલી મર્યાદામાં, અમારી આજ્ઞામાં જે રહેતો હોય, શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની મર્યાદામાં રહેતો હોય, ભગવાનની ભક્તિ-ઉપાસનાના માર્ગ ઉપર ચાલતો હોય અને અમારા જે શરણાગત હોય તેના પર તમારો પ્રભાવ નાખવો નહીં. અને એ વિના આખા જગત ઉપર પ્રભાવ નાખો તો અમને વાંધો નથી.

આજે **એ વરદાન પ્રમાણે** ભગવાન શ્રી સ્વામિનારાયણનો જે આશ્રિત હોય એનું જીવનનું નિરીક્ષણ કરજો અને જગતના જીવાત્માનું નિરીક્ષણ કરશો તો બંનેની સરખામણીમાં ભગવાન શ્રીહરિના **આશ્રિતજનો** આંતરિક અને બાહ્ય ઘણા સુખી દેખાશે. પરંતુ આ ક્યાં સુધી ? તો જ્યાં સુધી ભગવાન શ્રીહરિની બાંધેલી મર્યાદામાં રહ્યા છીએ ત્યાં સુધી અને જો એ મર્યાદામાંથી બહાર નીકળ્યા એટલે કળિયુગ પોતાનો પ્રભાવ પાથરવા તૈયાર જ બેઠો છે. માટે એવા ભક્તોના **રક્ષણ** ને **પોષણ** માટે ભગવાન શ્રીહરિએ સત્સંગીઓની ચિંતા ક્યાં સુધી કરી છે ? તમે જુઓ પ્રથમ સત્સંગમાં આવે, પંચવર્તમાન ધરાવવામાં આવે ત્યારથી લઈ ભગવાનના ધામ સુધી. કોઈ જગ્યાએ જીવાત્માને કાળ-કર્મ અને માયાનો ભય ન રહે, અંતઃશત્રુઓનો ભય ન રહે એના માટે શ્રીજીમહારાજે એવી **બોર્ડર** મારી છે, એવી સેના મૂકી છે કે જેના રક્ષણથી જીવાત્મા નિર્વિઘ્નપણે પોતાના મોક્ષ સુધી પહોંચી શકે. પણ જો આ મર્યાદારૂપી **કિલ્લાચક્ર** મહારાજે મૂક્યું છે એનાથી બહાર નીકળવાનો પ્રયત્ન કરે તો એનો કોઈ ઠા રહે નહીં.

ભગવાન શ્રીહરિએ સાત-સાત વર્ષ સુધી **વનવિચરણ** કરીને આપણા માટે **તપ** કર્યું, કષ્ટો સહન કર્યાં. પોતાના મસ્તકે ઈંટો મૂકીને **મંદિરો** બનાવ્યા. સંતો દ્વારા ગામડે-ગામડે વિચરણ કરાવીને માન-અપમાન, દુઃખ-માર, ટાઢ-તાપ એ બધું સહન કરાવીને પણ ભગવાનના સ્વરૂપની **ઓળખાણ** કરાવી. એક સુંદર **નિષ્કંટક માર્ગ** ભગવાન શ્રીહરિએ આપણને સ્થાપિત કરીને આપ્યો. પરંતુ આપણે ઘણીવખત ચંચળતાવશ, અન્ય કોઈ કારણવશાત્ આ માર્ગને મૂકી બીજે જવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે બહારનું વાતાવરણ કેટલું ભયંકર છે એ આપણે વિચારતા જ નથી. અને એનો ગ્રાસ બની જઈએ છીએ અને પછી પસ્તાઈએ છીએ. 'હવે આ ન કર્યું હોત તો સારું હતું.' પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. માટે આ કળિયુગમાં પણ સત્યુગ જેવું વાતાવરણ ભગવાન શ્રીહરિએ આપણને આ સંપ્રદાય-સત્સંગના

**માધ્યમ**થી આપ્યું છે. એનો મહિમા સમજી ભગવાનના સ્થાપિત માર્ગ પર આપણે નિરંતર ચાલ્યા કરીએ તો આપણે ચિંતા કરવાની જરૂર નથી કે, આપણું કલ્યાણ કેમ થશે ? એ તો શ્રીજીમહારાજ ચિંતા કરશે. આપણે બોટ કે વિમાનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે એમ નથી વિચારતા કે **ગંતવ્યસ્થાન** સુધી કેમ પહોંચાશે ? ચિંતા કોણ કરે છે ? તો એ બોટ કે વિમાનનો **પાયલોટ** કરે છે. એમની જવાબદારીમાં એમના ઉપર **વિશ્વાસ** રાખીને બેસીએ છીએ. એમ આ મોક્ષમાર્ગમાં ભગવાન શ્રીહરિએ ચીંધેલા માર્ગ ઉપર વિશ્વાસ રાખીને ચાલીએ તો એની ચિંતા આપણે કરવાની જરૂર નથી. એ તો આપણા કલ્યાણને અર્થે **પુરુષોત્તમનારાયણ** અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે. અતિ દાખડો કરીને **સંપ્રદાયની સ્થાપના** કરી છે. ભગવાન આપણા માટે **તપ** ક્યારે કરે ? આપણને જેટલી ચિંતા છે આપણા કલ્યાણની એનાથી **વિશેષ ચિંતા** ભગવાનને આપણા કલ્યાણની છે. જેમ માવતરના ખોળામાં માથું રાખીને બાળક બેઠું હોય ત્યારે તેને કોઈનો ભય ન હોય તેમ આપણે પણ ભગવાનના ખોળામાં બેસી શકીશું ત્યારે જે **નિર્ભય** બની જશું. પછી આપણા કલ્યાણની જવાબદારી ભગવાન પોતે સંભાળે છે.

માટે આપણા કલ્યાણને અર્થે જ્યારે ભગવાને જવાબદારી સંભાળી છે ત્યારે એનો લાભ લઈને ભગવાનના ખોળે બેસી જઈને ગમે તેવી પરિસ્થિતિમાં હોઈએ તોપણ **ભગવાનનો ખોળો** છોડીએ નહીં એનું **ખાસ અનુસંધાન** રાખવું. માવતર બાળકને લાડ પણ કરે અને ઠપકો પણ આપે છે તેમ છતાં પણ સર્વથી સુરક્ષિત સ્થાન બાળકને **માવતરનો ખોળો** લાગે છે. એમ આપણા માટે પણ સર્વથી સુરક્ષિત સ્થાન **ભગવાન શ્રીહરિનો આશ્રય** જ છે...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૪, સત્ર - ૨

ભગવાન શ્રી **સ્વામિનારાયણ**નો આ ધરા ઉપર **મનુષ્યતનુ** ધારણ કરવાનો **હેતુ** - અનંત જીવાત્માના કલ્યાણને અર્થે, સદ્ધર્મના પોષણને અર્થે અને આ સંસારમાંથી અધર્મનો અર્થાત્ માત્ર અસુરોનો નહીં પણ આસુરી વૃત્તિઓનો નાશ કરવાનો જે સંકલ્પ, એ સિદ્ધ કરવા માટે, સનાતન **વૈદિક પરંપરાઓનું ઉત્થાન** કરવા માટેનો હતો. અને એ માટે ભગવાન શ્રીહરિએ જેતપુરમાં **સંપ્રદાયની ધુરા** સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી પાસે ગ્રહણ કરી છે.

સક્ષમ વ્યક્તિ હોય એમની એક **લાક્ષણિકતા** છે. સારી જેની શરૂઆત હોય એની અડધી બાજી જીતી ગણાય. પછી અડધા માટે જ મહેનત કરવાની હોય છે. એમ ભગવાનના પ્રાગટ્યનો હેતુ શ્રીજીમહારાજે બહુ સ્પષ્ટ કર્યો છે કે, જીવાત્માને કલ્યાણની પ્રાપ્તિ થાય. આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટેની જો શરૂઆત કરવી હોય તો એક નેજાની જરૂર પડે. અને એ છત્ર એ નેજા **ધર્મની ધુરા** વહન કરવાથી પ્રાપ્ત થાય. શ્રી રામાનંદ સ્વામી પાસેથી આ સંપ્રદાયની લગામ ભગવાન શ્રીહરિએ જેતપુરમાં ગ્રહણ કરી છે અને એ ગ્રહણ કરતાની સાથે રામાનંદ સ્વામી પાસે **વરદાન** માંગી પોતાના ઉદ્દેશને, પોતાના સંકલ્પને જાહેર કર્યો છે. હજુ ભગવાન શ્રીહરિ આચાર્યપદ ઉપર આરૂઢ થયા છે, હજુ ભગવાન શ્રીહરિએ ધર્મનું સુકાન સંભાળ્યું છે અને સંભાળતાની સાથે ભગવાન શ્રીહરિ એવો **સંકલ્પ** કરે કે, **'क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् । इह यदुरु तथाऽन्नवस्त्रदुःखं तदपि ममास्तु न तु प्रजेश! तेषाम् ॥'** "હે ગુરુવર્ય ! તે જ રીતે આ લોકમાં ભગવદ્‌ભક્તિ કરનારા તમારા ભક્તજનોને પોતાના કઠિન કર્મસંજોગોવશાત્ ક્યારેય પણ અન્ન વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લલાટમાં લખી હોય તો તે પીડા મને આવે પણ તેઓ અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય."

અમારો જે આશ્રિત હોય એ અન્ન-વસ્ત્ર અને આબરૂએ કરીને સુખીયો થાય. આ પ્રથમ પગલું જો ભગવાન શ્રીહરિએ ભર્યું હોય તો એ જીવાત્માના કલ્યાણના સંકલ્પથી ભર્યું છે. અને એટલું જ નહીં અન્ન-વસ્ત્ર અને આબરૂ આ સાંસારિક વસ્તુ છે. તો ભગવાન શ્રીહરિએ બીજા વરદાનમાં માંગ્યું કે, **'इह च यदुरुदुःखमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः । यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदुःखाः ॥'** "હે સ્વામિન્ ! આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતા પણ અધિક દુઃખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુઃખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુઃખી ન થાય."

જીવાત્માનો જ્યારે અંતસમો આવે છે ત્યારે રૂવાડે રૂવાડે વીંછીની વેદના થાય છે. પરંતુ મારો જે આશ્રિત હોય તે જેમ માખણમાંથી વાળ નીકળે એમ પ્રાણને છોડી અમને પામે. આ બે વરદાનો આલૌકિક અને પરલૌકિક શ્રીજીમહારાજે આપણને આપ્યા છે.

શ્રીજીમહારાજ કહે છે કે, અમારો જે ભક્ત હોય એ આનંદચિત્તથી, ઉમંગથી, અનુરાગપૂર્વક **ભગવદ્ કથા**નું શ્રવણ કરે. અને એનાથી આનંદને પામે. અને એ આનંદ કેવો હોય ? એ આનંદથી હૃદય **ભાવવિભોર** બની જાય. અને એ જે ભાવ છે એ આંખોના માધ્યમથી બહાર આવે. અને હૃદય જે ચિત્ત છે એ ખેંચાઈ ભગવાનમાં લીન થઈ જાય અને શરીરના રૂવાડે રૂવાડા ઊભા થઈ જાય. એવી ભાવનાથી રોમાંચિત બની ભક્તના આંખમાંથી અશ્રુ નીકળી જાય ત્યારે એને **પરમભક્ત** માનવો.

ભગવાન શ્રીહરિએ આપણા ઉપર કેટલી **કરુણા** કરી ? હજુ તો મહારાજ લોજમાં પ્રથમ સત્સંગમાં આવ્યા. હજુ તો સત્સંગનો પટ રામાનંદ સ્વામીએ બાંધ્યો પણ એ પટનો વિસ્તાર શું છે ? એના અનુયાયીઓ કેવા છે ? ફક્ત જે મુક્તાનંદ સ્વામી અને આશ્રમમાં રહેનાર સંતો જ સંપર્કમાં હતા. હજુ તો માત્ર એમનો જ સંપર્ક થયો છે. હજુ આ પટ કેટલો વિશાળ છે અને ભક્તો કેવા છે, એની પ્રકૃતિ-સ્વભાવ કેવા છે, એમનો ઉત્સાહ, ભક્તિ અને ઉપાસના કેવી છે ? આ કંઈ વિચાર્યા વિના ભગવાન શ્રીહરિએ માંગી લીધું કે, અમારો આશ્રિત ન્યાલ થઈ જાય. તેનું કલ્યાણ થાય. આ લોક ને પરલોકમાં સુખીયો થાય. આવા **વિશાળ હૃદયવાળા** ભગવાન બીજે ક્યાં મળશે ? આ કેવળ કળિયુગ નહીં પણ ચારેય યુગમાં આવા **ભગવાનની**

પ્રાપ્તિ ન થાય. કર્મ કર્યા પછી તો ફળ મળે એ તો પ્રકૃતિ છે. એ તો વિધિના લેખ લખાય પણ એ વિધિના લેખ ઉપર મેખ મારી અને માત્ર મારો **શરણાગત** થાય એનો **બેડો પાર** થઈ જાય. આજે આવા ભગવાન આપણા ધણી, માલિક બન્યા છે. આનંદ કેમ ન હોય? અને જેને આનંદ ન હોય એને સમજી લેવું એટલી કચાશ છે.

ભગવાન શ્રીહરિ **રાજાધિરાજ** થયા પછી જેમ કોઈ **યુવરાજ**નો રાજ્યાભિષેક થાય ને તે ખુશીમાં ઘણા કેદીઓને માફ કરી દેતા હોય તેમ ભગવાન શ્રીહરિએ નરકના કુંડો ખાલી કરાવ્યા. આવો ઈતિહાસ બીજે ક્યાંય સંપ્રદાયમાં જોવા નહિ મળે. આવો જે યોગ એની **ખુમારી** જેટલી રાખીએ એટલી ઓછી પડે. આપણે માત્ર સુખ લેવા નથી આવ્યા પણ આ સત્સંગમાં ભગવાન શ્રીહરિને રાજી કરવા, એમના સાનિધ્યને પામવાને આવ્યા છીએ...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૫, સત્ર - ૧

ભગવાન શ્રીહરિના **દિવ્ય પ્રતાપના દર્શન** કરાવનાર શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું **રસપાન** કરતા આપણે સૌ ધન્ય થયા છીએ. ભગવાન શ્રીહરિએ આ સંપ્રદાયની ધુરા સંભાળ્યા બાદ સંપ્રદાયના પાયારૂપી જે ભક્તિનો, ઉપાસનાનો માર્ગ એને શુદ્ધ કરવાને અર્થે, અનેક જીવાત્માઓને અંધશ્રદ્ધાઓમાંથી, મંતપંથોમાંથી પાછા વાળી અને પોતાના સ્વરૂપની પ્રતીતિ કરાવવા માટે, પોતાના ઐશ્વર્ય-પ્રતાપના પ્રભાવે કરીને જીવાત્માઓને પોતે શરણે લેવાના કાર્યનો આરંભ કરી દીધો છે.

શાસ્ત્રોમાં ભગવાનના **અનેક પ્રકારના ગુણો** બતાવ્યા છે. શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં બોલ્યા છે કે, અમારા ગુણ એટલા અપાર છે કે, અમે પણ એનું **વર્ણન** કરી શકતા નથી. શાસ્ત્રકર્તાઓએ મહેનત કરી જે વર્ણન કર્યું છે એમાં સંપૂર્ણતા તો આવી શકતી નથી. પણ છતાંય એની જે દિવ્યતા, અલૌકિકતા છે એના **દર્શન** આપણને જરૂર થાય છે. ભગવાનનું અંતર્યામીપણું, દયાળુતાપણું, દીર્ઘદષ્ટિપણું, ભક્તવત્સલપણું, શરણાગત વત્સલપણું અને ભગવાન શ્રીહરિની અતિ કરુણા - જે આપણે રોજ ગાઈએ છીએ કે, **'કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય, અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરુણા દષ્ટિ રે, દેખી વાનજ વાળે....'** ભક્તોના દુઃખને હરવાનું જે લક્ષણ એ શાસ્ત્રોના માધ્યમથી આપણને દર્શન થાય છે. કોઈ મૂઢ વ્યક્તિ, અજ્ઞાની જેને પુરુષોત્તમનારાયણનો નિશ્ચય નથી એવા વ્યક્તિઓ ભગવાનને **સમાજ સુધારક** તરીકે ગણે છે. પરંતુ સમાજ સુધારણાનું કામ એ ભગવાન શ્રીહરિના કાર્યનો એક ભાગ હતો. એ સર્વસ્વ નહોતું. સમાજમાં રહેલી બદીઓ અને દૂષણોને દૂર કરવું અને સદ્ધર્મનું સ્થાપન કરવું એ જ ભગવાન શ્રીહરિના પ્રાગટ્યનો હેતુ હતો. પરંતુ જો ભગવાન શ્રીહરિની વિશાળતા જોઈએ અને એમના તમામ કાર્યોને જો એકરૂપતાથી જોવામાં આવે તો ભગવાને અનેક **લૌકિક** અને **અલૌકિક** કાર્યો પણ કર્યા છે. જેને કદાચ સમાજ સુધારકના પરિવેશમાં ન પણ મૂકી શકાય એવા **દિવ્ય કાર્યો** કર્યા છે.

માંગરોળમાં શ્રીજીમહારાજે વાવ ગળાવવાનો આદેશ કર્યો તે સમાજને ઉપયોગી થાય, જીવપ્રાણી માત્રને તેનો લાભ થાય તેમ હતો. મહારાજે અંધશ્રદ્ધાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. ક્યાંક દીકરી દૂધપીતી કરવાના રિવાજો હતો, ક્યાંક યજ્ઞના નામે હિંસા કરવાના રિવાજો હતા, ક્યાંક ધર્મના નામે દારુ-માંસભક્ષણના રિવાજો હતા - જ્યાં જ્યાં આવા **અનિષ્ટ કાર્યો** થતા હતા ત્યાં ભગવાન શ્રીહરિએ એમાં **સુધારા** લાવી ધર્મના પાયારૂપ જે સદાચારના સિદ્ધાંતોનું મજબૂતપણે પાલન કરાવવાનું શરૂ કરાવ્યું.

માંગરોળમાં અનેક લોકોને પોતપોતાના ઈષ્ટદેવના દર્શન કરાવી અલૌકિક ચરિત્રો કરી શ્રીજીમહારાજે પોતાની સર્વોપરિતાની પ્રતીતિ કરાવી. લૌકિક કાર્યો તો ભગવાન શ્રીહરિએ સમાજને લક્ષીને કર્યા પણ સાથે સાથે **અલૌકિક કાર્યો** - જેમ કે, કોઈને પોતાના ઈષ્ટદેવના દર્શન કરાવવા એ સમાજ સુધારકમાં નથી આવતું. તેમ છતાં ભગવાનના ચરિત્રોમાં એ વણાયેલું છે. એટલે એ વાત સમજવાની છે કે, ભગવાન કાર્ય કરે, ધર્મની રક્ષાને માટે, સમાજના ઉત્થાન માટે કરે પણ ભગવાનના પ્રાગટ્યનો **મૂળ** જે હેતુ એ જીવાત્માનું **કલ્યાણ** રહેલું છે.

એ કલ્યાણ ક્યારે થાય? તો જીવાત્માને **ઉપાસના** અને **ભક્તિ**નો માર્ગ શુદ્ધ થાય, ભગવાનના સ્વરૂપમાં દઢ પ્રીતિ થાય, વિષય અને વાસનાથી જીવાત્મા મુક્ત થાય તો આ **કલ્યાણનું કાર્ય** સંભવિત થઈ શકે. અને એટલા માટે લૌકિક કાર્યની સાથે સાથે ભગવાન શ્રીહરિએ સદાવ્રતો પણ ચલાવ્યા. એકવખત **માંગરોળ**માં ભગવાન શ્રીહરિ દૂધી તળાવડીએ સ્નાન કરવા પધાર્યા. એ સમયે રામચંદ્ર શેઠે **સંકલ્પ** કર્યો કે, "શ્રીકૃષ્ણ ભગવાને પોતાના હાથની આંગળી ઉપર ગોવર્ધન પર્વત ધાર્યો હતો, તેમ જો **સહજાનંદ સ્વામી ભગવાન હોય તો** આ થોડે દૂર મોટો **આઠસો મણનો પથ્થર** પડ્યો છે તે તળાવડીના આ કાંઠે લાવી દે તો સહુને કપડા ધોવા માટે કામમાં આવે."

રામચંદ્ર શેઠનો સંકલ્પ ભગવાન શ્રીહરિ અંતર્યામીપણે જાણી ગયા. તેથી શેઠને કહેવા લાગ્યા : "શેઠ ! શું સંકલ્પ કરો છો ? ૮૦૦ મણનો પથ્થર તો અમે સંકલ્પ કરીએ તેટલામાં જ ઊડીને તળાવના કાંઠે આવી જાય. એટલું જ નહિ, પણ અમારા વચનમાં વિશ્વાસ રાખીને તમારી આંગળી તે પથ્થરને અડાડો તોપણ તે ઊડીને કાંઠે આવી જશે."

ભગવાન શ્રીહરિના વચનમાં વિશ્વાસ લાવીને **રામચંદ્ર શેઠ** તે પથ્થર પાસે ગયા અને પોતાના હાથની ટચલી આંગળી જ્યાં પથ્થરને અડાડી ત્યાં તો તે ૮૦૦ મણનો મહાકાય પથ્થર તળાવથી પચાસ હાથ દૂર હતો તે ઊડીને તળાવડીને તીરે જઈને પડ્યો..!! આવું જોઈ હસતાં-હસતાં **ભગવાન શ્રીહરિ** બોલ્યા : "શેઠ ! તમે પણ શ્રીકૃષ્ણ ભગવાન જેવા થયા કે શું ? **પથરા ઉપાડ્યે ભગવાન કહેવાતા હોય તો** નળ ને નીલે મોટા-મોટા પહાડ ઉપાડ્યા હતા. શ્રી હનુમાનજી મોટો દ્રોણાચલ પર્વત લઈને ઉડ્યા હતા અને હિરણ્યાક્ષ દૈત્ય તો આ આખી પૃથ્વી લઈને પાતાળમાં જતો રહ્યો હતો, તો શું એને ભગવાન કહેશો ?" આવું સાંભળી રામચંદ્ર શેઠને પોતાની ભૂલ સમજાઈ અને ભગવાન શ્રીહરિને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સમજી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે તેમના માથે હાથ મૂક્યો ને પોતાનો રાજીપો

દર્શાવ્યો.

માત્ર પથ્થર ઉપાડવાથી ભગવાનપણું નથી દેખાતું. એ ભગવાનપણું **અલૌકિક ઐશ્વર્યપણામાં** જ રહેલું છે. ભગવાનના પ્રતાપથી એક પામર જીવ પણ જે અસંભવ કાર્ય કરવા સંભવ થઈ જતો હોય અને કાર્ય થઈ શકતું હોય છે. લક્ષ્મણજીને જ્યારે મૂર્છા આવી ત્યારે હનુમાનજીએ આખો પર્વત ઉપાડ્યો. મેઘદૂતે જ્યારે લક્ષ્મણજીને નાગપાશથી બાંધ્યા ત્યારે હનુમાનજી ગરુડજીને લઈ આવ્યા. તો એ સામર્થી ભક્તમાં કોના પ્રતાપથી આવી ? આ વાત સંતો પોતે તો પોતાના જીવનમાં સમજ્યા પણ આપણને પણ સમજાવી છે. જો ભગવાનના પ્રતાપથી ભક્તમાં એટલી સામર્થી હોય તો એ સામર્થીના દેનારા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણમાં કેટલી સામર્થી હોય..!! અને એ **અલૌકિકપણું** છે એ ભગવાનને ભગવાન બતાવે છે. અને જ્યાં સુધી જીવનમાં **શ્રદ્ધા** અને **વિશ્વાસ** ન હોય ત્યાં સુધી ભગવાનનું અલૌકિકપણું દેખાતું નથી. શ્રદ્ધા એટલે માનવું. વ્યક્તિને પ્રથમ હા પડે એ વસ્તુ બહુ જરૂરી છે. જ્યાં સુધી હા નથી પડતી ત્યાં સુધી દઢતા નથી થતી. અને જ્યાં સુધી દઢતા નથી થતી ત્યાં સુધી એ કાર્યમાં **કાર્યરત** નથી થવાતું.

શ્રીજીમહારાજે વચનામૃતમાં વાત કરી કે, જીવાત્મા **ભગવાનમય** થાય છે. એકબાજુ મહારાજ કહે, અક્ષરધામમાં જીવાત્મા જાય ત્યારે સ્વામી-સેવકભાવ અખંડ રહે છે. અને બીજીબાજુ ભગવાનમય થઈ જાય છે તો ભગવાન અને ભક્તની વચ્ચે જુદાપણું ન રહે તો **સ્વામી-સેવકભાવ** કેમ રહે ? ભગવાન આપણા સ્વામી છે અને આપણે ભગવાનના દાસ છીએ આવો ભાવ કેમ રહે ? ત્યારે મહારાજ કહે છે કે, જેને જેની સાથે **ઈશક** થઈ જાય, જેની સાથે પ્રીતિ થઈ ગઈ હોય પછી એ એનું જ જ્યારે ચિંતવન કરતા કરતા મનની વૃત્તિથી - મહારાજે દૃષ્ટાંત દીધું કે કોઈને ખાવામાં અતિ રુચિ હોય, કોઈને સોનામાં અતિ રુચિ હોય પછી એ એનું ચિંતવન કરતા કરતા એ સુવર્ણમય થઈ જાય. પોતાની વૃત્તિએથી એ સુવર્ણમય બની જાય છે. શરીરથી ભલે જુદો રહ્યો હોય પણ એને પોતાનું દેહભાન રહેતું નથી. અવસ્થા રહે છે. વિશિષ્ટાદ્વૈત મતનો સિદ્ધાંત **ભગવાન શ્રીહરિ** એવો સમજાવે છે કે, અમારો ભક્ત હોય તેને સ્વામી અને સેવકનો જે સંબંધ છે એ યથાવત જાળવે છે. પણ એ પોતાનો જે ભક્ત એ ભગવાનનું ચિંતવન કરતા કરતા જ્યારે ભગવાનમય એની વૃત્તિ થઈ જાય છે પછી એને પોતાના દેહના સુખની કાંઈ પડી નથી. પોતાના મનના વિચારો, કર્મો અને પોતાના સુખ-દુઃખની એને ખેવના ન રહે. અને કેવળ ભગવાનને રાજી કરવા પોતાનું સર્વસ્વ અર્પણ કરી આવા ભાવથી જ્યારે **એકાત્મપણું** થઈ જાય ત્યારે એને ભગવાનમય જીવન થઈ ગયું કહેવાય. અને ગઈકાલે અમોએ વાત કરી હતી કે, હજુ તો શરણાગતિ સ્વીકારી ત્યાં તો સ્વામી બન્યા અને આપણે સેવક બન્યા અને કલ્યાણ થઈ ગયું. અને એ ભગવાન શ્રીહરિને રાજી કરવાની આપણને **ઉત્સુકતા** હોવી જોઈએ. એ ઉત્સુકતા કેમ વધે ? ભગવાનનો **મહિમા** કેમ વધે ? અને સાથે સાથે આ સંપ્રદાય આચરણનો સંપ્રદાય છે માટે આપણું ધર્મમય, ભક્તિમય, વૈરાગ્યમય, જ્ઞાનમય **આચરણ** આપણું રહે અને એ આચરણની પણ **શુદ્ધિ** થાય. સારા વાતાવરણમાં ધર્મ પાળવો સરળ છે, પણ જ્યારે વિપરીત વાતાવરણમાં સત્કાર્ય કરવું હોય તો ખરેખર મનની દઢતાની પરીક્ષા કરી જાય છે. જેમ દાંતની વચ્ચે જીભ રહે એમ ચારેબાજુ વિષયના જ ભણકારા વાગે છે અને એની વચ્ચે આત્યંતિક કલ્યાણ માટે **પ્રયત્ન** કરવો એ ભગવાન શ્રીહરિની **કૃપા** છે. આજે આવીને આવી કૃપા લંડનવાસી હરિભક્તો ઉપર વરસતી રહે એવી વડતાલવાસી શ્રીહરિકૃષ્ણમહારાજના શ્રીચરણોમાં **પ્રાર્થના** સહ...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૫, સત્ર - ૨

આજે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના માધ્યમથી ભગવાન શ્રીહરિના **દિવ્ય ચરિત્રો**ના **ગુણાનુવાદ** સાંભળતા સાંભળતા આપણે ભગવાન શ્રીહરિ સાથે **ભુજ** પહોંચ્યા છીએ. માંગરોળ આદિ પ્રદેશોમાં શ્રીજીમહારાજે પોતાના ઐશ્વર્યપ્રતાપ અને ભગવાનપણાની પ્રતીતિ કરાવી. જ્યાં સદ્ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી વખતનો સત્સંગ છે એવા ભુજ પ્રાંતમાં સત્સંગના પ્રચંડપ્રવાહને વહેવડાવવાને માટે, ધર્મધજાને લહેરાવવાને માટે, પોતાના ઐશ્વર્યપ્રતાપથી મુમુક્ષુજનોને પાવન કરવાને માટે ભગવાન શ્રીહરિ **સત્સંગ વિચરણ** કરી રહ્યા છે.

વ્યક્તિ જે સંસારના સુખને **સુખ** માને છે એ સંસારનો **ક્રમ** છે. જે કાર્યનો આરંભ કરીએ એનો ચોક્કસ **અંત** થાય છે. મનુષ્યનું જીવન એ જન્મથી શરૂ થાય અને એના છેલ્લા શ્વાસ સુધી એના જીવનનો અંત આવે છે. એટલે એક **કહેવત** છે કે, 'જેનો નામ છે એનો નાશ છે.' શાસ્ત્રોએ પણ સમજાવ્યું છે કે, આ જગતમાં પંચભૂતથી નિર્માણ થયેલું આ શરીર એ જીવ જ્યારે આ શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે પંચભૂત - પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વમાં પાછો વિલિન થઈ જાય છે. અર્થાત્ જે વ્યક્તિનું અસ્તિત્વ પ્રત્યક્ષરૂપે પૃથ્વી પર સાકાર હતું તે **અસ્તિત્વ** શરીરરૂપે સમાપ્ત થઈ જાય છે. જેમ કોઈ ઈમારત બનાવી હોય ત્યારે માટી-ગારો-સિમેન્ટ-રેતી-કપચી-લોખંડ વગેરેનો ઉપયોગ કરીને બનાવી હોય. અને એ ઈમારતની આયુષ્ય પૂર્ણ થાય ત્યારે એની માવજત એટલે રંગરોગાન વગેરે થયું હોય તો પણ એ ઈમારત જમીનદોસ્ત થઈ જાય છે. શાસ્ત્રોમાં પણ **સુખની વ્યાખ્યા** આ જ રીતે માપી છે.

જેમ વ્યક્તિનું અસ્તિત્વ શરીરના માધ્યમથી નિર્માણ થયેલું છે. એ શરીરનો નાશ થતાં પ્રત્યક્ષ અસ્તિત્વ નાશ થઈ જાય એ અનુભૂતિ પછી પ્રત્યક્ષપણે નથી રહેતી એમ શરીરના વિષયો જે ઈન્દ્રિયો ભોગવે છે. એ આનંદ અને સુખની મર્યાદા પણ ત્યાં સુધી જ સીમિત છે જ્યાં સુધી ઈન્દ્રિયો જે વિષયો ભોગવે છે એ વિષયોનું અસ્તિત્વ રહેલું છે. એ વિષયનો નાશ થતા, અર્થાત્ વ્યક્તિનો વિષય સાથેનો યોગ પૂર્ણ થતા, સંબંધ પૂર્ણ થતા એ આનંદની પણ પૂર્ણાહુતિ થઈ જાય છે. પછી કદાચ એ આપણા ભૂતકાળમાં જઈ વાગોળીએ. 'એક જમાનો આવો હતો' એમ કરીને પણ એ જમાનાને યાદ ભલે કરીએ પણ એનાથી તૃપ્ત થતા નથી. એનાથી સુખ થતું નથી. કોઈના લગ્નપ્રસંગમાં કોઈ વ્યક્તિ ગઈ હોય ત્યારે સુંદર પકવાનો, વાનગીઓ બની હોય ત્યારે તે

વ્યક્તિ ખૂબ ધરાઈને જમે છે, તેવી જ રીતે કથાપારાયણો કે મહોત્સવમાં પણ આયોજકો દ્વારા મનભાવતા મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હોય તેને પણ વ્યક્તિ આરોગીને તૃપ્તિને અનુભવે છે. હવે જે ભોજન જમ્યા પછી જે સંતોષ અને તૃપ્તિ થઈ એ બીજે જ્યારે તમે બહાર જાવ અને તમને એ પ્રકારનું ભોજન નથી મળતું ત્યારે તમને આનંદ નથી આવતો. કારણ કે તમે પ્રથમ જે જમ્યા હતા તેના જેવું તે ભોજન નહોતું. કહેવાનો **ભાવાર્થ** એ છે કે, જગતના જે નાશવંત સુખ છે તેની મર્યાદાઓ સીમિતમાં રહેલી છે. પણ જ્યારે જગતના નાશવંત પદાર્થ સાથે કરેલો મમત્વ એનો નાશ થાય છે માટે એ મર્યાદિત સુખ છે. અને જ્યારે ભગવાન સાથે જે અલૌકિક છે, અવિનાશી છે અને એમની સાથે સંબંધ બાંધીને જે સુખની અનુભૂતિ થઈ હોય તે અમર્યાદિત છે.

ભગવાન શ્રીહરિ વિચરણ કરતા કરતા કચ્છ, ગુજરાત અને સોરઠની ભૂમિ ઉપર આવ્યા ત્યારે ભાવનગર નરેશ વજેસિંહને કોઈએ વાત કરી કે, **સ્વામિનારાયણ** નામે કોઈ દિવ્ય અલૌકિક પુરુષ અહીંયા આવ્યા છે. અને જે પંથ ચલાવે છે એ પંથને **જીવનમુક્તાનો પંથ** તરીકે ઓળખે છે. ત્યારે વિદ્વાન **લાડુદાનજી** રાજસ્થાનના સમગ્ર રાજવીઓની મુલાકાત લઈ ગુજરાતના ઘણા રાજા-ગામગરાસદારોની મુલાકાત લેતા, સન્માનપત્રો-ભેટસોગાદોને પ્રાપ્ત કરતા છેલ્લે ભાવનગર નરેશ વજેસિંહજી મહારાજના રાજ્ય દરબારમાં આવ્યા.

ભાવનગરમાં ભાવેણાનરેશ વજેસિંહજીએ લાડુદાનજીનો **ભવ્ય સત્કાર** કર્યો. ભાવનગરના રાજવીએ કવિવરના સ્વાગતમાં ડાયરો આમંત્ર્યો. દરબાર ભરાયો. લાડુદાનજીએ દોહા, છંદ અને કવિતાની રમઝટ બોલાવી. કાવ્યરસજ્ઞ મહારાજા વજેસિંહજી અતિ પ્રસન્ન થયા. ઊભા થઈ કવિશ્રીને બાથમાં લઈ ભેટ્યા. કવિવરને નવાજવા રાજ-સોનીને બોલાવી કવિશ્રીને આભૂષણોથી ભૂષિત કરવા આજ્ઞા કરી.

રાજ-સોની મૂળ રાજુલાના, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત. સોનીના કપાળમાં કેસરિયું તિલક અને એના મધ્યમાં ગોળ ચાંદલો જોઈ ટીખળવૃત્તિથી લાડુદાનજીએ પૂછ્યું : ''મહાજન ! ભેંસ ભડકાવે તેવું આ તિલક કયા પંથનું છે ?''

આ કટાક્ષનો ઉત્તર સોની મહાજન આપે તે પહેલાં જ મહારાજાએ કહ્યું : ''કવિરાજ ! મારા રાજ્યમાં ગઢડું ગામ છે. ત્યાં હમણાં જીવનમુક્તા કરીને પ્રસિદ્ધ પુરુષ આવ્યા છે. ઝાલાવાડ, કાઠિયાવાડ, સોરઠ, ગોહિલવાડની ભોળી પ્રજા તેને **ભગવાન સ્વામિનારાયણ**ના નામથી ઓળખે છે. તો કેટલાક લોકો કહે છે : ''એણે બાબરો ભૂત વશ કર્યો છે. આમ વિવિધ વાતો થાય છે. તેથી જો તેનું પારખું કરી આપો તો વાત થાળે પડે.''

જોબનથી થનગન થતાં કવિએ કહ્યું : ''મહારાજ ! આપની ઈચ્છા છે તો જરૂર ગઢડે જઈશ અને સ્વામિનારાયણનાં પારખાં કરીશ.

પરંતુ ત્યારે સોની મહાજન અખૂટ શ્રદ્ધા સાથે બોલી ઊઠ્યા : ''કવિરાજ ! મીઠાની ભરેલી કોથળી કદી ખારા સમુદ્રનો તાગ લેવા જાય તો પાછી આવે ખરી ? વધુ શું કહું ? આપ તો મહા વિદ્વાન કવિરાજ છો. પધારો, એ સાક્ષાત્ પ્રભુનો અવતાર છે માટે ઓળખજો, સમાગમ કરજો અને પછી મને યાદ કરજો કે આ સોની શું કહેતો હતો.''

કવિરાજ તેમના સાથીઓ સાથે ગઢડા ગામની સીમમાં આવી પહોંચ્યા છે. અચાનક તેમના હૃદયમાં શાંતિનો ચમકારો થયો. તેમણે પરીક્ષા કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણને પારખવા માટે **ચાર સંકલ્પો** નક્કી કર્યા :

(૧) જો તે ભગવાન હશે તો અંતર્યામીપણે ત્રિકાળદર્શી હોવાથી મારું સમગ્ર જીવન વૃતાંત મને વગર કહ્યે કહી સંભળાવશે.

(૨) ભગવાનની ઓળખાણ માટે સામુદ્રિક શાસ્ત્રમાં ૧૬ ચિહ્નો જણાવ્યાં છે તે મને પૂછ્યા વિના બતાવે.

(૩) હું તેમને મળવા જાઉં ત્યારે તેમના કંઠમાં ગુલાબનો હાર (ચાલુ મોસમમાં અસંભવિત હોવા છતાં) પહેર્યો હોય અને તે હાર મને પ્રથમના મેળાપમાં મારા નામથી પહેરાવી સ્વાગત કરે.

(૪) હું ત્યાં જાઉં ત્યારે કાળા કામળા ઉપર શ્રીમદ્ ભાગવતનું પુસ્તક રાખી પૂર્વ મુખે બેસી કથા સંભળાવતા હોય...

આ પ્રમાણે ચાર સંકલ્પો કરી લાડુદાનજીએ એભલખાચરના દરબારગઢમાં પ્રવેશ કર્યો.

આ સમયે શ્રીજીમહારાજ પોતાની આગળ સંતો-હરિભક્તોની સભા ભરીને લીંબવૃક્ષ નીચે એક ઊંચા આસન પર પૂર્વમુખે સર્વ શ્વેત વસ્ત્રો પહેરીને વિરાજમાન હતા. અને એમના કંઠમાં સુંદર અને સુગંધિત ગુલાબના પુષ્પનો હાર શોભી રહ્યો હતો. કાળા કામળા પર શ્રીમદ્ ભાગવતના પુસ્તકનું વાંચન ચાલી રહ્યું હતું.

મહારાજની અતિશય આનંદિત અને પ્રફુલ્લિત મુખકમળ યુક્ત કિશોર મૂર્તિને કવિરાજ લાડુદાનજી અનિમેષ દૃષ્ટિએ નિહાળી રહ્યા, અને તેમના નેત્રોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં.

ત્યાં જ શ્રીજીમહારાજે કહ્યું : ''એભલબાપુ ! કવિરાજ લાડુદાન ભાવનગરથી આવે છે તો તેમનું યથાયોગ્ય સન્માન કરજો.'' પછી લાડુદાનજીને નામ દઈ સત્કાર્યા અને ભેટી પડ્યા. અને પોતાના ગળામાંથી ગુલાબનો હાર કાઢી લાડુદાનને પહેરાવ્યો.

પછી બાજુમાં આસન પર બેસાડી કવિરાજની અથથી ઈતિ સુધી સમગ્ર કારકીર્દિ (જન્માદિ જીવનગાથા) સહુ શ્રોતાઓ સમક્ષ કહી સંભળાવી. અંતે કહ્યું : ''ઠીક, ભલે આવ્યા, તમારે અમોને ઓળખવા જ છે !! લ્યો ઓળખો.'' એમ કહીને મહારાજે પોતાના બંને ચરણારવિંદો લંબાવ્યા. બંને પગમાં મળીને સોળ ચિહ્નો લાડુદાનજીએ સગી આંખે સંકલ્પ મુજબ જોયા. અને તેઓ તો આભા જ બની ગયા. તેઓ તો શીઘ્ર કવિ હતા એટલે લાડુદાનજીના અંતરમાંથી ઊર્મિઓની સરવાણી ફૂટી, વાણી રૂપે ખમાચ રાગમાં વહેવા લાગી : **'આજની ઘડી રે, ધન્ય આજની ઘડી; મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...'**

લાડુદાનજી તો કવિત્વ શક્તિના માહીર હતા. પીંગળ શાસ્ત્રના વિદ્વાન હતા. અને એ પંક્તિ તો બોલ્યા પણ **ધન્યતા** શા માટે ? ભગવાન શ્રીહરિને કોઈ વિષય સાથે બાંધી શકાય એમ નથી પણ ભગવાનના ઐશ્વર્ય-પ્રતાપ, અલૌકિક જોઈને ધન્યતા થઈ ગઈ.

ભગવાનની પ્રાપ્તિ થઈ તો એની સિદ્ધિ શું ગણવી ? તો લાડુદાનજી બીજી પંક્તિમાં કહે છે કે, 'કામ ક્રોધ ને લોભ વિષય, ન શકે નડી...' ભગવાનની પ્રાપ્તિ થતા આ જગતની યશકીર્તિ તો બહુ મળી હતી. સમગ્ર રાજકવિઓને પોતાની પંડિતાઈથી પરાસ્ત કરીને ઘણા એવા રાજ્યોના રાજકવિનું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. ખુદ ભાવનગરના રાજકવિનું બિરુદ મેળવ્યું હતું. અને એમની સેવામાં અનેક વસ્ત્ર-આભૂષણો રાજાઓએ ભેટમાં આપ્યા હતા. રાજ્ય તરફથી સુરક્ષા માટે પહેરેદારો પણ આપવામાં આવતા હતા. આટલું માન-સન્માન મળવા છતાં પણ સંતોષ ક્યાં થયો ? કહેવાનો ભાવાર્થ એ છે કે, આ વિષયોમાં સંતોષ નથી થતો. જ્યારે વિષયોથી પર વિચારવા પ્રયત્ન કર્યો છે નહિતર તો માત્ર વિષયોમાં વિચાર કર્યો હોત તો ખૂબ વૈભવી જીવન જીવતા હતા. તો આ સંપ્રદાયને બ્રહ્માનંદ સ્વામીની પ્રાપ્તિ ન થઈ હોત. લાડુદાનજીએ જગતના વિષયોથી પર થઈને જ્યારે વિચાર્યું છે ત્યારે **'આજની ઘડી રે, ધન્ય આજની ઘડી...'** ભગવાન શ્રીહરિના દર્શન કરતાની સાથે વિકારો નાશ પામ્યા. કારણ કે, શ્રીજીમહારાજના સ્વરૂપની ક્રાંતિ જ એવી હતી.

કાશીનરેશના રાજ્યમાં **રામો** નામનો **ભંગી** રાજાના મહેલનું ચોગાન સાફ કરતો. એક દિવસ રાજકુમારી **રમા** અટારીમાં ઊભી હતી. ઝાડું વાળતા રામાની નજર એના ઉપર પડી અને એ રામાના દિલમાં એકદમ વાસના ભભૂકી ઊઠી. ક્યાં રામો ભંગી અને ક્યાં રાજકુમારી રમા. પરંતુ કહ્યું છે કે, **'ભૂખ ન દેખે જૂઠે ભાત, પ્યાસ ન દેખે ધોબી ઘાટ; નિંદ ન દેખે મુડદે કી ખાટ, પ્રેમ ન દેખે જાત-કુજાત.'** આ ભંગી રામાને વાસનાની **વિષવેલ** વિંટળાઈ ગઈ. દિન-પ્રતિદિન એ સુકાવા લાગ્યો, શરીર ક્ષીણ થવા માંડ્યું.

વાસનાનો તાપ કેટલો **ભયંકર** હોય છે ? વાસનાથી પીડાતો માણસ બિચારો અંદરને અંદર બળ્યા જ કરતો હોય છે. અંતરની વાસના બીજાને તો **નુકસાન** કરે, પરંતુ સૌથી પ્રથમ વ્યક્તિ પોતાને જ કરે છે. એટલે **નીતિવાક્ય** કહે છે : **'ઈચ્છા એક રાખો કે મારી બધી જ ઈચ્છાઓ મરી જાઓ.'** ભંગી રામાએ ઈચ્છા કરી મારે રાજકુમારી રમાને મેળવવી છે, તેથી જ તે દુ:ખી થવા લાગ્યો. આમ છતાં રામો જાણતો હતો કે, આ વાસના મારાથી ભોગવી શકાવાની જ નથી. ક્યાં રાજાની રાજકુમારી ને ક્યાં હું ભંગી ? આથી વાસનાને દબાવ્યે જ છૂટકો ગણ્યો. એનું શરીર સુકાઈ જવા લાગ્યું. રામા ભંગીની પત્નિ ઝરકીથી આ સહેવાયું નહિ. એક દિવસ રામાને જમાડતા તેણે પૂછ્યું : 'રામા તને શું થયું છે ? તું આમ કેમ સુકાતો જાય છે ?' ત્યારે રામો કહે : 'કંઈ નહિ, એ તો અમસ્તુ જ એમ થાય છે.' એક પતિ થઈને પોતાની પત્નિને આવી વાત શી રીતે કરી શકે ? ઝરકીએ જરા ધમકાવીને કહ્યું : 'તું સાચું કહે, નહિતર હું ખાઈશ નહિ, તારા મનમાં કંઈક પાપ છે. નહિતર આ બને નહિ.' ઝરકીના અતિ આગ્રહથી ન છૂટકે રામાએ પેટછૂટી વાત કરતા કહ્યું : 'ઝરકી ! રાજકુમારીમાં મારું મન લાગી ગયું છે. એના વિચારમાં મારું મગજ ખલાસ થઈ ગયું છે.' ત્યારે ઝરકી કહે : 'અ..ર..ર..! અકરમી ! તને મારામાં શું ઓછું લાગ્યું કે જેથી તને આવી ઈચ્છા થઈ ? શું હું તને ગરમ ગરમ રોટલા ઘડી નથી આપતી ? રમા રાજકુમારી પ્રત્યે બીજો ખોટો વિચાર કરવો એ પણ પાપ કહેવાય.'

ભંગી કહે : 'એ બધી ય તારી વાત સાચી છે પણ રમા મારા મનમાંથી ખસતી નથી. તું કાલે મહેલમાં પોતા મારવા માટે જા ત્યારે રાજકુમારીને આ વાત કરજે.'

રામાની પત્નિ ઝરકીને અને રાજકુમારી રમાને મેળ સારો હતો. આથી જ ન છૂટકે બીજે દિવસે ઝરકીએ રમાને વાત કરી.

ઝરકી કહે : 'બા સાહેબ ! પેલો અભાગિયો છે ને મારો ધણી...'

ત્યારે રમા કહે : હા, તેનું શું છે ?'

ઝરકી કહે : 'તે તમારે ત્યાં ચોગાનમાં વાળવા આવે છે. આથી તેણે તમને ક્યારેક જોયા હશે ત્યારનો તમારું નામ જ લે છે. તમારા ઉપર રાગ થયો છે. હવે નથી બરાબર ખાતો કે પીતો, દિવસે દિવસે એકદમ સુકાય રહ્યો છે. બતાવો હું શું કરું ?'

રમા કહે : 'હાય...! હાય...! આવું છે ?'

'હા બા ! શું કરું ? તમે જ કોઈ રસ્તો કાઢો અને મારા ધણીને બચાવો.' ઝરકીએ કહ્યું.

'ઝરકી જા, તું તારા ધણીને જઈને કહે કે, હું તૈયાર છું. આજથી એક મહિના પછી આવીશ પણ એ પહેલા એક મહિના સુધી ઉપવાસ સાથે ગંગાતટ ઉપર **રામનામ સ્મરણ** કરતા કરતા એણે પરમહંસ બની જવું પડશે. પછી એની પાસે હું આવીશ.' રાજકુમારી રમાએ રસ્તો કાઢતાં કહ્યું.

ત્યારે ઝરકી કહે : 'બા સાહેબ ! તમારે માટે તો એ જીવ કાઢે એમ છે, આ વાત કરીશ એટલે એ તો તૈયાર થઈ જશે. પછી તમે મુસીબતમાં મૂકાઈ જશો તો ?' રમા કહે : 'તું ચિંતા ન કર, હું વચન આપું છું કે, એક મહિના પછી હું જ તારે ત્યાં આવીશ.'

ઝરકી ઘેર ગઈ ભંગીને બધી વાત કરી. ભંગી તો ખુશખુશ થઈ ગયો. એક મહિનાના ઉપવાસ સાથે ગંગાના તટ ઉપર બેસી ગયો. અને રામના નામનું સ્મરણ શરું કર્યું. બે, ત્રણ અને ચાર દિવસ થયા. ભંગી હવે તો સતત **રામ... રામ...** જ કરે છે. વીસમો દિવસ થયો. ભંગીનો દેહાધ્યાસ તૂટી ગયો, એ રામમય બની ગયો. એના હોઠ બોલ ન બોલે પણ એના હૈયામાંથી એક અખંડ ધ્વનિ 'રામ...રામ...' નીકળ્યા જ કરે છે. ભંગીને રામનામનો **અજપાજપ** થઈ ગયો. નગરના અને બાજુના ગામોમાં ખબર પડી ગઈ કે ગંગાના તટ ઉપર કોઈ સિદ્ધપુરુષ આવ્યા છે. કાશીના લોકો એના દર્શને આવે છે. ઓગણત્રીસમો દિવસ થયો. ભંગીના સમાચાર સાંભળીને રાજા પણ સવારે બગીમાં બેસી દર્શન કરવા જાય છે. ભંગીની સ્થિતિ જોઈને **સ્તબ્ધ** બની જાય છે. દર્શન કરી ઘેર આવીને સાંજે જમતા જમતા રાજા રાજકુમારીને વાત કરતા કહે : 'બેટા ! આપણે ત્યાં પેલો ભંગી આવતો હતો ને ? તે પરમહંસ બની ગયો ! હું આજે જ ત્યાં ગયો હતો. હજારો લોકો દર્શન કરવા આવે છે.'

રાજકુમારી પિતાજીને પંખાથી પવન નાખતા નાખતા કહે : 'પિતાજી ! તો તો હું ય જાઉં ?' રાજા કહે : 'હા...હા... બેટા ! તું ય જઈ આવજે ને.' બીજે દિવસે રાજકુમારી ભંગી પાસે જાય છે.

પછી રાજકુમારી ભંગી પાસે જઈને ઢંઢોળે છે. એનો ખભો

પકડીને તેને જોરથી હલાવે છે. પરંતુ ભંગી જરાપણ ભાનમાં આવતો નથી. તેના કાન પાસે જઈને કહે : 'આંખ્ય ખોલો, હું તેદિ' વાળી આવી ગઈ છું.' ત્યારે ભંગી ઉપર કોઈ અસર થઈ નહિ. બીજીવાર કહ્યું. તોપણ તેને એવી સમાધિ થઈ ગઈ હતી કે, પોતાના શરીર ઉપરનો કાબુ પણ ગુમાવ્યો હતો. બીજીવાર એનો ખભ્ભો પકડીને તેને જોરથી હલાવીને કહે : 'આંખ્ય ખોલો, હું તેદિ' વાળી આવી ગઈ છું.' ત્યારે એ ભંગી સમાધિમાંથી બહાર આવીને આંખ ખોલીને કહે : 'તું તેદિ' વાળી છો, પણ હું હવે તેદિ'વાળો નથી રહ્યો.' એમ કહીને ફરીથી સમાધિમાં લીન થઈ ગયો. અંતે એક **મહાન સંત** તરીકે તેની ગણના થઈ.

આ **ભગવન્નામ સ્મરણની તાકાત** છે. પરંતુ આપણે દિશા ભણી જોયું જ નથી, પ્રયત્ન જ નથી કર્યો. તો એ બાજુ સૂર્યોદય આપણને કેમ દેખાય? પૂર્વમાં સૂર્ય ઉગે છે એ બધાને ખબર છે, પણ એના માટે સવારે વહેલા ઊઠી પૂર્વ દિશા તરફ ધ્યાન કરી હાથ જોડીને દર્શનની ભાવનાથી ઊભા રહો તો સૂર્યોદયના દર્શન થાય. જે બ્રહ્માનંદ સ્વામીએ કર્યું કે પેલા ભંગીએ કર્યું. એકવખત ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિ લાગી જાય પછી તેને વિષયોમાં જોડવી મુશ્કેલ બની જાય છે. વક્તા નિત્યસ્વરૂપ સ્વામીએ બહુ સરસ સમજાવ્યું કે, જેમ કૂવામાં દેડકો હોય એને એમ લાગે કે આટલી જ આપણી સૃષ્ટિ છે. બહાર નીકળે તો ખબર પડે કે દુનિયા કેટલી વિશાળ છે. વ્યક્તિ જે સીમિત મોજશોખમાં ફસાય છે એટલે પરમાત્માનું અમાપ સુખ એનાથી વંચિત રહી જાય છે. એ પરમાત્માનું સુખ મેળવવાનું કાર્ય આ કથાપારાયણો અને મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે. આ કથાપારાયણોનો હેતુ જ એ છે કે, જીવાત્માને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ઓળખાણ થાય. એકવખત ભગવાનના સ્વરૂપનો આનંદ માણશો પછી જગત સંબંધી વિષયોનો આનંદ મિથ્યા લાગવા માંડશે. માટે શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના શ્રીચરણોમાં અમારી એ જ પ્રાર્થના કે, દરેક ભક્તોના નિર્મળ હૃદયમાં ભગવાન શ્રીહરિના સ્વરૂપનું સુખ વધુને વધુ પ્રાપ્ત થાય...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૬, સત્ર - ૧

ભગવાન શ્રીહરિના **દિવ્યચરિત્રો**નો **મહિમા,** એના **ગુણ** જેટલા ગાઈએ એટલા ઓછા છે. આ સંસારમાં જીવાત્માને ભગવાનના સ્વરૂપનો મહિમા સમજાય ત્યારે ભગવાનને રાજી કરવાની કેવી **તાલાવેલી** જાગે છે એ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના માધ્યમથી ગઢપુરમાં લાડુબા-જીવુબા આદિક સ્ત્રીભક્તો દ્વારા શ્રી વાસુદેવનારાયણ સમક્ષ ધરાવેલ **અન્નકૂટલીલા પ્રસંગ**ની કથાના શ્રવણથી આપણે સમજી શકીએ છીએ. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ચોથા **વચનામૃત**માં બહુ સુંદર વાત કરી કે, "ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી." ત્યારે આનંદાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! ઈર્ષ્યા તો રહે છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઈર્ષ્યા કરવી તો નારદજીના જેવી કરવી. જેમ એક સમયને વિષે નારદજી અને તુંબરુ એ બે વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણના દર્શન કરવા ગયા તે લક્ષ્મીનારાયણ આગળ તુંબરુએ ગાન કર્યું. તેણે કરીને લક્ષ્મીજી તથા નારાયણ એ બે ય પ્રસન્ન થઈને તુંબરુને પોતાના વસ્ત્ર-આભૂષણ આપ્યાં. ત્યારે નારદજીને તુંબરુ ઉપર ઈર્ષ્યા આવી જે, 'હું તુંબરુના જેવી ગાનવિદ્યા શીખું અને ભગવાનને પ્રસન્ન કરું.' પછી નારદજી ગાનવિદ્યા શીખતા હવા અને ભગવાન આગળ ગાતા હવા, ત્યારે ભગવાને કહ્યું જે, 'તમને તુંબરુના જેવું ગાતા નથી આવડતું.' પછી વળી શિવ ઉપર તપ કરીને શિવ થકી વર પામીને ગાનવિદ્યા શીખીને ભગવાન આગળ ગાવતા હવા, તો પણ ભગવાન એની ગાનવિદ્યા ઉપર પ્રસન્ન ન થયા. એવી રીતે સાત મન્વંતર સુધી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાન આગળ ગાયા તો પણ ભગવાન પ્રસન્ન ન થયા, પછી તુંબરુ પાસે ગાનવિદ્યા શીખ્યા અને શ્રીકૃષ્ણભગવાન આગળ દ્વારિકામાં ગાવતા હવા, ત્યારે શ્રીકૃષ્ણભગવાન પ્રસન્ન થયા અને પોતાના વસ્ત્ર-અલંકાર નારદજીને આપ્યાં, ત્યારે નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા મેલી, માટે ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા અને તેવું ન થવાય અને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો."

નારદ-તુંબરુનો પ્રસંગ પુરાણમાં દર્શાવવામાં આવ્યો છે. ઈર્ષ્યા કરવી તો નારદ અને તુંબરુ જેવી કરવી, કોણ વધારે ભગવાનને રાજી કરવા મહેનત કરી શકે છે. જગતના વ્યક્તિનો એક સ્વભાવ છે કે હંમેશા પોતાની જાતને વિશેષ બતાવવાને માટે એ અન્ય વ્યક્તિને નીચા બતાવવાનો પ્રયત્ન કરે છે. પણ જ્યાં સુધી દેહાભિમાન છે ત્યાં સુધી એવી સમજણ રહે. જે દિવસે દેહાભિમાનથી પર થઈ, હું પણાથી પર થઈ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ શ્રીહરિને રીજવવાનો દાખડો થઈ જાય એટલે ઈર્ષ્યા મુક્ત, રાગ-દ્વેષમુક્ત થઈ જાય છે.

વિશ્વમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ **એકેશ્વરવાદ**નો **સિદ્ધાંત** સમજાવ્યો છે. એ સિદ્ધાંત પણ આપણને એ જ માર્ગ ઉપર આગળ લઈ જાય છે. વ્યક્તિગત દેહાભિમાન, રાગ-દ્વેષ અને સ્વાર્થને મૂકીને પોતાના આત્મકલ્યાણને માટે, ભગવાનને રાજી કરવાને માટે **લક્ષ્ય** અને **દૃષ્ટિ** થાય ત્યારે આપોઆપ બધા એક થઈ જાય છે. ફક્ત જરૂર હોય છે વચ્ચે જે ઓથને દૂર કરવાની. અહંકારની મર્યાદાને તોડવાની. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, જેવો ભાવ પોતાના પુત્ર-પરિવાર, સંપત્તિ પ્રત્યે થાય છે તેવો આત્મભાવ જો ભગવાન અને ભગવાનના સંત પ્રત્યે થઈ જાય તો બેડો પાર થઈ જાય છે.

વડતાલ પ્રકરણના ૧૪માં વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ બહુ સુંદર એક સિદ્ધિ બતાવી છે. વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે કુપાત્ર જીવન જણાતો હોય ને તેને પણ સમાધિ થઈ જાય છે તેનું શું કારણ હશે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ધર્મશાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વ લોક એમ જાણે જે, 'આ કુપાત્ર માણસછે.' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે. અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે અને તે

જીવ અતિશય પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે ત્યારે સમાધિ થઈ જાય છે. અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વે લોક ધર્મવાળો જાણે, પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે, 'વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે.' માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચમહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે.''

શ્રીજીમહારાજ કહે છે કે, વર્ણાશ્રમના જે પ્રતિપાદિત ધર્મો છે એનું આચરણ ન કરે એટલે અધર્મી ગણીએ છીએ પણ એવો જે વ્યક્તિ તે ભગવાન અને ભગવાનના એકાંતિક સંતો-ભક્તોનો મહિમા સમજે છે ત્યારે મહિમાના પુણ્ય પ્રતાપે કરીને જે અધર્મનું આચરણ કર્યું હોય, ધર્મનો લોપ કર્યો હોય એના આધારે જે પાપના ભાતા બંધાણા હોય એ પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને પોતે જે ગુણ લીધો છે, ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોના મહિમા જે સમજ્યો છે એના પુણ્ય પ્રતાપે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થાય છે અને એ પ્રીતિ થતાં જ એને સમાધિ થઈ જાય છે. શ્રીજીમહારાજે એનાથી વિપરીત પણ બતાવ્યું કે, ઘણું પુણ્યકર્મ કરતા હોય, ધર્મનિયમનું આચરણ કરતા હોય પણ ભગવાનનો દ્રોહ કરે, ભગવાનના એકાંતિક સંતો-ભક્તોનો દ્રોહ કરે તો એના પુણ્યકર્મ પણ બળીને ભસ્મ થઈ જાય છે અને એને સમાધિ થવી ઘણી કઠણ થઈ જાય છે.

કહેવાનો **ભાવાર્થ** એ છે કે, માત્ર સાધને કરીને ભગવાનને પામવાની ચેષ્ટા કરીએ તો સફળતા ન મળે. જ્યારે ભગવાનનો મહિમા સમજી, ઓતપ્રોત થઈ જઈએ ત્યારે ભગવાનને પામી શકાય છે. જેમ ગઢપુરમાં અન્નકૂટ બનાવતી સ્ત્રીભક્તો ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તલ્લીન થઈ ગયા, ગોપીકાઓની જે સ્થિતિ હતી એને દહીં વલોવતા વલોવતા કે ઘરકામ કરતા કરતા પણ ભગવાન શ્રીકૃષ્ણની ઝાંખી થતી હતી તેમ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ તલ્લીન બને ત્યારે **સમ્યક્ મહિમા** સમજાયો જાણવો.

અને આ તો વ્યક્તિને પોતાનો **સ્વભાવ-પ્રકૃતિ** ટાળવાનો વિષય છે. જ્યારે દેહાભિમાન જીવાત્માને તૂટે છે ત્યારે ગમે તેવા કઠણ સ્વભાવ હોય એ વિરામ પામી જાય છે. મનુષ્યને તો થાય તો થાય પણ આપણા ગ્રંથો તો જડવસ્તુએ પણ પોતાના સ્વભાવ છોડી દીધા તેવા **દૃષ્ટાંતોના સાક્ષી** છે.

રાજકોટમાં સરમાલ્કમની મુલાકાત લઈને **શ્રીજીમહારાજ** ગઢપુર જવા માટે રાજકોટથી રવાના થઈ રહ્યા હતા ત્યારે યોગીરાજ **ગોપાળાનંદ સ્વામી** બોરડીના વૃક્ષ સમીપથી પસાર થઈ રહ્યા હતા ત્યાં જ અચાનક બોરડીના કાંટા ગોપાળાનંદ સ્વામીના માથે પહેરેલી પાઘ (રૂમાલ)માં ભરાયા. આ જોઈ સ્વામી ત્યાં જ સ્થિર થઈ ગયા. તેઓના મુખમાંથી એકદમ શબ્દો સરી પડ્યા : ''અરે, અભાગી ! પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ તારા નીચે આવીને બિરાજમાન થયા છતાં તારો ખૂંચવાનો કાંટાળો સ્વભાવ ન છોડ્યો.'' સ્વામીના આ **વેધક શબ્દો** જાણે બોરડી ઝીલી લેતી હોય તેમ તેના બધા જ કાંટા તત્કાળ ખરી પડ્યા. આજે પણ રાજકોટમાં ભૂપેન્દ્ર રોડ પર શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં આ બોરડી દર્શન આપે છે. જેણે પોતાનો સ્વભાવ છોડી દીધો. દેહાભિમાન મૂકી દીધું. જો એક જડ પદાર્થના સ્વભાવ છૂટી જતા હોય તો મનુષ્યના રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અહંકાર ઈત્યાદિ છૂટે એમાં શું નવાઈ છે. ભગવાનનો પુણ્યપ્રતાપે આપણે પણ એ આવરણને ભેદીને ભગવાન સુધી પહોંચવાની **તત્પરતા** દાખવવી જોઈએ. પરિશ્રમ વિના ફળની પ્રાપ્તિ થતી નથી. કરુણાએ કરીને ભગવાન **કૃપાદૃષ્ટિ** કરે એમાં જરાય ના નથી એ ભગવાનની મોટપ છે. અભાગી અને અધમ જીવાત્મા હોય એનો પણ ભગવાન ઉદ્ધાર કરે, પણ એ ભગવાનની કરુણા છે. એ આપણો હક નથી. ઘણીવખત એ કરુણાને અન્યથા લઈએ છીએ કે, ભગવાન કરુણાનિધાન છે, દયાળુ છે, અધમઉદ્ધારણ છે. તો આપણે ભલેને અધમ રહ્યા. એમાં ભગવાનની ઈચ્છા હોય તો ભગવાન એનું **કલ્યાણ** કરે. એવું ભગવાનનું સ્વતંત્રપણું છે. આપણે ભગવાનને બાધ્ય ન કરી શકીએ. અમે અમારા જીવનમાં ગમે તેવા ફેલ-ફતુર, વ્યસન-કુસંગ આદિ દુર્ગુણ રાખીશું અને ભગવાન અમારું કલ્યાણ કરો જ એવું બાધ્ય ન કરી શકાય.

શ્રીજીમહારાજને બાધ્ય કરી શકાય તો શેનાથી ? શ્રીજીમહારાજ કહે, અમારી જે આજ્ઞામાં વર્તે, શિક્ષાપત્રીમાં બાંધેલી મર્યાદામાં રહે એનું કલ્યાણ કરવા અમે બંધાયેલા છીએ. એ અમારું બિરુદ છે. અને બિરુદ બદલવા ભગવાન પોતે પણ સમર્થ નથી. અમારામાં જેની વૃત્તિ સ્થિર થઈ ગઈ એને તોડાવવા અમે સ્વયં પણ સમર્થ નથી. આજે એ સિદ્ધાંતે આપણે ભગવાન શ્રીહરિના થવા પુરુષાર્થ કરીએ. ભગવાનના થઈ જઈએ તો ભગવાન આપણું કલ્યાણ કરવા બાધ્ય બને. પણ અન્યથા જો પ્રયત્ન કરીએ અને અપેક્ષા રાખીએ તો એમાં કોઈ કાળે ફળની પ્રાપ્તિ ન થાય...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૬, સત્ર - ૨

આજે શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી લંડનમાં જાણે **પંચાળા** ખડું થયું હોય એવું **દિવ્ય વાતાવરણ** સર્જાયું છે. ભગવાન શ્રીહરિના સિદ્ધાંતોને આપણે અનુસરીએ ત્યારે ન કેવળ ભૌતિક સુખ માણી શકીએ છીએ પણ અલૌકિક સુખને પણ માણી શકીએ છીએ. ભગવાનની દરેક ક્રિયામાં **અલૌકિકપણું** રહ્યું છે. આ લોકમાં મત્સ્ય, વરાહ, કચ્છ, નૃસિંહ આદિ અનેક અવતારો થયા. દરેક જીવાત્માના રક્ષણ માટે, ભક્તોના રક્ષણ માટે શ્રીજીમહારાજે અલૌકિકપણાના અનેકવખત દર્શન કરાવ્યા છે. પરંતુ ભગવાન શ્રીહરિએ લૌકિક જે ઉત્સવો કર્યા એમાં પણ અલૌકિકપણું બતાવ્યું છે.

શ્રીજીમહારાજે લોયામાં શાકોત્સવમાં રીંગણાના શાકનો વઘાર કર્યો હોય ત્યારે બોચાસણના પાટીદાર કાશીદાસની સાથે તેના પિતા કાનદાસ સંતો દ્વારા મહારાજનો મહિમાની વાતો સાંભળી આવ્યા ત્યારે ભગવાન શ્રીહરિના લૌકિક ચરિત્રો અને તેની દિવ્યતા ન સમજી શક્યા. કાનદાસ ભગવાન શ્રીહરિને શાક વઘારતા જોયા ત્યારે એક સામાન્ય રસોઈયાની જેમ વઘાર કરે અને વઘાર કરીને હળદર, ચટણીવાળા હાથ પોતાના પીતાંબરથી લૂછે છે. કોઈ સામાન્ય

વ્યક્તિને એમ થાય કે, આને લોકો ભગવાન કહે છે પણ એક સામાન્ય વિવેક પણ નથી. વ્યવહારનો વિવેક નથી. એવાને ભગવાન કેમ મનાય. કાનદાસને પણ મનમાં એવા સંકલ્પો થયા. જ્યારે મનમાં અભાવ જેવું વાતાવરણ લઈને પાછા ફરતા હતા ત્યારે મહારાજે પાછું વળીને જોવા સાદ કર્યો. પાછા વળીને ભગવાન શ્રીહરિ સામે દૃષ્ટિ કરી ત્યારે ચતુર્ભુજ સ્વરૂપે ભગવાન શ્રીહરિએ દર્શન દીધા. આવા એક શાકોત્સવમાં પણ ભગવાન શ્રીહરિએ પોતાના ભગવાનપણાની પ્રતીતિ કરાવી. એ જ શ્રીજીમહારાજે પંચાળાના રાસોત્સવમાં એક સંત એક સહજાનંદ એવા રૂપ ધારણ કરી પોતાનું જે ઐશ્વર્ય-પ્રતાપ એના દર્શન કરાવી પોતાના સર્વોપરિપણાની પ્રતીતિ કરાવી છે. એટલા માટે આ બધા લૌકિક ચરિત્રો હોવા છતાં પણ અલૌકિક બન્યા છે. આપણા માટે કલ્યાણકારી બન્યા છે. જેમ ગંગા આદિ નદીઓમાં સ્નાન કરવાથી શુદ્ધ થાય, કોઈ વસ્તુ અગ્નિથી શુદ્ધ થાય, કોઈ જળથી શુદ્ધ થાય એમ આત્માને શુદ્ધ કરવો હોય તો ભગવાનના આવા લૌકિક-અલૌકિક ચરિત્રો દ્વારા કથાવાર્તાથી શુદ્ધ થાય.

જેને ભગવાનના એકાંતિક ભક્ત થવું હોય તો એ **એકાંતિક ભક્ત** કેમ થવાય ? અને ભગવાનનો **રાજીપો** કેમ પ્રાપ્ત થાય ? આ બે પ્રશ્ન વચનામૃતમાં શ્રીજીમહારાજને પૂછવામાં આવ્યા છે. ભગવાન શ્રીહરિ ઉત્તર આપતા કહે છે કે, વર્ણાશ્રમના જે ધર્મો એ શાસ્ત્રએ પ્રતિપાદન કર્યા છે. એ ધર્મોને દૃઢતાથી જે અનુસરતો હોય, આત્મનિષ્ઠાની જેણે દૃઢતા કરી હોય, ભગવાન સિવાય બીજા તમામ પદાર્થમાં અરૂચિ વર્તે, એ ભોગવતો હોય તોય ભલે અને ન ભોગવતો હોય તોય ભલે. ગૃહસ્થાશ્રમમાં હોય તોય ભલે અને ત્યાગાશ્રમમાં હોય તોય ભલે પણ જગતના વિષયોમાં આસક્તિ જેણે છોડી દીધી છે, એના પ્રત્યેની રૂચિ જેણે છોડી દીધી છે. આવી જેની સમજણ વર્તતી હોય અને સર્વથી ઉત્તમ ભગવાનની માહાત્મ્યજ્ઞાને સહિત નિષ્કામ ભક્તિ એને જો જીવાત્મા અનુસરતો હોય તો એ જીવાત્મા પરમ એકાંતિક થઈ શકે. એના ઉપર પરમાત્માનો અખંડ રાજીપો રહી શકે. શ્રીજીમહારાજે એનાથી વિશેષ એક વાત કરી. આવી પ્રાપ્તિ મળ્યા પછી પણ એ જીવાત્મા ટકાવી કેમ શકે ? મહારાજ કહે, અમારો ગૃહસ્થ ભક્ત હોય અને એને ત્યાં શેર લોટ હોય અને જેવું એનું દાસત્વપણું, સમર્પણપણું, સામીપ્યપણાની **ભાવના** વર્તતી હોય પછી એ ચક્રવર્તી સમ્રાટ થાય તોપણ એના ભાવમાં લેશમાત્ર પણ ફેર ન પડે. સંતો-ભક્તો સાથે એવા જ પ્રેમથી, એવા જ દાસત્વભાવથી **સમર્પણ** થઈને દાસાનુદાસ થઈને વર્તે ત્યારે એનામાં ગુણ જળવાઈ રહે. અને ત્યાગી હોય, સત્સંગમાં પ્રથમ જ્યારે ત્યાગાશ્રમમાં દીક્ષા લીધી હોય અને દાસ થઈને વર્તતો હોય અને પછી ગમે તેટલી સિદ્ધિ અને પ્રતિષ્ઠાને પામ્યો હોય, ભગવાનના જેવા ઐશ્વર્ય આવે તોપણ પોતે **દાસાનુદાસ** થઈને રહે. આવી અખંડ ભાવના રહે તો ભગવાનનો રાજીપો કાયમ રહે છે. અને સમજણ સત્સંગના માધ્યમથી જ થાય છે. એટલે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે કે, **'શૂળી ઉપર શયન કરાવે તોયે સાધુને સંગે રહીએ રે... તેનો સંગ શીદ તજીએ.'**

પંચાળાના રાસને બિરદાવતા પંક્તિ લખવામાં આવી કે, '**ધન્ય ધન્ય પંચાળાની ધરણી,** ધન્ય ધન્ય **ઝીણાભાઈ** રે; ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને...' એમ આજે કહીએ કે, ધન્ય ધન્ય **આ લંડનની ધરતી,** ધન્ય ધન્ય **આ ભક્તો**ને આજે કથાના માધ્યમથી પંચાળાનો રાસ માણ્યો અને એ જ મોજ માણી છે. એ આપણી સ્મૃતિમાં અખંડ રાખીએ તો ભગવાનનો **રાજીપો** આપણા ઉપર અહર્નિશ રહ્યા કરશે. વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના શ્રીચરણોમાં અમો **પ્રાર્થના** કરીએ છીએ કે, લંડનમાં વસતા અમારા ભક્તોને ખૂબ શક્તિ આપો, આવોને આવો સત્સંગનો, ભક્તિનો અને ધર્મનિયમનો ઉત્સાહ જળવાઈ રહે. નિયમ-નિશ્ચય અને પક્ષની દૃઢતા હંમેશા રહે...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૭, સત્ર - ૧

ભગવાન શ્રીહરિની અસીમકૃપાથી આપણા સૌના અનંત જન્મોના સત્કૃત્યોના પુણ્યના પ્રતાપ સ્વરૂપે આ મહોત્સવને નિમિત્ત બનાવી ભગવાન શ્રીહરિના **દિવ્ય ચરિત્રો**ને આપણા જીવનમાં સાંભળવાનો અને જીવનમાં એ ચરિત્રોના ઉપદેશને ઉતારવાનો અવસર પ્રાપ્ત થયો છે. ભગવાન શ્રીહરિના પ્રાગટ્યથી લઈને અંતર્ધાન સુધી ભગવાનના દરેક ચરિત્રો પલને, ક્ષણને સાક્ષીએ આપણી સમક્ષ વક્તા નિત્યસ્વરૂપ સ્વામીએ રજૂ કર્યા છે. આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાને અંતે આપણને એ **અનુભૂતિ** અવશ્ય થાય કે આપણને આ સંસારમાં મનુષ્યજન્મ મળ્યો એ ખરેખર ભગવાનના **સાનિધ્ય**ને પામવાને માટે જ મળ્યો છે.

શ્રીમદ્ ભાગવતમાં **એક પ્રસંગ** છે. પરિક્ષિત રાજાને જ્યારે શાપ થયો અને પરીક્ષિત રાજાએ સાત દિવસ જે શ્રીમદ્ ભાગવતની કથાનું જે શ્રવણ કર્યું ત્યારે કથાના શ્રવણના પુણ્યના પ્રતાપે ભગવાનનો સાક્ષાત્કાર થયો છે. પંચભૌતિક દેહનો ત્યાગ કરી ભગવાનના ધામમાં રાજા પરીક્ષિતને સ્થાન મળ્યું છે. આપણા જીવનમાં પણ એ ફળની પ્રાપ્તિને માટે આ સંસારમાં હજારો ભક્તો એવો સંકલ્પ તો કરે છે પણ એ સંકલ્પને સાકાર કરવાને માટે જે કાર્ય કરવું જોઈએ એ કાર્યમાં ઘણીવખત થાપ ખાઈ જાય છે. વચનામૃતમાં શ્રીજીમહારાજે પૂછ્યું છે કે, જીવાત્માનું કલ્યાણ ક્યા પ્રકારે થાય છે ? ત્યારે મહારાજે જ તેનો ઉત્તર આપ્યો છે કે, તમે એમ કહો છો કે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યે કરીને થાય છે. તો ભગવાનના નિશ્ચયનો જે પક્ષ છે તેનું શું થશે ? પછી સ્વયં **ભગવાન શ્રીહરિ** સમજાવે છે કે, ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય ઈત્યાદિ જે સાધન છે એ તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે. કોઈ વ્યક્તિ પોતાના સાધને કરીને એમ માને કે હું મારા જ્ઞાને કરીને, ધર્મે કરીને, ભક્તિએ કરીને અને વૈરાગ્યે કરીને ધામ પામી લઈશ તો ભગવાન શ્રીહરિ કહે એ ક્યારેય સંભવ ન બને. પણ એ **સાધનની સાર્થકતા** ક્યારે કહેવાય ? એ સાધનના માધ્યમથી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો **રાજીપો** આપણા ઉપર ઉતરે ત્યારે જીવાત્મા કલ્યાણને પામે છે. પરંતુ માત્ર સાધનના બળે એ શક્ય નથી. અને આજે કથાના માધ્યમથી જીવાત્મામાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય દૃઢ રહે એ માટે શ્રીજીમહારાજે પ્રથમ **મંદિરોનું નિર્માણકાર્ય** કર્યું છે. અને એમાં પોતાના **સ્વરૂપો** પધરાવીને શ્રીજીમહારાજે આપણને **શુદ્ધ ઉપાસના**નો

માર્ગ આપ્યો છે.

શ્રીજીમહારાજ કહે છે કે, જ્યાં સુધી ઉપાસનામાં જીવાત્માને શુદ્ધતા નથી આવી ત્યાં સુધી ભગવાનના સ્વરૂપનો નિશ્ચય દૃઢ નથી થયો. અને ત્યાં સુધી જીવાત્માને ભટકવાના, માર્ગ ભૂલવાના ઘણા એવા અવકાશ રહેલા છે. ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે **છ મંદિરો** નિર્માણ કર્યા અને તેમાં પોતાના સ્વરૂપો પધરાવ્યા. એનાથી આપણને **ઉપાસનાનો માર્ગ** સમજાવ્યો છે. આ લોકમાં **અનેક અવતારો** પ્રાગટ્યને પામ્યા છે. પણ **સનાતન તત્ત્વ** એ પરબ્રહ્મ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**નું એક જ રહેલું છે. શ્રીજીમહારાજે અમદાવાદ અને ભુજમાં નરનારાયણદેવ, વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ, ધોલેરામાં મદનમોહન મહારાજ, જૂનાગઢમાં રાધારમણ દેવ અને ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની સ્થાપના કરી પણ ભગવાન શ્રીહરિએ એક સૂત્રથી, એક વાક્યથી આ તમામ કાર્યને પોતાના સ્વરૂપની સાથે જોડી દીધું છે. શ્રીજીમહારાજ કહે કે, 'આ સ્વરૂપોમાં અમારો **અખંડ વાસ** છે.'

લીલાચરિત્રોમાં મર્યાદાથી વિભાજન કરીએ તો શ્રીકૃષ્ણ પરમાત્માની સાથે રાધિકાજી હોય, લક્ષ્મીજી ન હોય. પરંતુ શિક્ષાપત્રીનો મંગળાચરણ શ્લોક એમ કહે, 'वामे यस्य स्थिता राधा' મહારાજ કહે છે કે, જો રાધાકૃષ્ણ કહો તો કૃષ્ણમાં રહેલું કૃષ્ણપણું તો હું છું. નરનારાયણ સ્વરૂપ કહો તો એમાં રહેલું નારાયણપણું એ હું છું. અને લક્ષ્મીનારાયણ કહો તો એમાં રહેલું નારાયણપણું એ હું છું. આ સર્વ જે આવિર્ભાવ એનું જો કોઈ કારણ હોય, કોઈ મધ્ય હોય, કેન્દ્રબિંદુ હોય તો એ હું છું. એટલા માટે એમાં ભિન્નતા ન હોવા છતાં પણ સ્વરૂપે ભલે આપણને અલગ વર્તાતા હોય. ભગવાન શ્રીહરિ આપણને નરનારાયણ સ્વરૂપે દર્શન દેતા હોય કે લક્ષ્મીનારાયણ સ્વરૂપે દર્શન દેતા હોય તો એમાં રહેનાર **પરમ ચૈતન્ય** જ ઐશ્વર્યપણાએ યુક્ત, સામર્થીપણે યુક્ત જે **પુરુષોત્તમપણું** એ હું છું. તો આવો **એકેશ્વરવાદ**નો **સિદ્ધાંત** કરી આપણને સૌને એક તાંતણે ભગવાન શ્રીહરિએ બાંધી દીધા છે.

શ્રીજીમહારાજે પોતાના ઐશ્વર્ય-પ્રતાપથી ક્યાંક ચતુર્ભુજપણે દર્શન કરાવી પ્રતીતિ કરાવી, ક્યાંક કૃષ્ણ પરમાત્માની જેમ ગોપીઓની સાથે રાસ રમ્યા હતા એમ મહારાજે સંતોની સાથે અનેક સ્વરૂપ ધારણ કરીને પોતાના ઐશ્વર્યપણાની પ્રતીતિ કરાવી. એ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વકારણના કારણ છે. એ પ્રાપ્તિ આપણને મંદિરોની મૂર્તિના માધ્યમથી થઈ છે. આ સ્વરૂપની ઉપાસના કરશો તો નિશ્ચે મને એટલે કે ભગવાન શ્રીહરિને પામશો. આવું જ્યારે શિખર ચડાવવાનું કામ **પોતાના સંપ્રદાયનું હાર્દ** વચનામૃતમાં શ્રીજીમહારાજે સમજાવ્યું છે.

ભગવાન શ્રીહરિના સત્સંગ વિચરણ દરમ્યાન પોતાના યોગમાં જે જીવાત્મા આવે એનું તો **સહેજે કલ્યાણ** થાય એવો પ્રતાપ છે પણ મહારાજ પંચભૌતિક દેહ ધારણ કરીને ન વિચરતા હોય ત્યારે વચનામૃતમાં કહ્યું કે ભગવાનના યોગમાં આવેલા સંતો-ભક્તોનો સમાગમ કરે તો એનું પણ નિશ્ચે કલ્યાણ થાય છે. પરંતુ જ્યારે એવા સંતો-ભક્તો પણ ન વિચરતા હોય ત્યારે મહારાજ કહે કે, **અમે પધરાવેલા જે સ્વરૂપો** તેમાં અમારો **અખંડ વાસ** છે. માટે તમે એના દર્શન કરો છો એ અમારા **દર્શન** કર્યા બરાબર છે. અમારા યોગે કરીને સમાગમે કરીને જે સુખની પ્રાપ્તિ થાય એ જ સુખની અનુભૂતિ આ સ્વરૂપોના માધ્યમથી થશે. આવો સર્વોપરી ઉપાસનાનો શુદ્ધ માર્ગ ભગવાન શ્રીહરિએ આપણને આપ્યો છે.

આ ઉપાસના-ભક્તિ માર્ગનું પોષણ ત્યારે જ થાય જ્યારે જીવાત્મા **મંત્રદીક્ષા** પામી ભગવાન શ્રીહરિ સાથે જોડાયો હોય. જ્યાં સુધી પ્રતીતિ નથી થઈ ત્યાં સુધી જીવાત્માએ કરેલી ભક્તિ એ ભગવાન સુધી પહોંચતી નથી. કદાચ કરેલી ભક્તિ એ બીજબળ બનાવે પણ એનું ફળ આ જન્મે કે બીજા જન્મમાં સત્સંગનો યોગ મળે, સંતો-ભક્તોનો સમાગમ થાય ત્યારે મળે કે ન મળે. જ્યાં આ સંબંધ ન બંધાયો હોય ત્યાં સુધી આપણી ભક્તિની પરિપૂર્ણતા એ ભગવાન સુધી પહોંચતી નથી. અને ભક્તિનું જે ફળ કલ્યાણ એ પ્રાપ્ત થતું નથી. એટલા માટે ઉપાસના અને ભક્તિ એ બંનેને પોષણ મળે તે માટે આરાધ્ય ઈષ્ટદેવના સ્વરૂપો આપણને આપ્યા છે. મંત્રદીક્ષાની અને ભક્તિની પરંપરા અવિરતપણે વહેતી રહે એટલા માટે **આચાર્ય પરંપરા**ની શ્રીજીમહારાજે **સ્થાપના** કરી છે. અને ત્રીજો સંકલ્પ **સત્શાસ્ત્રની રચના** કરવી અને કરાવવી. વ્યક્તિનો એક સ્વભાવ છે કે, કોઈ વસ્તુને દીર્ઘકાલ સુધી એ યાદ નથી રાખી શકતો. બાળપણની બધી વાતો કાંઈ આપણને યાદ નથી હોતી. કદાચ કથામાં શું શ્રવણ કર્યું એ પણ ઘણાને યાદ નહીં હોય. એનું કારણ શું ? તો આપણે એનો નિદિધ્યાસ નથી કરતા. ભગવાનને રાજી કરવા અને આપણા કલ્યાણને અર્થે આપણા સૌનું **કર્તવ્ય** છે કે આ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાથી આપણા **જીવન**માં કાંઈક **પરિવર્તન** લાવીએ. સમજણમાં કાંઈક પરિવર્તન લાવીએ. આપણા જીવનમાં અંતઃશત્રુઓ વિરામ પામે એવો સંકલ્પ કરવો.

કથાની પૂર્ણાહુતિ ભલે થઈ જાય પણ જીવનમાં **પરિવર્તન**ની **શરૂઆત** થશે. કથામાં ભગવાન શ્રીહરિના ચરિત્રો ભલે સંકેલાઈ જાય પણ આપણા હૃદયમાં આ દિવ્યચરિત્રોને હંમેશા વાગોળતા રહેશું તો આપણું મન હંમેશા પવિત્ર અને નિર્મળ રહેશે. અને નિર્મળ મન હશે તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો **આનંદ** વિશેષ આવશે...! **'જય શ્રી સ્વામિનારાયણ.'**

## દિવસ - ૭, સત્ર - ૨

આ ઘોર કળિયુગમાં ત્રિવિધ તાપમાં તપતો જીવાત્મા એને જેમ કોઈ વૃક્ષની શિતળ છાયા મળે અને જળ પીઈને એના હૃદયમાં શીતળતા થાય એવી શાંતિ અને શીતળતા અપાવનાર ભગવાન શ્રીહરિના અલૌકિક **દિવ્યચરિત્રો**નું **શ્રવણ** કરી આપણે સૌ તૃપ્ત થયા છીએ. ભગવાનના ચરિત્રો ગાવા-સાંભળવા અને સંભારવા મંગળકારી છે. અને આજે આપણે એ રસાસ્વાદનો સ્વાદ માણી શક્યા અને એનું **નિમિત્ત** આપણા સૌના પરમગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણે જેને પોતાના **પ્રથમ ઉત્તરાધિકારી** તરીકે નિયુક્ત કરી આ સંપ્રદાયની ધુરા જેને સુપ્રત કરી એવા **આદિઆચાર્ય શ્રી**

**રઘુવીરજી મહારાજ**ના પ્રાગટ્યનો **દ્વિશતાબ્દી મહોત્સવ** કરી રહ્યા છીએ.

આજે કથા મહોત્સવનો સમાપન દિવસ છે. આગામી દિવસોમાં જે સદ્‌ઉપદેશ ગ્રહણ કર્યો, ભગવાન શ્રીહરિના દિવ્યચરિત્રોને શ્રવણ કર્યા એનો સંકેલો કરી એનું નાનુ સ્વરૂપ આપણા હૃદયમાં અખંડ બિરાજમાન રહે એનો પ્રયત્ન કરવાનો આજનો દિવસ છે. કથાના માધ્યમથી આપણને ઘણો ઉપદેશ કરવામાં આવ્યો. વારંવાર સત્શાસ્ત્રોના પ્રમાણ આપી, ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનોના પ્રમાણ આપી જીવાત્માને સદ્‌માર્ગે વાળવાનું કામ કરવામાં આવ્યું છે. એ સદ્‌બોધ અને સદ્‌માર્ગને આપણા જીવનમાં સ્વીકારવું એ આપણું કર્તવ્ય છે. ભારતીય સનાતન વૈદિક શાસ્ત્રોએ **'ગુરુ' શબ્દની વ્યાખ્યા** બહુ સુંદર કરી છે. અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં જે લઈ જાય એનું નામ 'ગુરુ.' અને એ જ્ઞાન કેવું જ્ઞાન ? શ્રીમદ્‌ સત્સંગિજીવનમાં ભગવાન શ્રીહરિ કહે છે કે, જ્યારે મુમુક્ષુ જીવાત્મા ભગવાનના શરણે આવે છે ત્યારે એ મુમુક્ષુપણાને પ્રતિપાદિત કરવા માટે, એને દીક્ષા લેવી અતિ આવશ્યક બને છે. એ ચાહે ત્યાગાશ્રમની દીક્ષા હોય, ચાહે ગૃહસ્થાશ્રમની દીક્ષા હોય. અને **દીક્ષા શબ્દની વ્યાખ્યા** ભગવાન શ્રીહરિએ શ્રીમદ્‌ સત્સંગિજીવનમાં કરી છે :- 'दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना ।' જે વાસનાના બંધનને તોડી શકે છે તે જ **સાચો ગુરુ** છે. ગુરુ અને દીક્ષા - આ બંને શબ્દનો સમન્વય કરીએ તો આપણને સ્પષ્ટ જણાશે કે, જે ગુરુ જ્ઞાન આપે એ કેવું જ્ઞાન ? તો જે નિર્મળ, પવિત્ર અને સ્વચ્છ જ્ઞાન હોય. જે કર્મવાસનાના બંધનને કાપનાર હોય એવું **નિર્મળ** અને **સચોટ જ્ઞાન** આપે એ ગુરુ પાસે જ્યારે દીક્ષા ગ્રહણ કરીએ ત્યારે કર્મબંધનમાંથી જીવાત્મા છૂટી **અક્ષરધામ**ને પામે છે.

આજે આપણે ભાગ્યશાળી છીએ કે, આ સંપ્રદાયમાં એવી **અજોડ પરંપરા** સ્થાપન કરી. જેમાં અમદાવાદ દેશના આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉત્તરોતર પરંપરા અને વડતાલ દેશના આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની ઉત્તરોતર પરંપરામાં આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ,આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ અને એમના જ પુત્ર આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની **ધરોહર** આપણને પ્રાપ્ત થઈ છે. આ સીધો સંબંધ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે કરાવનાર જે દીક્ષાથી કર્મવાસના તૂટે, જન્મમરણના ફંદમાંથી મુક્ત થવાય એવી પ્રાપ્તિ અપાવનાર આપણને ગુરુની પ્રાપ્તિ થઈ છે. એ આપણા માટે **અહોભાગ્યની વાત** છે. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદમાં પણ **શ્રીમદ્‌ સત્સંગિજીવન ગ્રંથનો સાર** આપણને **ત્રણ શબ્દો**માં સમજાવ્યો છે. એક **શ્રીહરિકૃષ્ણ મહારાજ** એ આપણા કલ્યાણના કર્તા છે. એનો દૃઢ વિશ્વાસ રાખજો. એ ભગવાનને રાજી કરવાને માટે મહારાજશ્રીએ બીજી વાત કરી કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને ધર્મ અને ઉપાસનાનો માર્ગ સમજાવ્યો છે. ભગવાનની સ્વરૂપનિષ્ઠા હૃદયમાં ઠસી ઠસીને દૃઢ કરીને રાખીએ. ભગવાન શ્રીહરિએ **આજ્ઞા અને ઉપાસના માર્ગ** આપણને આપ્યો છે તેના પર નિરંતર ચાલજો. અને ત્રીજી વાત કે, એ માર્ગને **નિષ્કંટક** રાખવાની અને **નિર્વિઘ્ન** રાખવાની **જવાબદારી** પણ આપણી છે. એના માટે પણ સાવધાન થઈને વર્તજો.

શ્રીજીમહારાજે આજ્ઞા-ઉપાસનાનો માર્ગ શુદ્ધ આપ્યો છે. પણ કોઈ રાગ-દ્વેષવાળી વ્યક્તિઓ, કોઈ અજ્ઞાની, અહંકારી વ્યક્તિઓ વિઘ્ન ન નાખે, આ માર્ગમાં કાંટા ન નાખે, આપણો માર્ગ તો **અવરોધ** થાય જ પણ આપણી આવનાર ભવિષ્યની પેઢી, યુવાનો અને બાળકોની પેઢી જે એને આ સત્સંગના માર્ગ ઉપર ચાલવાનો અવસર આવે ત્યારે ઘણી તકલીફ સહન કરવી પડે આવી પરિસ્થિતિ ન સર્જાય એના માટે પણ માર્ગની **રક્ષા** કરવાની આપણી **જવાબદારી** છે.

અંતમાં **એક દૃષ્ટાંત** આપું છું કે, એકવખત ચોમસાના દિવસોમાં સાસુએ વહુને કહ્યું કે, ધોધમાર વરસાદ પડે છે એટલે નેવા નીચે એક માટલું મૂકી દો વરસાદનું તાજુ પાણી માટલામાં ભરાઈ જશે. આખી રાત વરસાદ થયો. સવારે ઊઠીને વહુએ જોયું તો માટલું ભરાયું નહોતું. શા માટે ? તો નેવાના ધોધ નીચે માટલું ઊંધું મૂક્યું હતું. તેમ અહીં શ્રીમદ્‌ સત્સંગિજીવન ગ્રંથનો **ધોધમાર વરસાદ** વરસ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનો ન કેવળ ઉપદેશ પણ **સિદ્ધાંતોનો અને** ભગવાનની **કૃપાનો વરસાદ** વરસ્યો છે. હવે જેને માટલા ઊંધા મૂક્યા હશે એના ખાલી રહેશે અને સીધા મૂક્યા હશે તેના ભરાશે. માટે અમો આશા રાખીએ છીએ કે, આવા જ્ઞાની શ્રોતાજનો, **સાચા સહજાનંદી સિંહો** ધર્મકુળ આશ્રિત ભક્તો આજે કટીબધ્ધ થયા છે ત્યારે ભગવાન શ્રીહરિના સિદ્ધાંતમાં રહીને આપણે **ભગવાન શ્રીહરિનો જયજયકાર** કરવો છે. કારણ કે, બે પ્રકારની વિખ્યાતિ હોય. જેમ કોઈ આંતકવાદી હોય જેનું નામ રોજ ન્યુઝપેપરમાં છપાતું હોય. એ કાંઈ પ્રસિદ્ધિ નથી કહેવાતી એ કુખ્યાતિ કહેવાય. તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ ખોટી રીતે, ખોટા અર્થમાં અને ભગવાન શ્રીહરિના સિદ્ધાંતો અન્ય રીતે પ્રસ્તુત થાય એવો જગતમાં ફેલાવવો નથી કરવો. પણ શ્રીમદ્‌ સત્સંગિજીવન ગ્રંથે પ્રતિપાદન કરેલો છે, ભગવાન શ્રીહરિએ જે સ્થાપિત કરેલો છે એવા સિદ્ધાંતોમાં રહીને ભગવાન શ્રી સ્વામિનારાયણના નામનો વિશ્વમાં જયજયકાર થાય એવા સંકલ્પથી આજે લંડનના **ધર્મકુળ આશ્રિત ભક્તજનો** કટીબધ્ધ થશો. અને આજે એ રીતે જ ભક્તો કટીબધ્ધ થયા છે તેનો અમોને ઘણો જ આનંદ છે. આ ગ્રંથના શ્રવણથી જે કાંઈ શીખ્યા છીએ તેનો **નિદિધ્યાસ** કરતા રહેશો, આ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વોપરી સ્વરૂપ, સર્વોપરી સિદ્ધાંત એ આપણે ભૂલી ન જઈએ એના માટે **અહર્નિશ અનુસંધાન** રાખજો. અને આપણે જે સિદ્ધાંતોને સમજ્યા છીએ એ બીજા જીવાત્મા સુધી પહોંચે એનું પણ કલ્યાણ થાય અને ભગવાન તેને પણ **સદ્‌બુદ્ધિ** આપે એવી શ્રીહરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં **પ્રાર્થના** સહ..! **'જય શ્રી સ્વામિનારાયણ.'**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






ગઢપુર પ્રદેશના લાઠીદડ (તા.બોટાદ)ને આંગણે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (તા. ૮-૪-૨૦૧૪)






વડોદરા શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ માસિક સત્સંગ સભા તથા મહાપૂજા (તા. ૯-૪-૨૦૧૪)






વિરસદને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ ૧૧ હજાર જનમંગલ પુરશ્ચરણ (તા. ૧૨-૪-૨૦૧૪)






વડતાલ પ્રદેશના ચાંગા (જી. આણંદ)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૧૩-૪-૨૦૧૪)




આણંદને આંગણે શ્રીજી પ્રસાદિભૂત શ્રી રોકડીયા હનુમાનજીના સાનિધ્યમાં હનુમાન જયંતિ પ્રસંગે યોજાયેલ 'શ્રી મારુતિ યજ્ઞ'માં બિરાજમાન ચારેય પ.પૂ. લાલજી મહારાજશ્રી (૧૫-૪-૨૦૧૪)




વડતાલ પ્રદેશના વાઘોડીયા (વડોદરા)ને આંગણે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'હોમાત્મક મહાપૂજા' (તા. ૧૮-૪-૨૦૧૪)




જૂનાગઢ પ્રદેશના દેતડ (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ રાત્રિ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૨૫-૪-૨૦૧૪)





વડતાલ પ્રદેશના વણાદરા (વડોદરા)ને આંગણે પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'એકાદશી સત્સંગ સભા' (તા. ૨૫-૪-૨૦૧૪)







જૂનાગઢ પ્રદેશના રામગઢ-ભુંડણી (તા. રાજુલા) ગામને આંગણે સુહાગીયા પરિવાર દ્વારા પૂ. શા. પ્રેમસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી (તા. ૨૭-૪-૨૦૧૪)







ગઢડા પ્રદેશના મેકડા (તા. સાવરકુંડલા)ને આંગણે લાખાણી પરિવાર દ્વારા યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી (૨૮-૪-૨૦૧૪)






વડતાલ પ્રદેશના સાવલી (વડોદરા)ને આંગણે પ.ભ. શ્રી રમેશભાઈ સોની દ્વારા યોજાયેલ જયેશ સોનીના સુમધુરકંઠે 'કીર્તન સંધ્યા'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૩-૫-૧૪)






શ્રીજીમંદિર-વરાછા સુરતને આંગણે યોજાયેલ માસિક યુવા સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. કોઠારી સ્વામી આદિક સંતો. (તા. ૩-૫-૨૦૧૪)





ગઢડા પ્રદેશના સલડી (અમરેલી)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના પંચાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨-૫-૨૦૧૪)




ડોંબીવલીને આંગણે મંદિર બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




જૂનાગઢ પ્રદેશના ઘનશ્યામપરા (આદસંગ) ગામને આંગણે નૂતન મંદિરના ખાતમૂહૂર્ત પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ. સ્વામી, શ્રી શરદભાઈ વ્યાસ, શ્રી ભક્તિરામ બાપુ.




જૂનાગઢ પ્રદેશના નાળીયેલી-મોલી (તા. ઉના) ગામને આંગણે યોજાયેલ રાત્રિ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૭-૫-૨૦૧૪)




ગઢપુર પ્રદેશના મહુવા શહેરને આંગણે યોજાયેલ મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણમહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ તથા કથાપારાયણ.




સુરત શ્રીજીમંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો યોજાયેલ વાર્ષિક પાટોત્સવમાં અભિષેક-આરતી કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (૧૧-૫-૨૦૧૪)

## સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

### Form - 8

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર |
| ૨. પ્રકાશન સમય | : | માસિક - દર મહિનાની ૨૦મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીજી આર્ટ |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | આશ્રમ રોડ, પાલડી - અમદાવાદ |
| ૪. તંત્રીનું નામ | : | સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |
| ૫. માલિક | : | સાધુ પતિતપાવનદાસજી |
| રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ |

હું સાધુ પતિતપાવનદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** સાધુ પતિતપાવનદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર૦)

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૧-૬-૨૦૧૪

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

## ઘરને ભક્તિમય વાતાવરણ બનાવવા.... આજે જ આપ વસાવો...

સંતો-ભક્તોના ભાવવાહી સુમધુર કંઠે ગવાયેલ તન-મન અને હૃદયને પુલકીત કરતી

# સુમધુર સંગીત સુરાવલી સાથે કીર્તન-ભક્તિની ઓડિયો MP3 CDનો અલૌકિક રસથાળ...

- લાલજીને લટકે
- કીર્તનધારા
- સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના ૧૦૮ કીર્તનપદો
- સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીના કીર્તનપદો
- શ્રી સ્વામિનારાયણ મંગલકારી ધૂન
- વ્હાલાજી-શોભા પદ ગાન - માનસી પૂજા વર્ણન
- નિત્ય સાયં સમારાધના
- હરિવર મારે હાથે જમાડું
- હિંડોરનામે
- મહામંત્ર કીર્તન સરીતા
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન
- શ્રી રઘુવીરજી મહારાજ જીવન-દર્શન
- નંદસંતોની ઉપદેશવાણી
- પ્રભાતિયા
- શ્રીમદ્ સત્સંગિજીવન સંવાદગાથા
- પ્રેમ અમૃતધારા
- ભજન આરાધના
- ભક્તરંજની
- હિતકારી હરિ
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન (યુ.એસ.એ.)
- કીર્તન ભક્તિ સંધ્યા - સરધાર (લાઈવ પ્રોગ્રામ)
- કીર્તન ભક્તિ સંધ્યા - મહુવા (લાઈવ પ્રોગ્રામ)
- કીર્તન ભક્તિ સંધ્યા - જૂનાગઢ (લાઈવ પ્રોગ્રામ)
- છેલકુંવર ઘનશ્યામજી (ડી.જે. કીર્તન)
- પ્રીતમજી પ્યારા
- જપો જન શ્રી ઘનશ્યામ




**પ્રાપ્તિ સ્થાન : સરધાર :** શ્રી સ્વા. મંદિર, તા.જી. રાજકોટ. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૭૬૦૦૦૫૮૫૦૪. **વડતાલ :** શ્રી રઘુવીર વાડી, પૂ. ધર્મવલ્લભ સ્વામી - મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **મહુવા :** શ્રી સ્વા. મંદિર, ખારગેટ - મો. ૮૧૨૮૬૯૧૫૧૫. **ભાવ નગર :** શ્રી સ્વા. મંદિર, ચિત્રા, નારચોકડી - મો. ૯૮૯૮૦૨૫૨૫૧. **સુરત :** શ્રી સ્વા. મંદિર, શ્રીજીનગર વિ-૨ વરાછા રોડ, સ્પીનીંગ મીલની બાજુમાં. મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **ડોંબીવલી :** શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે વિશાળ ફલક પર...

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા**
**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી**

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
## ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે




**તારીખ :**
**૨૯-૧૦-૨૦૧૪**
**થી**
**૬-૧૧-૨૦૧૪**
કારતક સુદ - ૬ થી ૧૫

ઉત્તરાખંડ રાજ્યમાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ એટલે હરિદ્વાર. અહીંથી જ બદ્રિનાથ, કેદારનાથ, યમનોત્રી અને ગંગોત્રી જવાનો માર્ગ હોય, તેથી આ ધામનું પણ મહત્ત્વ ઘણું છે. આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમશિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવા આ મહાન પ્રસાદીના તીર્થસ્થાનમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, નૂતન નવલા દિવસોમાં દેવભૂમિ-તપોભૂમિ**હરિદ્વાર**ને આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના હૃદયગત સિદ્ધાંતને વરેલા અને સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** પ્રસંગે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬** થી **તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫** સુધી **'શ્રી હરિદ્વાર મહોત્સવ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ અતિ ભવ્ય મહોત્સવ પ્રસંગે કથાશ્રવણ સાથે તીર્થદર્શન, અભિષેક દર્શન, અન્નકુટ દર્શન, ધર્મકુળ દર્શન તથા આર્શીવચન તથા પૂ. સંતોના દર્શન તથા આશિષનો દુર્લભ લાભ લેવા આપ સહુને કુટુંબીજનો અને મિત્રમંડળ સહિત પધારવા પુનઃ ભાવભર્યું સસ્નેહ હાર્દિક નિમંત્રણ છે. તો જરૂરાજરૂર પધારશોજી.

**તા. ક.:- હરિદ્વાર મહોત્સવ** પ્રસંગે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા **'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહોત્સવને માણ્યા પછી ઉત્તરભારતના તીર્થદર્શનનો લાભ પ્રાપ્ત થશે. જેની વિગત પાછળ આપવામાં આવી છે.

**આયોજક-નિમંત્રક :- ભંડેરી ઈમ્પેક્ષ - સુરત**
મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી, નિલેશભાઈ કોઠીયા, પ્રવિણભાઈ લાખાણી, શંભુભાઈ મોરડીયા

**મહોત્સવનું પ્રસારણ લક્ષ્ય ચેનલ પર online : www.lakshyatv.com**

## ॥ મહોત્સવમાં આવવા માટેની વ્યવસ્થા ॥



**વિમાન વ્યવસ્થા :-**

મુંબઈ અને દિલ્હીથી દેહરાદુન તેમજ અમદાવાદ, વડોદરા અને સુરતથી દિલ્હી સુધી વિમાનની વ્યવસ્થા ઉપલબ્ધ (દેહરાદુનથી હરિદ્વાર ૬૦ કિ.મી.)



**ટ્રેન વ્યવસ્થા :-**

મુંબઈ, સુરત, અમદાવાદ અને રાજકોટથી હરિદ્વાર તેમજ દિલ્હી સુધીની ટ્રેનો ઉપલબ્ધ.... સરકારના નિયમમુજબ ટીકીટ બુકીંગ બે મહિના અગાઉ કરાવવાની રહેશે. (દિલ્હીથી હરિદ્વાર ૧૫૦ કિ.મી.)

**હરિદ્વાર મહોત્સવ પ્રસંગે....**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત

ઉત્તરભારતની બારમી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**તારીખ :- ૨૭-૧૦-૨૦૧૪ થી ૧૩-૧૧-૨૦૧૪**

**કુલ દિવસ :- ૧૮ ટીકીટ દર :- ૧૨,૮૦૦**

(ટીકીટ બુકીંગ સમયે રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમટીકીટ દીઠ રૂા. ૭,૮૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.)

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :

હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, મથુરા, વૃંદાવન, ગોકુળ

**ખાસનોંધ :-** તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ **રાજકોટ**થી ઉપડશે માટે **હરિદ્વાર** સુધીની યાત્રા દરમ્યાન યાત્રિકે પોતાની રીતે જમવાનું સાથે લાવવાનું રહેશે. તેમજ તીર્થસ્થાનોના દર્શન કરીને ટ્રેનયાત્રાનું **અંતિમ** વિરામસ્થાન **રેલ્વે સ્ટેશન-રાજકોટ** રાખવામાં આવ્યું છે, તેથી યાત્રિકોએ ત્યાંથી પોતાની રીતે પોતપોતાના મુકામસુધી પહોંચવાનું રહેશે.

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી) ૯૪૦૯૪૯૦૮૯૦ (મહેતાજી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨ (પૂ. પ્રેમસ્વામી). **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (કો. પા. સાગર ભગત). **શ્રી સ્વા. મંદિર - ભાવનગર.** મો. ૯૮૯૮૦૨૫૨૫૧ (કો. પા. મેહુલ ભગત), ૯૪૨૬૩૧૪૩૬૮ (અમરશીદાદા). **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬. **મહેશભાઈ - નાગકડા.** મો. ૯૪૨૬૭૧૩૦૧૩. **જગદીશભાઈ - ભરુચ.** મો. ૯૪૨૯૪૨૭૧૦૦. **દુર્લભજીભાઈ - જેતપુર.** મો. ૯૩૨૭૬૦૧૦૦૮. **નિલેશભાઈ - અમરેલી.** મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

yyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyyy

**હરિદ્વાર ઉતારા વિષે માહિતી :-**

હરિદ્વારને આંગણે ઉજવાતા વિશાળકાય મહોત્સવમાં લાભ લેનાર પોતાની રીતે વિમાન યા ટ્રેન કે અન્ય રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા ભક્તજનો માટે જમવાની તથા **ઉતારા**ની વ્યવસ્થા મહોત્સવ સ્થળ ઉપર **ટેન્ટહાઉસ**માં કરવામાં આવશે. પરંતુ યાત્રિક પોતાની રીતે ધર્મશાળા યા હોટલમાં પોતાના ખર્ચે રહા શકશે. મહોત્સવમાં આવનાર તમામભક્તોએ સરધાર મંદિરે પોતાનું નામ-સરનામાની વિગત સાથે આઈકાર્ડની ઝેરોક્ષકોપી ફરજીઆત મોકલવાની રહેશે.

**અન્ય સૂચના :-**

આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમવસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી. આ મહોત્સવમાં પોતાની રીતે ટ્રેન કે અન્ય વાહન દ્વારા મહોત્સવમાં લાભ લેવા પધારનાર કોઈપણ ભક્તની **આર્થિક સ્થિતિ** નબળી હશે તો, યજમાન પરિવાર દ્વારા ભાડાની રકમઆપવામાં આવશે. તેની આવનાર ભક્તજનોએ ખાસ નોંધ લેવી.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી સરધાર ૨૦૧૪

**સરધારધામને આંગણે તા. ૨૦ થી ૨૬-૧૦-૨૦૧૪ સુધી ઓગણીસમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવેલ છે.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુની પુર્ણ કૃપાથી તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી ના રૂડા આશીર્વાદ સહઆજ્ઞાથી...



**વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના ભાવિઆચાર્ય**
**પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સંતમંડળ સાથે...**

# સત્સંગ વિચરણ

## યુ.એસ.એ. - ૨૦૧૪



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**Date : 24th May - 7th July**

## સ્નેહભર્યું આમંત્રણ

વ્હાલા ભક્તજનો

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તથા વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશિર્વાદ સહ આજ્ઞાથી વિદેશમાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી સત્સંગ વૃદ્ધિ, વિકાસ સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોને પોષણ અને બળ આપવા માટે અમેરીકાની ધરતી પર પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સહિત **May 24 – July 7, 2014** સુધી પધારી રહ્યા છે. આપ સર્વે ભક્તજનોને સત્સંગ અને આશીર્વાદનો દિવ્ય લાભ પ્રાપ્ત કરવા સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા સ્નેહભર્યુ નિમંત્રણ છે. તો આપ અવશ્ય પધારી કૃતકૃત્ય બનશો–બનાવશોજી.

Dear Devotees,

With the blessing of **Lord Shree Swaminarayan** and the agyna of **P.P.D.D. shree 1008 Shree Acharya Maharaj Shree Ajendraprasadji Maharaj, Bhavi Acharya shree P. P. 108 Shree Nrigendraprasadji Maharaj** will be making Satsang Vicharan the United States, accompanied by holy saints. This trip is on spiritual guidance for obtaining salvation and peace. We cordially invite you all to take part in this auspicious Satsang.

| Date | Place | Event | Contact Person | Ph No |
|---|---|---|---|---|
| 24th May - 26th May | Shree Swaminarayan Mandir, Wheeling, IL | 23nd Patotsav Mahotsav | Rajnibhai Patel | (773) 531 9687 |
| 27th May - 28th May | Dallas, TX | Satsang Sabha | Ajaybhai Soni | (214) 704 0791 |
| 29th May | Austin, TX | Satsang Sabha | Jigneshbhai Patel | (512) 619 0122 |
| 30th May - 1th June | Houston, TX | Harismruti Katha | Madanmohan Patel | (832) 875 2163 |
| 2nd June - 4th June | Melbourne,Tampa, Ocala, FL | Satsang Sabha | Rakeshbhai Chovatia | (321) 626 2500 |
| 5th June | Charlotte, NC | Satsang Sabha | Hareshbhai Koyani | (704) 521 9680 |
| 6th June - 8th June | Shree Swaminarayan Mandir, Richmond, VA | Satsangi Jivan Parayan | Rajubhai Patel | (804) 536 7262 |
| 9th June - 10th June | North Jersey | Satsang Sabha | Ghanshyambhai Sangani | (201) 679-0697 |
| 11th June | Connecticut | Satsang Sabha | Rajeshbhai Patel | (203) 434 1710 |
| 12th June | Atlantic City, NJ | Satsang Sabha | Vireshbhai Patel | (609) 513-8517 |
| 13th June - 15th June | New Jersey | Satsangi Jivan Parayan | Dhirubhai Patel | (732) 259 3498 |
| 16th June - 17th June | Philadelphia, PA | Satsang Sabha | Jigneshbhai Patel | (215) 593 0593 |
| 18th June - 22nd June | Shree Swaminarayan Mandir, Scranton, PA | Murti Pratishtha Mahotsav | Dineshbhai Patel | (936) 240-3822 |
| 23nd June | Hollidaysburg, PA | Satsang Sabha | Kishorbhai Patel | (814) 932 4539 |
| 24th June - 25th June | Cleveland, OH | Satsang Sabha | Bharatbhai Thakkar | (440) 358 0094 |
| 26th June - 30th June | Toronto, Canada | Satsang Sabha | Jagdishbhai Patel | (416) 277 8556 |
| 1th July - 2nd July | Detroit, MI | Satsang Sabha | Pinakinbhai Patel | (248) 303 8045 |
| 3rd July - 6th July | Shree Swaminarayan Mandir, Wheeling, IL | National Satsang Shibir | Rajnibhai Patel | (773) 531 9687 |

**For More Detail & Live Broadcast @ www.svg.org**




ગઢપુર પ્રદેશના નાના માચીયાળા (જી. અમરેલી) ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ. ભ. શ્રી ઘનશ્યામભાઈ મનુભાઈ કરડના મુખ્ય આર્થિક સહયોથી અને ગ્રામજનોના સાથ-સહકારથી તૈયાર થયેલ
નૂતન શ્રી રામજી મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૨ -૫-૧૪)




જૂનાગઢ પ્રદેશના નાળીયેલી-મોલી (તા. ઉના) ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં
પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૧૧-૫-૨૦૧૪)




ગઢપુર પ્રદેશના ભંડારીયા (તા. ગારીયાધાર) ગામને આંગણે નૂતન શ્રી રામજી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ પ્રસંગે દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૦-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના ફાચરીયા (તા. જાફરાબાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૨ થી ૧૪-૫-૧૪)









જૂનાગઢ પ્રદેશના બાંભણીયા (તા. મહુવા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૨ થી ૧૪-૫-૧૪)




**જૂનાગઢ પ્રદેશના ઘનશ્યામનગર (આદસંગ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ સાંગાણી પરિવાર દ્વારા આયોજીત શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'રજત જયંતિ મહોત્સવ' તથા સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૩ થી ૨૯-૪-૧૪)**

૧-૨-૩. પોથીયાત્રામાં પૂ. વક્તાશ્રી તથા યજમાનશ્રીઓ તથા વિશાળ ઉપસ્થિતિ ભક્ત સમુદાય. ૪. ઠાકોરજી, પોથીજી તથા પૂ. વક્તાશ્રીનું નિત્યપૂજનનો લાભ લેતા યજમાન સાંગાણી પરિવાર. ૫. નિત્ય આરતીનો લાભ લેતા યજમાન પરિવાર. ૬. સંહિતાપાઠના વક્તાશ્રીઓનું પૂજન કરતા યજમાન પરિવાર. ૭. કથા અંતર્ગત ગાદિ-પટ્ટાભિષેક પ્રસંગે ઠાકોરજીનો પંચામૃત જળે કરીને અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાન પરિવાર. ૮. મહોત્સવ પ્રસંગે યોજાયેલ શ્રીહરિયાગ યજ્ઞમાં બીડું હોમતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૯. કથા અંતર્ગત ઠાકોરજી સમક્ષ ધરાવેલ છપ્પનભોગ અન્નકૂટ. ૧૦. પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા યજમાન પરિવાર. ૧૧. અમેરિકા નિવાસી યજમાન પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ સાંગાણીનું સન્માન કરતા મહોત્સવના સંયોજક શ્રી રણછોડભાઈ સાવલીયા તથા શ્રી ભુરાભાઈ સાંગાણી. ૧૨. સાંગાણી પરિવારને મૂર્તિ ભેટ અર્પણ કરીને સન્માન કરતા પૂ. સ્વામી. - મહોત્સવ પધારેલ પૂ. સંતો-મહંતોના આશીર્વાદ ૧૩. પૂ. એસ.પી. સ્વામી - ગઢડા. ૧૪. પૂ. શા. સ્વામી શ્રી પુરુષોત્તમચરણદાસજી - ઝુંડાલ. ૧૫. પૂ. મહંત શા. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી - જૂનાગઢ. ૧૬. પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા. ૧૭. પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા. ૧૮. પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી વિશ્વભંર ભારતી બાપુ - જૂનાગઢ. ૧૯. પૂ. મહંત શ્રી વલ્કુ બાપુ - ચલાલ. ૨૦. પૂ. મહંત શ્રી મુક્તાનંદ બાપુ - ચાંપરડા તથા પૂ. મહંત શ્રી શેરનાથ બાપુ - જૂનાગઢ ૨૧. પૂ. મહંત શ્રી વિજય બાપુ - સતાધાર. ૨૨. પૂ. મહંત શ્રી મહાદેવગીરી બાપુ - જૂનાગઢ.

Swaminarayan Chintan, May - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014

















જૂનાગઢ પ્રદેશના ઘનશ્યામનગર (આદસંગ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ શ્રી જાદવભાઈ ભગવાનભાઈ તથા શ્રી અરવિંદભાઈ રામજીભાઈ તથા શ્રી હનુભાઈ રામજીભાઈ તથા શ્રી ભાનુભાઈ જાદવભાઈ તથા શ્રી ઘનશ્યામભાઈ રામજીભાઈ (USA) તથા શ્રી ઘનશ્યામભાઈ જાદવભાઈ (USA) સાંગાણી પરિવાર દ્વારા આયોજીત શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'રજત જયંતિ મહોત્સવ' તથા સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૩ થી ૨૯-૪-૧૪)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007